દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 305 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 December 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨૪ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



## 100% PURE VEG & JAIN 2025 GROUP TOURS




ITALY | AUSTRIA | SWISS | PARIS | BELGIUM | AMSTERDAM

- ફક્ત અમારી સાથે માણો સ્વિટ્ઝર્લૅન્ડ ના 3 MOUNTAINS - MT. TITLIS WITH ICE FLYER, JUNGFRAU, HARDER KULM WITH FUNICULAR RIDE
- સવાર - બપોર - સાંજ રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ ઘર જેવી રસોઈ ( જૈન પણ )
- કિચન કેરેવાન ની સુવિધા ( SWIZTERLAND & PARIS માં પણ )
- અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીઈંગ નો સમાવેશ
- હાર્ટ ઓફ સ્વિટ્ઝર્લૅન્ડ ઈન્ટરલેકન માં 3 રાત્રી મુકામ (ફક્ત અમારી સાથે)
- લાંબી મુસાફરી દરમિયાન બપોરે ગરમાગરમ મસાલા ચા
- RHINE FALLS માં બોટ રાઈડ
- વેનિસ માં ગન્ડોલા રાઈડ
- GSTAAD - DDLJ પોઈન્ટ
- પેરિસ બાઈ નાઈટ ટુર
- અચેનસી લેક ક્રુઝ

Departures
MARCH - OCTOBER
REGULAR TOURS




COPENHAGEN | OSLO | BERGEN | GEIRANGER | TRONDHIEM | ALESUND | LOFOTEN ISLAND

- રાજસ્થાની મહારાજ ના હાથે બનાવેલ સ્વાદિષ્ટ બોજન
- દરેક સ્થળો ની GUIDED CITY TOUR
- DROTTNINGHOLM PALACE
- TURNING TORSO
- NIDAROS CATHEDRAL
- ATLANTIC OCEAN DRIVE
- DALSNIBBA GLACIER MOUNTAIN
- GEIRANGER FJORD CRUISE
- FLOIBANEN FUNICULAR RIDE
- NORWAY IN NUTSHELL TOUR
- TROLLFJORD CRUISE (LOFOTEN)
- ORESUND BRIDGE ની સફર
- VASA MUSEUM ની મુલાકાત
- OSLO OPERA HOUSE PHOTOSTOP
- LOFOTEN ISLAND GUIDED TOUR
- RINGVE MUSEUM ની મુલાકાત
- અમારા IN HOUSE ગુજરાતી ટુર મેનેજરો ની ઉત્કૃષ્ટ સેવાઓ
- ટુર કિંમત માં વિઝા - ટીપ્સ અને ઈન્સ્યુરેનસ નો સમાવેશ

Departures
MAY - 21 | JUNE - 7,24 | JULY - 11,27

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang




ATHENS | SANTORINI | RHODES | SYMI ISLAND

- રાજસ્થાની મહારાજ સુવિધાઓ સાથે, ગ્રીસ ની અવિસ્મરણીય ટુર
- બે ઈન્ટરનલ ફ્લાઈટ્સ સાથે 1 ઓવર નાઈટ ફેરી ની મુસાફરી
- Rodos Palace જેવી વિશ્વવિખ્યાત હોટેલ માં બાદશાહી મુકામ
- બોલીવુડ મુવીઝ ના શુટિંગ લોકેશન માટે ખુબ જ પ્રખ્યાત એવા Oia Santorini ની યાદગાર મુલાકાત
- સિમી આઈલેન્ડ ની મુલાકાત
- ઉતારા ની હોટેલો ના બેન્કવેટ હોલ માં જ, રાજસ્થાની મહારાજ ના હાથે બનાવેલ સ્વાદિષ્ટ ડીનરો નો રસથાળ
- અમારા IN HOUSE ગુજરાતી ટુર મેનેજરો ની સેવાઓ
- ટુર કિંમત માં વિઝા - ટીપ્સ અને ઈન્સ્યુરેનસ નો સમાવેશ
- SUB MARINE BOAT RIDE & ACROPOLIS MUSEUM
- GREEK CULTURAL SHOW - ZAFIRO WITH DINNER
- 9D SHOW THRONE OF HELIOS

Departures
APRIL - 27 | MAY - 4,11,18 | JUNE - 1 | JULY - 6




LONDON | LIVERPOOL | DUBLIN | BIRMINGHAM
BELFAST | GLASGOW | MANCHESTER

- સ્કોટલેન્ડ માં LOCH LOMOND CRUISE ની રોમાંચક સફર
- સ્કોટલેન્ડ ના પ્રખ્યાત WHISKEY MUSEUM ની મુલાકાત
- વર્લ્ડ હેરિટેજ સાઈટ GAINT CAUSEWAY - આયર્લૅન્ડ ની મુલાકાત
- DARK HEDGES - OLDEST BIRCH TREES OF IRELAND
- EDINGBURGH CASTLE ની ઐતિહાસીક ગાઈડેડ ટુર
- TOWER OF LONDON (કોહીનુર ડાયમંડ સાથે ) ગાઈડેડ ટુર
- MANCHESTER સ્ટેડિયમ ની ગાઈડેડ ટુર
- વિશ્વ વિખ્યાત OXFORD UNIVERSITY ની ગાઈડેડ ટુર
- વર્લ્ડ ફેમસ CADBURY WORLD BIRMINGHAM ની મુલાકાત
- TITANIC MUSEUM ની મુલાકાત
- WINDSOR CASTLE ની મુલાકાત (ROYAL'S FAMILY 2ND HOME)
- STRATFORD UPON AVON - SHAKESPHERE BIRTH PLACE

Departures
APRIL - OCTOBER | REGULAR TOURS

NEVER STOP EXPLORING

FORAM 9324366095 | JAY 9167008678 | DINESH 8591728602 | BHAKTI 9321236935 | DHRUV 8169369686
HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000
WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 305 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 December 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨૪ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કેન્દ્ર સરકારની શિક્ષણ નીતિમાં ફેરફાર થયો

## પાંચમા અને આઠમા ધોરણના વિદ્યાર્થીને નાપાસ ન કરવાનો નિર્ણય રદ

નવી દિલ્હીઃ સરકાર સંચાલિત શાળાના પાંચમા અને આઠમા ધોરણના વિદ્યાર્થીને નાપાસ ન કરવાની નીતિ રદ કરવાનો સરકારે નિર્ણય લીધો છે એમ જણાવતાં શિક્ષણ ખાતાના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું હતું કે પાંચમા અને આઠમા ધોરણના જે વિદ્યાર્થી ફાઈનલ એક્ઝામ પાસ નહીં કરે તેમને નાપાસ કરવાની પરવાનગી સરકારે આપી દીધી છે.

રાઈટ ટુ એજ્યુકેશન ઍક્ટ (આરટીઈ) ૨૦૧૯માં કરવામાં આવેલા સુધારા બાદ દેશના ઓછામાં ઓછા ૧૮ રાજ્યએ પાંચમા અને આઠમા ધોરણની ફાઈનલ એક્ઝામ પાસ ન કરનાર વિદ્યાર્થીને નાપાસ કરવાની પરવાનગી આપતી આ નીતિ અમલમાં મૂકી દીધી છે.

બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ વરસના અંતે લેવામાં આવતી ફાઈનલ એક્ઝામમાં વિદ્યાર્થી પાસ ન થાય અને પ્રમોશનના માપદંડ મુજબનું તેનું પરિણામ ન હોય તો પરિણામ જાહેર થયાના બે મહિનાના સમયગાળામાં તેને ફરી પરીક્ષા આપવાની તક આપવી. જો આ પરીક્ષા પણ વિદ્યાર્થી પાસ ન કરી શકે તો તેને નાપાસ જાહેર કરવો અને તેને ફરી તે જ ધોરણમાં મૂકવો. આ દરમિયાન શાળાના શિક્ષકે વિદ્યાર્થી અને તેના વાલી બંનેને જરૂરી માર્ગદર્શન આપવું, એમ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

પ્રાથમિક શિક્ષણ પૂરું ન થાય ત્યાં સુધી કોઈ પણ વિદ્યાર્થીને શાળામાંથી કાઢી ન મૂકવો એવી સ્પષ્ટતા પણ સરકારે કરી હતી.

પરીક્ષા અને ફેર-પરીક્ષા વિદ્યાર્થીનો વિકાસ કરે તેવી હોવી જોઈએ નહીં કે માત્ર ગોખણપટ્ટીવાળી.

જે વિદ્યાર્થીને નાપાસ કરવામાં આવ્યા હોય શાળાના પ્રિન્સિપાલે તેની યાદી રાખવી તેમ જ આવા વિદ્યાર્થીઓનાં ભણતર પર વધુ ધ્યાન અપાય તેની અને અભ્યાસમાં તેની પ્રગતિ થાય તેની ખાતરી કરવાની રહેશે.

આ જાહેરનામું કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય અને સૈનિક સ્કૂલ સહિત દેશની ૩,૦૦૦ કરતાં પણ વધુ સરકારી શાળાઓને લાગુ પડશે, એમ શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું.

શાળાનું શિક્ષણ રાજ્યનો વિષય હોવાને કારણે રાજ્યો આ મામલે જાતે નિર્ણય લઈ શકશે.

દિલ્હી સહિત ૧૬ રાજ્ય અને બે કેન્દ્રશાસિત પ્રદેશે આ નીતિ અમલમાં મૂકી દીધી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## પુણેમાં ફૂટપાથ પર સૂતેલા પર ટ્રક ફરી વળીઃ ત્રણનાં મોત

પુણેઃ પુણેમાં વહેલી સવારે ફૂટપાથ પર સૂતેલા લોકો પર ટ્રક ધસી આવી હતી જેમાં બે બાળક સહિત ત્રણનાં મોત અને અન્ય છ જણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટના રવિવારે મોડી રાતે ૧૨.૫૫ કલાકે વાઘોલી વિસ્તારમાં બની હતી જ્યાં ફૂટપાથ પર અનેક લોકો સૂતા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

પીડિતોમાં અમરાવતીના મજૂરો અને તેમના પરિવારજનોનો સમાવેશ થાય છે. આ મજૂરો થોડા દિવસ પહેલા જ કામની શોધમાં પુણે આવ્યા હતા.

ટ્રક ડ્રાઇવરની ઓળખ ગજાનન તોતરે (૨૬) તરીકે કરવામાં આવી હતી અને તે દારૂના નશામાં હતો કે નહીં એ અંગે તેની મેડિકલ ટેસ્ટ કરાવવામાં આવી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

કેસનંદ ફાટા વિસ્તાર નજીકની ફૂટપાથ પર અનેક લોકો સૂતા હોય છે જેમાં મોટા ભાગે મજૂરો હોય છે. તેમના ઉપર આ ટ્રક ધસી આવી હતી જેમાં ત્રણ જણનાં મોત થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

મૃતકોની ઓળખ એક વર્ષની વૈભવી પવાર, બે વર્ષનો વૈભવ પવાર અને વિશાલ પવાર (૨૨) તરીકે કરાઇ હતી. 'ડ્રાઇવરની ધરપકડ કરાઇ છે. અકસ્માતનું મૂળ કારણ જાણવાનો પ્રયાસ કરાઇ રહ્યો છે. સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધધવામાં આવ્યો છે. અકસ્માત વખતે ડ્રાઇવરે દારૂ પીધો હતો કે નહીં એ જાણવા તેની મેડિકલ ટેસ્ટ કરવામાં આવી છે', એમ પુણેના એડિશનલ પોલીસ કમિશનર (પૂર્વ પ્રાંત) મનોજ પાટીલે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■



આઈએનએસ તૂસિલઃ ભારતની અત્યાધુનિક ગાઈડેડ મિસાઈલ સ્ટીલ્થ ફ્રીગેટ આઈએનએસ તૂસિલ સોમવારે લંડન પહોંચી હતી. (એજન્સી)

## સમાંતર ફિલ્મોની શરૂઆત કરનારા સર્જક શ્યામ બેનેગલનું અવસાન

મુંબઈઃ દિગ્ગજ ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક અને પટકથાલેખક શ્યામ બેનેગલનું સોમવારે સાંજે ૬:૩૮ વાગે મુંબઈ સેન્ટ્રલસ્થિત વોકહાર્ટ હૉસ્પિટલમાં નિધન થયું હતું એમ જણાવતાં તેમની પુત્રી પિયાએ કહ્યું હતું કે છેલ્લાં કેટલાંય વરસોથી તેઓ કીડનીની ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા હતા.

તેમનાં પરિવારમાં પત્ની નિરા બેનેગલ અને પુત્રી પિયાનો સમાવેશ થાય છે.

હૉસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર બેનેગલને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા.

૭૦ અને ૮૦ના દાયકામાં તેમણે સમાંતર સિનેમાની ઝુંબેશ ચલાવી હતી અને અંકુર, નિશાંત તેમ જ મંથન જેવી યાદગાર ફિલ્મો આપી હતી. તેમણે બનાવેલી અન્ય ફિલ્મોમાં ભૂમિકા, જૂનુન, મંડી, સૂરજ કા સાતવા ઘોડા, મામ્મુ અને સરદારી બેગમ જેવી ક્લાસિકલ ફિલ્મોનો સમાવેશ થાય છે.

જાજ્વલ્યમાન કારકિર્દી દરમિયાન બેનેગલે વિવિધ મુદ્દાઓનું નિરુપણ કરતી ફિલ્મો, ડૉક્યુમેન્ટરી અને 'ભારત એક ખોજ' તેમ જ 'સંવિધાન' સહિતની ટીવી સિરિયલો બનાવી હતી.

દિગ્ગજ ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક શ્યામ બેનેગલે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં અનેકવાર કહ્યું હતું કે તેઓ ડાયાલિસિસ માટે અવારનવાર હૉસ્પિટલ જાય છે. (એજન્સી)

## મુઝફ્ફરનગરમાં અયોધ્યાની ઘટના બાદ બંધ શિવ મંદિર ફરી ખૂલ્યું

મુઝફ્ફરનગર (યુપી) : કોતવાલી પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના મુખ્યત્વે મુસ્લિમ વિસ્તાર લુધાવાલામાં એક શિવ મંદિર સોમવારે 'હવન' સાથે ફરીથી ખોલવામાં આવ્યું હતું.શિવ મંદિર ૧૯૭૧માં બાંધવામાં આવ્યું હતું. જો કે, ૧૯૯૨માં અયોધ્યાની ઘટનાને કારણે સર્જાયેલા સાંપ્રદાયિક તણાવ દરમિયાન, સ્થાનિક હિંદુ પરિવારોએ સ્થળાંતર કરવું પડ્યું હતું, તેઓ મંદિરની મૂર્તિઓ અને 'શિવલિંગ' તેમની સાથે લઈ ગયા હતા અને ત્યારથી મંદિર બંધ હતું.

સિટી મેજિસ્ટ્રેટ વિકાસ કશ્યપે પુષ્ટિ કરી હતી કે પુનઃઉદ્ઘાટન અને સંબંધિત સમારંભો શાંતિપૂર્ણ રીતે હાથ ધરવામાં આવ્યા હતા. કશ્યપે જણાવ્યું હતું કે, ''મંદિરમાં તમામ કાર્યો કોઈપણ ખલેલ વિના કરવામાં આવ્યા હતા. વાતાવરણ સૌહાર્દપૂર્ણ હતું અને સ્વામી યશવીર મહારાજના નેતૃત્વમાં હિન્દુ કાર્યકર્તાઓ શાંતિપૂર્ણ રીતે પાછા ફર્યા હતા,'' કશ્યપે જણાવ્યું હતું કે સંવાદિતાના અદ્ભુત પ્રદર્શનમાં, સ્થાનિક મુસ્લિમોએ હિંદુ કાર્યકરોના સરઘસનું સ્વાગત કર્યું હતું અને તેઓ મંદિર તરફ જતા હતા ત્યારે તેમના પર ફૂલોની વર્ષા કરી હતી.

સ્વામી યશવીર મહારાજે મંદિરમાં શુદ્ધિકરણ સમારોહનું નેતૃત્વ કર્યું, જેમાં 'હવન' અને અન્ય ધાર્મિક વિધિઓ સામેલ હતી. ''આ અમારા માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે. શિવ મંદિર વર્ષોથી બંધ હતું, પરંતુ આજે તે યોગ્ય શુદ્ધિકરણ પછી ફરીથી ખોલવામાં આવ્યું છે,'' એવી તેમણે ટિપ્પણી કરી હતી. સ્વામીએ ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે મંદિર શુદ્ધિકરણ સમારોહ પછી ૨૩ ડિસેમ્બરે ફરી ખૂલશે.

આ વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. ઘટના દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ કર્યું હતું.

## પિલિભિતમાં એન્કાઉન્ટરઃ ત્રણ ખાલિસ્તાની આતંકવાદી ઠાર

પિલિભિત/ચંડીગઢઃ ગુરુદાસપુરમાં કરવામાં આવેલા ગ્રેનેડ હુમલામાં સંડોવાયેલા હોવાનું મનાતા ત્રણ ખાલિસ્તાની આતંકવાદીને પિલિભિતમાં સોમવારે વહેલી સવારે થયેલા એન્કાઉન્ટરમાં પોલીસે ઠાર કર્યા હતા.

પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી સંગઠન વિરુદ્ધની આ મોટી સફળતા હોવાનું ડીજીપી ગૌરવ યાદવે કહ્યું હતું.

પિલિભિતના પુરાણપુર વિસ્તારમાં ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસની સંયુક્ત ટીમ તેમ જ ખાલિસ્તાન ઝિંદાબાદ સભ્યો વચ્ચે અથડામણ થઈ હતી એમ જણાવતાં ડીજીપી યાદવે કહ્યું હતું કે ઠાર મરાયેલા ત્રણે આતંકવાદીને વરિન્દરસિંહ ઉર્ફે રવિ (૨૩), ગુરવિન્દરસિંહ (૨૫) અને જશનપ્રિતસિંહ (૧૮) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.





એન્કાઉન્ટરઃ ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસે સંયુક્ત રીતે હાથ ધરેલી કાર્યવાહીમાં ગુરુદાસપુરમાં કરવામાં આવેલા ગ્રેનેડ હુમલામાં સંડોવાયેલા ત્રણ ખાલિસ્તાની આતંકવાદીને ઠાર મારવામાં આવ્યા હતા અને તેમની પાસેથી ત્રણ એકે-૪૭ રાઈફલ, ગ્લૉક પિસ્તોલ અને મોટા પ્રમાણમાં દારૂગોળો કબજે કરવામાં આવ્યો હતો. (એજન્સી)

આ ત્રણે કાલાનૌર પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિસ્તારના રહેવાસી હતા અને પંજાબના ગુરુદાસપુર જિલ્લાના કાલાનૌરસ્થિત બક્ષીવાલા પોલીસ સ્ટેશન પરના હુમલાના આરોપી હતા.

એડીજી (ઉત્તર પ્રદેશ પોલીસ) અમિતાભ યશે કહ્યું હતું કે આ ત્રણે ગુરુદાસપુરસ્થિત પોલીસ ચેક પોસ્ટ પર કરવામાં આવેલા હુમલામાં સંડોવાયેલા હતા.

એન્કાઉન્ટરમાં આ ત્રણે ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને સારવારાર્થે સીએચસી પુરાણપુર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન આ ત્રણેનું મૃત્યુ થયું હોવાનું તેમણે કહ્યું હતું.

તેમની પાસેથી ત્રણ એક-૪૭ રાઈફલ, ગ્લૉક પિસ્તોલ અને મોટા પ્રમાણમાં દારૂગોળો કબજે કરવામાં આવ્યો હતો.

આ ત્રણે અન્ય કયા આતંકવાદી જૂથો સાથે સંકળાયેલા હતા તેની જાણકારી મેળવવા તપાસ ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

## દોઢ વર્ષમાં વિક્રમજનક સરકારી નોકરી અપાઈઃ વડા પ્રધાન મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભારપૂર્વક કહ્યું હતું કે છેલ્લાં દોઢ વર્ષમાં વિક્રમજનક ૧૦ લાખ કરતાં પણ વધુ યુવકોને કાયમી સરકારી નોકરી અપાઈ છે.

૭૧,૦૦૦ લોકોને જ્યાં નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા એ રોજગાર મેળામાં આવેલા લોકોને વર્ચ્યુઅલી સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે અગાઉની કોઈ પણ સરકારે તેમની મુદતના સમયગાળા દરમિયાન મિશન મોડ પર આટલા મોટા પ્રમાણમાં દેશના યુવકોને નોકરી પૂરી નથી પાડી.

અમારી સરકારની નીતિ અને કાર્યક્રમમાં દેશના યુવાનો કેન્દ્રસ્થાને છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભરતીની પ્રક્રિયામાં પ્રામાણિકતા અને પારદર્શિતાનો ઉમેરો થયો છે.

'રોજગાર મેળા' દેશના યુવાનોનું સશક્તિકરણ કરવાનું અને તેમની ક્ષમતાને બહાર લાવવાનું કામ કરે છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આજનો યુવક નવા આત્મવિશ્વાસ સાથે દરેક ક્ષેત્રમાં સફળતા મેળવી રહ્યો છે.

ભરતી કરવામાં આવેલા લોકોમાં મહિલાઓનું પ્રમાણ મોટું હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે મહિલાઓ દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર બને તે દિશામાં અમારી સરકાર કામ કરી રહી છે.

મહિલાઓને છ મહિનાની મેટરનિટી લીવ આપવાના સરકારના નિર્ણયે તેમને કારકિર્દીમાં ઘણી મદદ કરી છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે પીએમ આવાસ યોજના હેઠળ નિર્માણ કરવામાં આવેલા ઘરનાં માલિકોમાં મહિલાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

દેશમાં મહિલાઓનાં નેતૃત્વમાં વિકાસ થઈ રહ્યો છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભારતીય યુવાનોની ક્ષમતા તેમ જ કુશળતાનો સર્વાધિક ઉપયોગ કરવો એ અમારી સરકારની પ્રાથમિકતા છે અને સ્ટાર્ટઅપ, ડિજિટલ ઈન્ડિયા કે સ્પેસ ઍન્ડ ડિફેન્સ સેક્ટરમાં થઈ રહેલાં સુધારાનાં કેન્દ્રસ્થાને દેશના યુવાનો જ છે.





રોજગાર મેળોઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'રોજગાર મેળા' અંતર્ગત નવા ભરતી કરાયેલા લોકોને સોમવારે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે નિમણૂક પત્ર આપ્યા હતા. (એજન્સી)

નેશનલ એજ્યૂકેશન પોલિસી (એનઈપી)એ યુવાનોના વિકાસની દિશામાં ડગ માંડ્યું છે એમ જણાવી મોદીએ માતૃભાષાના ઉપયોગ પર ભાર મૂક્યો હતો.

યુવાનો જુદી જુદી ૧૩ ભારતીય ભાષામાં ભરતીની પરીક્ષા આપી શકશે એ પ્રકારની અમારી સરકારે ખાતરી આપ્યા બાદ પરીક્ષાર્થીઓ માટે ભાષા અવરોધરૂપ નહીં બને, એમ તેમણે કહ્યું હતું.

ભૂતપૂર્વ વડા પ્રધાન ચરણસિંહની જન્મજયંતી નિમિત્તે બોલતાં મોદીએ કહ્યું હતું કે ચરણસિંહ હંમેશાં ગ્રામીણ ભારતના વિકાસ તેમ જ પ્રગતિ માટે લડ્યા હતા અને અમારી સરકારે ગામડાંઓમાં રોજગારની તક ઊભી કરી તેમનું અનુસરણ કર્યું છે.

આ વર્ષના આરંભમાં ચરણસિંહને ભારતરત્નથી નવાજવાનું સૌભાગ્ય અમારી સરકારને પ્રાપ્ત થયું હોવાનું તેમણે કહ્યું હતું.

કાર્યક્રમને સંબોધન કરતાં કેન્દ્રિય પ્રધાન જિતેન્દ્રસિંહે કહ્યું હતું કે ૭૧,૦૦૦ નવી ભરતીમાં ઓબીસીનું પ્રમાણ ૨૯ ટકા છે.

યુપીએ સરકારનાં ૧૦ વર્ષના શાસનકાળની સરખામણીએ મોદી સરકારના ૧૦ વર્ષના શાસનકાળ દરમિયાન ભરતીમાં પછાત જાતિની ટકાવારીમાં ૨૭ ટકાનો વધારો થયો છે તો અનુસૂચિત જાતિ અને જનજાતિનું પ્રમાણ અનુક્રમે ૧૫.૮ ટકા અને ૯.૬ ટકા રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

દેશના વિકાસનો આધાર યુવાનોની ક્ષમતા, સખત પરિશ્રમ અને નેતૃત્વ પર રાખે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે.

અમારી સરકારની નીતિ અને નિર્ણયો દેશના પ્રતિભાશાળી યુવાનોનું સશક્તિકરણ કરવા પર કેન્દ્રીત છે જેને કારણે ભારત હવે વિશ્વનું પાંચમા ક્રમાંકનું સૌથી મોટું અર્થતંત્ર અને ત્રીજા ક્રમાંકનું સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવતો દેશ છે.

રમતગમતના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનોને હવે વિશ્વાસ છે કે અત્યાધુનિક તાલિમ સુવિધાને કારણે તેઓ ટુર્નામેન્ટમાં નિષ્ફળ નહીં જાય. દેશ વિવિધ ક્ષેત્રમાં સંક્રમણમાંથી પસાર થઈ રહ્યો છે અને વિશ્વમાં બીજા ક્રમાંકનો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બની ગયો છે.

અક્ષત ઊર્જા, ઑર્ગેનિક ખેતી, અવકાશ, સંરક્ષણ, પ્રવાસન, વેલનેસ સહિતના ક્ષેત્રમાં દેશ હરણફાળ ભરી રહ્યો છે અને દરેક ક્ષેત્રમાં તકો ઊભી કરી નવી ઊંચાઈ સર કરી રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## હરિયાણામાં હોટલના પાર્કિંગમાં ત્રણ લોકોની ગોળી મારી હત્યા

ચંડીગઢઃ હરિયાણાના પંચકુલામાં એક હોટલના પાર્કિંગમાં અજાણ્યા હુમલાખોરોએ એક મહિલા સહિત ત્રણ લોકોની ગોળી મારી હત્યા કરી હતી. આ જાણકારી પોલીસે સોમવારે આપી હતી.

આ ઘટના રવિવારે રાત્રે બની હતી. પિંજોરના સ્ટેશન હાઉસ ઓફિસર ઇન્સ્પેક્ટર સોમબીરના જણાવ્યા અનુસાર પીડિતોની ઓળખ દિલ્હીના વિક્કી અને વિપિન અને હિસારની નિયા તરીકે થઇ છે. પોલીસે જણાવ્યું કે હોટલના પાર્કિંગમાં અજાણ્યા હુમલાખોરોએ ત્રણેયની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. પંચકુલાના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ(ક્રાઇમ) અરવિંદ કંબોજે જણાવ્યું કે ત્રણેય લોકો જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપવા માટે આવ્યાં હતાં ત્યારે આ ઘટના બની હતી.

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘પુષ્પા-૨’ના વિવાદના કારણે અલ્લુની ઈમેજને ફટકો પડ્યો જ છે

**અલ્લુ** અર્જુનની ફિલ્મ ‘પુષ્પા ૨’ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે અને નવા નવા રેકોર્ડ બનાવીને ભારતના ઈતિહાસની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બનવા તરફ આગળ વધી રહી છે ત્યારે બીજી તરફ ફિલ્મના પ્રીમિયરમાં થયેલા મહિલાનાં મોતનો વિવાદ પણ આગળ વધી રહ્યો છે. આ મહિલાના મોતના સંદર્ભમાં રવિવાર હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ અલ્લુ અર્જુનના ઘરમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો પણ સિક્યુરિટી અને પોલીસે તેમને ઘૂસવા ન દીધા તો ઘરની બહાર તોડફોડ કરીને સંતોષ માન્યો. આ વિદ્યાર્થીઓએ પુષ્પા-૨ના પ્રીમિયર દરમિયાન હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં થયેલી નાસભાગમાં મૃત્યુ પામેલી મહિલાના પરિવારને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની માગણી કરી છે.

‘પુષ્પા ૨’ના કારણે અલ્લુ અર્જુન અત્યારે દેશભરમાં છવાયેલો છે તેથી આ ઘટનાને જોરદાર મીડિયા કવરેજ મળ્યું છે એ કહેવાની જરૂર નથી. અર્જુનન ઘરમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા વિદ્યાર્થીઓ પણ ચમકી ગયા અને ચેનલો પર આવી ગયા. પોલીસે આ કેસમાં ૮ વિદ્યાર્થીઓની ધરપકડ કરી હતી પણ તેમને જામીન પર છોડી મુકાયા છે. વિદ્યાર્થીઓએ મહિલાના પરિવારને ૧ કરોડ રૂપિયા વળતર ના અપાય તો ફરી અલ્લુ અર્જુનના ઘરે હલ્લાબોલ કરવાની ચીમકી આપી છે.

અલ્લુ અર્જુન શું કરશે એ ખબર નથી પણ સંધ્યા થિયેટરમાં મહિલાના મોતના મુદ્દે જે રીતે દર અઠવાડિયે કંઈક ને કંઈક ધમાધમી થયા કરે છે એ જોતાં આ બધું ‘પુષ્પા ૨’ ફિલ્મની પબ્લિસિટીનો ભાગ તો નથી ને એવી શંકા જાગે છે. અલ્લુ અર્જુનની ટીમે જ વિદ્યાર્થીઓને અલ્લુના ઘર ધમાલ કરવા મોકલ્યા હોય એવી શક્યતા નકારી ના શકાય કેમ કે આ ધમાલ પછી અલ્લુ અર્જુન ફરી રીતે લોકોની સહાનુભૂતિ મેળવી શકે છે. એક તો તેના ફેન્સને એવું લાગે કે, અલ્લુની સંડોવણી જ નથી એવા કેસમાં તેને બલિનો બકરો બનાવાઈ રહ્યો છે ને બીજું મહિલાના પરિવારને વધારે વળતર આપીને અલ્લુ હીરો બની શકે.

અલ્લુ અર્જુને મહિલાના પરિવારને પહેલાં જ ૨૫ લાખ રૂપિયા આપી દીધા છે ને હજુ બીજા ૭૫ લાખ આપવાની માગણી થઈ રહી છે. અલ્લુ અર્જુન માલદાર પાર્ટી છે અને ‘પુષ્પા ૨’માં કમાણી કરીને વધુ માલદાર બન્યો છે એ જોતાં એ કદાચ મહિલાના પરિવારને ૧ કરોડ રૂપિયા વળતર તરીકે આપી દે ને વિદ્યાર્થીઓએ ફરી અલ્લુ અર્જુનના ઘરે હલ્લાબોલ કરવાની જરૂર ના પડે એવું બને. ‘પુષ્પા ૨’ ના ચાલી હોત તો પણ અલ્લુ અર્જુન માટે ૧ કરોડ રૂપિયા મોટી રકમ નથી એ જોતાં એ મહિલાના પરિવારને વળતરની માગણી સ્વીકારી શકે. આ માગણી સ્વીકારે એટલે અલ્લુની સારા માણસ તરીકેની ઈમેજ મજબૂત થાય ને તેનો લાભ ‘પુષ્પા ૨’ ફિલ્મને મળે. આ ગણતરીથી અલ્લનિા ઘરે ધમાલ કરાવાઈ હોય એ શક્ય છે.

‘પુષ્પા ૨’એ એક જ અઠવાડિયામાં ૧૦૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી દીધો હતો અને માત્ર ૮ દિવસના અંતે ૧૦૮૬ કરોડ રૂપિયાનો બંપર વકરો કરીને ‘પુષ્પા ૨’એ નવો રેકોર્ડ બનાવ્યો હતો. જો કે એ પછી ફિલ્મ ઢીલ પડી છે અને છેલ્લા નવ દિવસમાં બીજો લગભગ ૪૨૫ કરોડનો વકરો કરીને ૧૭ દિવસમાં ૧૫૧૦ કરોડ રૂપિયાની કમાણી પર પહોંચી છે. ભારતના ફિલ્મ ઈતિહાસની સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ આમીર ખાનની દંગલ છે. ૧૯૧૪ કરોડ રૂપિયાની કમાણી સાથે ‘દંગલ’ આ યાદીમાં ટોપ પર છે. ‘પુષ્પા ૨’એ ‘દંગલ’ને પછાડીને ભારતના ફિલ્મ ઈતિહાસની સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બનવું હોય તો બીજા ૪૦૦ કરોડ કરતાં વધારે કમાણી કરવી પડે.

‘પુષ્પા ૨’એ શઆતમાં ભલે જબરદસ્ત કમાણી કરી હોય પણ પહેલા ૮ દિવસમાં ‘દંગલ’ની કમાણીના અડધો રસ્તે જ પહોંચી હતી. કોઈ પણ ફિલ્મ સમય જાય તેમ ઢીલી પડી જાય છે અને ‘પુષ્પા ૨’ના કિસ્સામાં પણ એવું થઈ જ રહ્યું છે કેમ કે પહેલા ૮ દિવસમાં કરી તેનાથી અડધી કમાણી પણ બીજા ૮ દિવસમાં થઈ નથી. આ હિસાબે તો દંગલને પછાડવામાં કદાચ બીજો મહિનો જોઈએ ને હવે ફિલ્મો એટલી ચાલતી નથી. શાહરૂખ ખાનની પઠાણ અને જવાન બંનેએ શરૂઆતમં ધડાધડ કમાણી કરી લીધેલી પણ પછી ૧૦૦૦ કરોડ રૂપિયાના આંકડા પર પહોંચીને ઠપ્પ થઈ ગઈ.

‘પુષ્પા ૨’ના કિસ્સામાં પણ એવું બની શકે કેમ કે બીજી ફિલ્મોની જેમ તેની પણ પાયરેટેડ પ્રિન્ટ ઈન્ટરનેટ પર આવી ગઈ છે તેથી લોકો ડાઉનલોડ કરીને મફતમાં મોબાઈલ પર કે લેપટોપ પર કે સ્માર્ટ ટીવી પર જોઈ રહ્યા છે. તેના કારણે જ બીજા અઠવાડિયામાં ફિલ્મનો વકરો ઘટવા માંડ્યો છે. આ કલેક્શન સાવ ઘટી જાય એ પહેલાં પબ્લિસિટી સ્ટંટ કરીને અલ્લુ અર્જુનની તરફેણમાં સહાનુભૂતિનું મોજું ઊભું કરવા પબ્લિસિટી સ્ટંટ કરાયો હોય એ શક્ય છે.

જો કે પબ્લિસિટી સ્ટંટ હોય કે ના હોય પણ આ ઘટનાને જે રીત ચગાવાઈ તેના કારણે અલ્લુ અર્જુનની ઈમેજને ફટકો પડ્યો જ છે. અલ્લુ અર્જુને પોતે શનિવારે પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકાર્યું કે, પુષ્પા ૨ના પ્રીમિયરમાં હૈદરાબાદમાં થયેલી નાસભાગ માટે મને જવાબદાર ગણવામાં આવી રહ્યો છે અને કેટલાક લોકો જાણીજોઈને મારું ચારિત્ર્ય હનન કરી રહ્યા છે. હું ઇન્ડસ્ટ્રીમાં ૨૦ વર્ષથી છું અને મેં જે સન્માન અને વિશ્વસનીયતા મેળવી હતી તે એક જ દિવસમાં નાશ પામી છે. આ કારણે હું અપમાનિત થયો હોઉં એવું અનુભવી રહ્યો છું.

અલ્લુની વાત ખોટી નથી કેમ કે આ ઘટનામાં ટોચના રાજકારણીઓ અલ્લુ વિરોધી નિવેદનો આપી રહ્યાં છે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ શનિવારે વિધાનસભામાં કહ્યું કે અલ્લુ અર્જુન બેદરકાર હતો અને મોતની માહિતી મળવા છતાં થિયેટરમાંથી બહાર ન આવ્યો અને રોડ શો કર્યો હતો. અસદુદ્દીન ઓવૈસીના ભાઈ અને એઆઈએમઆઈએમના ધારાસભ્ય અકબરુદ્દીન ઓવૈસીએ તો ત્યાં સુધી કહ્યું કે, અલ્લુ અર્જુનને નાસભાગ અને મહિલાના મૃત્યુ વિશે માહિતી આપવામાં આવી ત્યારે તેણે કહ્યું હતું કે હવે ફિલ્મ હિટ થશે.

અલ્લુ અર્જુન ખરેખર એ રીતે વર્તેલો કે બોલેલો એ કોઈને ખબર નથી પણ આ પ્રકારની વાતો કોઈ પણ વ્યક્તિ માટે અણગમો પેદા કરતી હોય છે. અલ્લુ માટે પણ લોકોના મોટા વર્ગને અણગમો થયો હોય એ શક્ય છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, મંગળવાર, તા. ૨૪-૧૨-૨૦૨૪

- ભારતીય દિનાંક ૩, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૨મો,માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૩મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૨-૨૬ સુધી, પછી ચિત્રા.
- ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૧-૫૦ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : રાત્રે ક. ૧૯-૫૨, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૨૮ (તા. ૨૫)
- ઓટઃ બપોરે ક. ૧૨-૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૫ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - નવમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સૂર્ય-મંગળ ગ્રહદેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, પુરુસુક્ત, શ્રીસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજન, દુકાન-વેપાર, નવા વસ્રો, આભૂષણ, મહેંદી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું, બિલીનું વૃક્ષ વાવવું, નિત્ય થતાં દસ્તાવેજના કામકાજ, માલ લેવો, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ લાગણીવાળા, ગુરુ-શનિ ચતુષ્કોણ નિર્ણય શક્તિનો અભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ગુરુ-શનિ ચતુષ્કોણ (તા. ૨૫) બુધ જયેષ્ઠા યુતિ, ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

# બેંગલૂરુના સોફ્ટવેર એન્જિનિયરે ‘ડિજિટલ અરેસ્ટ’ કૌભાંડમાં ૧૧.૮ કરોડ રૂપિયા ગુમાવ્યા

બેંગલુરુઃ બેંગલુરુનાં એક ૩૯ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયરે ‘ડિજિટલ અરેસ્ટ’ કૌભાંડમાં ૧૧.૮ કરોડ રૂપિયા ગુમાવ્યા હોવાનો મામલો જાણવા મળ્યો હતો.

પોલીસે સોમવારે જણાવ્યું હતું કે ૨૫ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બરની વચ્ચે છેતરપિંડી થઈ હતી અને પોતે પોલીસ અધિકારીઓ હોવાનો ઢોંગ કરનારા છેતરપિંડી કરનારાઓએ દાવો કર્યો હતો કે મની લોન્ડરિંગ માટે બૅન્ક એકાઉન્ટ્સ ખોલવા માટે એન્જિનિયરના આધાર કાર્ડનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે .

પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે ૧૧ નવેમ્બરે તેને એક વ્યક્તિનો ફોન આવ્યો જેણે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારી હોવાનો દાવો કર્યો હતો. કથિત અધિકારીએ દાવો કર્યો હતો કે તેના સિમ કાર્ડ, જે આધાર કાર્ડ સાથે લિંક છે, તેનો ઉપયોગ ગેરકાયદેસર જાહેરાતો અને ઉત્પીડન સંદેશાઓ માટે કરવામાં આવ્યો હતો.

છેતરપિંડી કરનારે વધુમાં આરોપ લગાવ્યો હતો કે મુંબઈના કોલાબા સાયબર પોલીસ સ્ટેશનમાં આના સંબંધમાં કેસ નોંધવામાં આવ્યો છે.

બાદમાં, તેને એક પોલીસ અધિકારી હોવાનો દાવો કરનાર વ્યક્તિનો ફોન આવ્યો જેણે આરોપ લગાવ્યો હતો કે તેની આધાર વિગતોનો મની લોન્ડરિંગ માટે બૅન્ક એકાઉન્ટ ખોલવા માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે, એમ એફઆઈઆરમાં જણાવાયું છે.

છેતરપિંડી કરનારે તેને આ બાબતને ગુપ્ત રાખવાની ચેતવણી આપી હતી અને કથિત રીતે તેને ધમકી પણ આપી હતી કે જો તે વર્ચ્યુઅલ તપાસમાં સહકાર નહીં આપે તો તેની પ્રત્યક્ષ ધરપકડ કરવામાં આવશે.

તે પછી, તેને એક વ્યક્તિનો ફોન પણ આવ્યો જેમાં તેને સ્કાયપે એપ ડાઉનલોડ કરવાનું કહ્યું હતું, જેના પગલે કથિત રીતે મુંબઈ પોલીસના યુનિફોર્મમાં સજ્જ એક વ્યક્તિએ તેને વીડિયો-કોલ કર્યો હતો અને દાવો કર્યો હતો કે એક વેપારીએ તેના આધારનો ઉપયોગ કરીને રૂ. ૬ કરોડ, એફઆઈઆરમાં વધુમાં જણાવ્યું હતું. જો કે, ૨૫ નવેમ્બરના રોજ પોલીસ યુનિફોર્મમાં અન્ય એક વ્યક્તિએ તેને સ્કાઈપ પર ફોન કર્યો અને આરોપ લગાવ્યો કે તેના કેસની સુનાવણી સર્વોચ્ચ અદાલતમાં ચાલી રહી છે અને જો તે પાલન નહીં કરે તો તેના પરિવારની ધરપકડ કરવાની ધમકી આપી હતી.

ફરિયાદી અનુસાર, રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકાને ટાંકીને, છેતરપિંડી કરનારાઓએ કથિત રીતે તેને ‘‘વેરિફિકેશન હેતુઓ’’ના બહાને અમુક ખાતાઓમાં ફંડ ટ્રાન્સફર કરવા અથવા કાનૂની પરિણામોનો સામનો કરવા કહ્યું હતું.

એફઆઈઆર મુજબ, પીડિતે ધરપકડના ડરથી સમયાંતરે વિવિધ બૅન્ક ખાતાઓમાં બહુવિધ વ્યવહારોમાં કુલ રૂ. ૧૧.૮ કરોડ ટ્રાન્સફર કર્યા હતા. જો કે, જ્યારે તેઓએ વધુ પૈસાની માગ કરવાનું શરૂ કર્યું, ત્યારે પીડિતને સમજાયું કે તે છેતરપિંડીનો શિકાર બની ગયો છે અને તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આ મામલે આઇ ટી એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે. ■

# આમરણ ઉપવાસ પર બેઠેલા ખેડૂત નેતા દલ્લેવાલની સ્થિતિ નાજુકઃ હૃદયરોગનો ખતરો

નવી દિલ્હીઃ પંજાબ અને હરિયાણાની ખનૌરી બોર્ડર પાસે ખેડૂતો ઘણા સમયથી આંદોલન કરી રહ્યા છે. ખેડૂતનેતા નેતા જગજીત સિંહ ડલ્લેવાલ આમરણાંત ઉપવાસ પર છે, આજે સોમવારે તેમના ઉપવાસનો ૨૮મો દિવસ છે. અહેવાલ મુજબ તેમની હાલત નાજુક છે. ડૉક્ટરોના જણાવ્યા મુજબ તેમને હૃદયરોગનો હુમલો અને ઑર્ગન ફેઇલ્યોરનું જોખમ છે.

મિનિમમ સપોર્ટ પ્રાઈઝ અને અન્ય માગણીઓ સહિત આંદોલનકારી ખેડૂતો ખનૌરી બોર્ડર પાસે જમા થયા છે. માગણીઓ સ્વીકારવા માટે કેન્દ્ર પર દબાણ વધારવા ૨૬ નવેમ્બરથી ૭૦ વર્ષીય ખેડૂત નેતા ડલ્લેવાલ આમરણાંત ઉપવાસ પર છે. યુનાઈટેડ કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચા દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ડૉક્ટરોની સલાહ બાદ ડલ્લેવાલ રવિવારે મંચ પર આવ્યા ન હતા. ૨૭ દિવસ સુધી સતત ઉપવાસને કારણે તેમની રોગપ્રતિકારક શક્તિ ખૂબ જ નબળી પડી ગઈ છે, જેના કારણે તેમને ચેપનો ખતરો છે.

ડલ્લેવાલના સ્વાસ્થ્ય પર નજર રાખનાર એક ડૉક્ટરે પત્રકારોને જણાવ્યું કે, ‘‘તેમના હાથ અને પગ ઠંડા પડી ગયા છે. ભૂખ તેમના નર્વસ સિસ્ટમ, લીવર અને કિડની જેવાં અંગોને અસર કરી રહી છે. તેમનું બ્લડ પ્રેશરમાં પણ વધઘટ થઈ રહ્યું છે, જે ચિંતાનો વિષય છે.’’

તેમણે જણાવ્યું હતું કે ડલ્લેવાલને ‘ઓર્થોસ્ટેટિક હાયપોટેન્શન’ પોઝિટિવ આવ્યું છે, જે લો બ્લડ પ્રેશરની સ્થિતિ છે, જેથી ચક્કર આવવા, માથાનો દુખાવો અને બેભાન થવાનું કારણ બની શકે છે. સામાન્ય રીતે આવા દર્દીઓને આઈસીયુમાં દાખલ કરવાની જરૂર પડે છે. તેમને હાર્ટ એટેકનો ખતરો છે અને તેની હાલત નાજુક છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પંજાબના પૂર્વ મુખ્ય પ્રધાન ચરણજીત સિંહ ચન્ની શનિવારે સાંજે વિરોધ સ્થળ પર પહોંચ્યા અને ડલ્લેવાલને મળ્યા.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ડલ્લેવાલના આમરણ ઉપવાસના સમર્થનમાં ૨૪ ડિસેમ્બરે સાંજે ૫.૩૦ વાગ્યે દેશભરમાં કેન્ડલ માર્ચ કાઢવામાં આવશે. તેમણે કહ્યું કે જ્યારે ૨૬ ડિસેમ્બરે ડલ્લેવાલના ઉપવાસને એક મહિનો પૂરો થશે ત્યારે તાલુકા અને જિલ્લા સ્તરે સવારે ૧૦થી સાંજના ૪ વાગ્યા સુધી પ્રતીકાત્મક ભૂખ હડતાળ કરવામાં આવશે. ■

# બાંગ્લાદેશે શેખ હસીનાના પ્રત્યર્પણની માગ કરી

ઢાકાઃ બાંગ્લાદેશની વચગાળાની સરકારે સોમવારે કહ્યું કે તેણે પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાને ઢાકા પરત મોકલવા માટે ભારતને રાજદ્વારી નોંધ મોકલી છે.

૭૭ વર્ષીય હસીના, પાંચ ઓગસ્ટથી ભારતમાં નિર્વાસિત જીવન જીવી રહ્યાં છે. એમને ૧૬ વર્ષના શાસન બાદ વિદ્યાર્થી આંદોલનને નામે થયેલા રાષ્ટ્રીય વિરોધ વખતે જીવ બચાવવા દેશ છોડવો પડ્યો હતો.

ઢાકા સ્થિત ઇન્ટરનેશનલ ક્રાઇમ્સ ટ્રિબ્યુનલે હસીના અને કેટલાક ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીઓ, સલાહકારો અને લશ્કરી અને નાગરિક અધિકારીઓ માટે ‘‘માનવતા અને નરસંહાર વિરુદ્ધના ગુનાઓ’’ માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે.

‘‘અમે ભારત સરકારને એક નોંધ (રાજદ્વારી સંદેશ) મોકલ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશ ન્યાયિક પ્રક્રિયા માટે તેમને અહીં પાછી માગે છે,’’ એમ વિદેશી બાબતોના સલાહકાર અથવા વાસ્તવિક વિદેશ પ્રધાન તૌહિદ હુસૈને તેમના કાર્યાલયમાં પત્રકારોને જણાવ્યું હતું.

વહેલી સવારે, ગૃહ સલાહકાર જહાંગીર આલમે જણાવ્યું હતું કે તેમના કાર્યાલયે વિદેશ મંત્રાલયને પત્ર મોકલ્યો છે જેથી કરીને હાંકી કાઢવામાં આવેલા વડા પ્રધાનના ભારતમાંથી પ્રત્યાર્પણની સુવિધા મળે.

‘‘અમે તેના પ્રત્યાર્પણ અંગે વિદેશ મંત્રાલયને પત્ર મોકલ્યો છે. હાલમાં પ્રક્રિયા ચાલી રહી છે,’’ તેમણે એક પ્રશ્નના જવાબમાં પત્રકારોને જણાવ્યું હતું.

આલમે કહ્યું કે ઢાકા અને નવી દિલ્હી વચ્ચે પ્રત્યાર્પણ સંધિ પહેલાથી જ અસ્તિત્વમાં છે અને સંધિ હેઠળ હસીનાને બાંગ્લાદેશ પરત લાવી શકાય છે. ■

# દિલ્હી ચૂંટણીઃ ભાજપનો કેજરીવાલ વિરુદ્ધ ‘આરોપપત્ર’ જારી, આપને સત્તા પરથી હટાવવાનો સંકલ્પ

નવી દિલ્હીઃ વરિષ્ઠ ભાજપ નેતા અનુરાગ ઠાકુરે સોમવારે ‘આપ’ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ‘આરોપપત્ર’ જારી કર્યું હતું. જેમાં તેમના પર શ્રેણીબદ્ધ ‘કૌભાંડો’ દ્વારા દિલ્હીને ‘ભ્રષ્ટાચારની પ્રયોગશાળા’માં ફેરવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જો કે ભાજપના નેતાના આરોપો પર આમ આદમી પાર્ટી(આપ) તરફથી તાત્કાલિક કોઇ પ્રતિક્રિયા આવી નથી.

દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપના રાજ્ય એકમે આરોપપત્ર સમિતિની રચના કરી છે, જેણે શાસક આપ ધારાસભ્યોની અત્યાર સુધીની કથિત નિષ્ફળતાઓને સૂચિબદ્ધ કરતો એક વિગતવાર અહેવાલ જારી કર્યો છે. ઠાકુરે આરોપ લગાવ્યો કે આ કેવો પક્ષ છે જે ભ્રષ્ટાચારમુક્ત સરકારનું વચન આપીને સત્તામાં આવ્યો, પરંતુ તે દારૂ નીતિ, દિલ્હી જળ બોર્ડ, ડીટીસી, વક્ફ બોર્ડ સાથે સંબંધિત આઠથી નવ કૌભાંડોમાં સામેલ છે.

ઠાકુરે નારો આપ્યો કે ‘કૌભાંડ પછી કૌભાંડ, કેજરીવાલે દિલ્હીને ભ્રષ્ટાચારની પ્રયોગશાળા બનાવી દીધી’ અને કહ્યું કે ભાજપ દિલ્હીમાં આપને સત્તા પરથી હટાવી દેશે.

નોંધનીય છે કે ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભા માટે આવતા વર્ષે ફેબ્રુઆરીમાં ચૂંટણી યોજાવાની છે. પૂર્વ કેન્દ્રીય પ્રધાને શિક્ષણ અને સ્વાસ્થ્યને લઇને પણ આપ અને કેજરીવાલ પર નિશાન સાધ્યું હતું. ■

# અમેરિકાના કોલોરાડોમાં લિફ્ટમાં તિરાડ પડતાં ૧૭૪ પ્રવાસીઓના જીવ અદ્ધરતાલ, આબાદ બચાવ

વિન્ટર પાર્ક (કોલોરાડો): અમેરિકાના કોલોરાડો રાજ્યમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં એક મોટી દુર્ઘટના ટળી હતી. અહીં ‘સ્કી લિફ્ટ’માં તિરાડ પડવાને કારણે તેમાં ફસાયેલા ૧૭૪ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

આ ઘટના અંગે અધિકારીઓએ જણાવ્યું કે સ્કી લિફ્ટમાં કેવી રીતે તિરાડ પડી તે અંગે તપાસ ચાલી રહી છે. આ ઘટના ત્યારે બની જ્યારે પ્રવાસીઓ વિન્ટર પાર્ક રિસોર્ટમાં હિમવર્ષાનો આનંદ માણવા અને સ્કીઇંગ કરવા જઈ રહ્યા હતા. ડેનવરથી લગભગ ૧૧૩ કિમી પશ્ચિમમાં સ્થિત વિન્ટર પાર્ક રિસોર્ટના પ્રવક્તા જેન મિલરે જણાવ્યું કે શનિવારે બપોર પછી રિસોર્ટની લિફ્ટ આપમેળે બંધ થઈ ગઈ હતી. લિફ્ટના એક ભાગમાં તિરાડ જોવા મળી હતી. તેમણે જણાવ્યું કે લગભગ પાંચ કલાકની મહેનત બાદ લિફ્ટમાં બેઠેલા લોકોને દોરડાની મદદથી નીચે ઉતારવામાં આવ્યા હતા.વિન્ટર પાર્ક રિસોર્ટના પ્રવક્તા જેન મિલરે જણાવ્યું કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. તેમણે જણાવ્યું કે રવિવારે લિફ્ટના જે ભાગમાં તિરાડ પડી તેને કામદારો બદલી રહ્યા છે. ટૂંક સમયમાં ફરી લિફ્ટ સેવા શરૂ કરવામાં આવશે.

# બ્રાઝિલમાં ગ્રામાડો પ્લેન ક્રેશઃ એક જ પરિવારના ૧૦ લોકોનાં મોત, બેની હાલત ગંભીર

બ્રાઝીલિયાઃ બ્રાઝિલના લોકપ્રિય પ્રવાસન સ્થળ ગ્રામાડો શહેરમાં વિમાન દુર્ઘટના સર્જાઈ છે. એક નાનું વીમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં તમામ ૧૦ મુસાફરો અને ક્રૂનાં મોત થયાં હતાં. બ્રાઝિલની સિવિલ ડિફેન્સ એજન્સીએ આ દુર્ઘટના અંગે આ જાણકારી આપી છે.

બ્રાઝિલની સિવિલ ડિફેન્સ એજન્સીએ ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું કે ગ્રામાડોના મુખ્ય રહેણાક વિસ્તારમાં ઍરક્રાફ્ટ પહેલાં એક ઘરની ચીમની સાથે અથડાયું, પછી બિલ્ડિંગના બીજા માળે અથડાયું અને ત્યાર બાદ મોબાઈલ ફોનની દુકાન સાથે અથડાયું. જમીન પરના ૧૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા અને તેમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જેમાંથી બેની હાલત ગંભીર છે.

અકસ્માતનું કારણ શું હતું તે હજુ સ્પષ્ટ થયું નથી. બ્રાઝિલની સિવિલ ડિફેન્સ એજન્સીએ જણાવ્યા અનુસાર, વિમાનમાં સવાર તમામ ૧૦ મુસાફરો અને ક્રૂનાં મૃત્યુ થયાં હતાં. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ કે વિમાનમાં સવાર મુસાફરો એક પરિવારના સભ્યો હતા અને રિયો ગ્રાન્ડે દો સુલ રાજ્યના અન્ય શહેરથી સાઓ પાઉલો રાજ્યમાં મુસાફરી કરી રહ્યા હતા.

ગ્રામાડો સેરા ગૌચા પર્વતોમાં સ્થિત છે અને બ્રાઝિલના પ્રવાસીઓમાં લોકપ્રિય છે, આ શહેર ઠંડા હવામાન, હાઇકિંગ ટ્રેલ્સ અને આર્કિટેક્ચર માટે જાણીતું છે. આ શહેર ૧૯મી સદીમાં મોટી સંખ્યામાં જર્મન અને ઇટાલિયન ઇમિગ્રન્ટ્સ દ્વારા સ્થાપવામાં આવ્યું હતું અને નાતાલની રજાઓ ગાળવા માટેનું લોકપ્રિય સ્થળ છે. ■

# ભારતમાં ડાયાબિટીસના દર્દીઓ માટે નિડલ ફ્રી ઈન્સ્યુલીન ઉપલબ્ધ થશે

નવી દિલ્હી : ભારતમાં ડાયાબિટીસના દર્દીઓ માટે સારા સમાચાર આવ્યા છે. જેમાં મળતી માહિતી મુજબ સીપલા કંપનીને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન તરફથી ભારતમાં અફ્રેઝા ઈન્હેલેશન પાઉડરનું વિતરણ અને માર્કેટિંગ કરવા માટે મંજૂરી મળી છે. યુ.એસ.માં મેનકાઇન્ડ કોર્પોરેશન દ્વારા વિકસાવવામાં આવેલ અફ્રેઝા બ્રાન્ડની દવા ડાયાબિટીસના પુખ્ત વયના દર્દીઓ માટે અતિ મહત્ત્વનું ઇન્જેકશન વિનાનું ઈન્સ્યુલીન છે.

અફ્રેઝા એ ઇન્હેલર દ્વારા ઝડપી અસર કરતું ઇન્સ્યુલિન છે. જે પરંપરાગત ઇન્જેકશન વાળા ઈન્સ્યુલીનના બદલે માત્ર નાકથી શ્વાસથી લઈ શકશે. જે ભોજનની શરૂઆતમાં લેવામાં આવે છે. જે શ્વાસમાં લેવાથી ઝડપથી ઓગળી જાય છે અને ૧૨ મિનિટની અંદર લોહીમાં પ્રવેશ કરે છે. તેમ જ શરીરના કુદરતી ઈન્સ્યુલીન સાથે કાર્ય કરે છે. આ દવાની અસર ૨-૩ કલાક રહે છે અને ભોજન પછી સુગરના વધારાને નિયંત્રિત કરવા માટે અસરકારક રહે છે. આ નવી પ્રકારની સારવાર ટાઇપ ૧ અને ટાઇપ- ૨ ડાયાબિટીસ બંનેની સારવાર માટે ઉપલબ્ધ પ્રથમ બિન-ઇન્જેકટેબલ ઈન્સ્યુલીન છે. જે અનેક વખત દૈનિક ઇન્જેક્શનની જરૂરિયાતને દૂર કરીને દવા અફ્રેઝા વધુ આરામદાયક અને અનુકૂળ વિકલ્પ પૂરો પાડે છે. ખાસ કરીને એવા દર્દીઓ માટે છે જેઓ ઇન્જેકશનથી મુશ્કેલી અનુભવે છે. ■

# હરિયાણામાં ચાર બાળકનાં મોત

હિસારઃ હરિયાણાના હિસાર જિલ્લાના બુડાના ગામમાં ઈંટના ભઠ્ઠાની દીવાલ ધરાશાયી થતાં ચાર બાળકોના મોત થયા છે. પોલીસે સોમવારે જણાવ્યું હતું કે બાળકો સૂઇ રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટનામાં એક બાળકી ગંભીર રીતે ઘાયલ થઈ છે. તેમણે કહ્યું કે મૃતકોની ઓળખ નિશા (ત્રણ મહિના), સૂરજ (નવ), નંદિની (પાંચ) અને વિવેક (નવ)ના રૂપમાં થઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર બુડાનામાં ઇંટના ભઠ્ઠાઓ પર ઉત્તર પ્રદેશના ઘણા શ્રમિક પરિવારો કામ કરે છે.

ભઠ્ઠામાં ઇંટો બનાવવાનું અને ચીમની પાસે થાંભલા લગાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે. બાળકો અને કેટલાક શ્રમિકો ભઠ્ઠાની દીવાલ પાસે સૂતા હતા ત્યારે તે તેમના પર પડી હતી. ■

# માથે પચીસ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતા કુખ્યાત નક્સલીની છત્તીસગઢમાં ધરપકડ

કાંકેરઃ માથે પચીસ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતા કુખ્યાત નક્સલવાદી નેતાની છત્તીસગઢના કાંકેર જિલ્લામાં સુરક્ષા દળો દ્વારા ધરપકડ કરવામાં આવી હોવાની માહિતી એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ સોમવારે આપી હતી અને તેને ડાબેરી ઉગ્રવાદ સામેની લડાઈમાં નોંધપાત્ર સફળતા ગણાવી હતી.

બસ્તર (રેન્જ) આઈજીપી સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે, પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદી)ના દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટી મેમ્બર પ્રભાકર રાવ ઉર્ફે બાલમુરી નારાયણ રાવની રવિવારે જિલ્લાના અંતાગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પ્રભાકર રાવ સામે છત્તીસગઢ સહિત અનેક રાજ્યોમાં ડઝનબંધ ફોજદારી કેસ નોંધાયેલા છે. તે ઓડિશા, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢના ટોચના માઓવાદી નેતાઓનો નજીકનો સહયોગી છે.

૫૭ વર્ષીય પ્રભાકર, લોજિસ્ટિક સપ્લાયનો પ્રભારી છે અને તેના માથા પર ૨૫ લાખ રૂપિયાનું ઈનામ હતું.

તેમણે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી, કાંકેર જિલ્લા પોલીસને પ્રભાકર રાવની પ્રવૃત્તિઓ વિશે માહિતી મળી રહી હતી. માહિતીના આધારે, સુરક્ષા દળોએ ઘેરીને એની ધરપકડ કરી હતી.

અંતાગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાવની ઊલટતપાસ ચાલી રહી છે.

ઉત્તર બસ્તર ક્ષેત્રના માઓવાદી સંગઠનના એક મહત્ત્વપૂર્ણ કેડર રાવની ધરપકડ સુરક્ષા દળો માટે એક મહત્ત્વપૂર્ણ સફળતા છે અને તે નક્સલી પ્રવૃત્તિઓને કાબૂમાં લેવામાં એક ધાર આપશે. ■

# અમદાવાદમાં અસામાજિક તત્ત્વોએ ડૉ. બાબાસાહેબની પ્રતિમા ખંડિત કરતાં સ્થાનિકો રોષે ભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાને સંસદમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર પર આપેલા નિવેદન મુદ્દે ચાલતા વિવાદ વચ્ચે અમદાવાદના ખોખરા વિસ્તારમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાના નાકને અસામાજિક તત્ત્વોએ તોડી નાખતાં લોકો રોષે ભરાયા હતા. આ ઘટના અંગે સ્થાનિકોએ પોલીસને જાણ કરતાં ખોખરા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ પ્રતિમાની આસપાસ રહેલી ચાલીના લોકો સવારથી જ ધરણાં પર બેસી ગયા હતા. આ ઘટના મુદ્દે અમદાવાદના અમરાઈવાડીના કૉંગી કૉર્પોરેટરે બાબાસાહેબની પ્રતિમાનું નાક તોડવા મુદ્દે આવાં અસામાજિક તત્ત્વોની તાત્કાલિક ધરપકડ કરી તેમનો જાહેરમાં વરઘોડો કાઢવા માગ કરી હતી. બીજી તરફ રોષે ભરાયેલા સ્થાનિકોએ કહ્યું હતું કે, જ્યાં સુધી પ્રતિમાને નુકસાન પહોંચાડનાર તત્ત્વો નહીં પકડાય ત્યાં સુધી રસ્તા પરથી નહીં હટીએ.

આ ઘટના બાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ અંગે એસીપી કુણાલ દેસાઈએ મીડિયાને કહ્યું હતું કે, આ મુદ્દે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. આરોપીઓની ધરપકડ કરવા માટે તજવીજ હાથ ધરાઈ છે. તે ઉપરાંત મણીનગરના ધારાસભ્ય અમૂલ ભટ્ટ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે સ્થાનિક રહીશોને ખાતરી આપી હતી કે, આગામી ૨૪ કલાકમાં આરોપીઓને પોલીસ પકડી પાડશે. ઝડપથી કાર્યવાહી થાય તેના માટે અમે રાજ્ય સરકારમાં રજૂઆત કરી છે અને પોલીસ સાથે પણ ચર્ચા કરી છે.

# અમદાવાદના ખ્યાતિકાંડ બાદ સરકારે પીએમજય-મા યોજના માટે નવી ગાઈડલાઈન જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ખ્યાતિ હૉસ્પિટલના કાંડ બાદ હવે સરકારે પીએમજય-મા યોજના માટે નવી ગાઈડલાઈન જાહેર કરી હતી. આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલ દ્વારા અલગ અલગ સારવાર માટેની અલગ અલગ ગાઈડલાઈન જાહેર કરાઈ હતી. આ નવી ગાઈડલાઈન મુજબ દર્દીની એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હોય તેના પરિવાર અને આરોગ્ય વિભાગને પણ પુરાવારૂપે સીડી આપવાની રહેશે. તે ઉપરાંત કાર્ડિયોલૉજી સેવાઓ માટે ફૂલ ટાઇમ કામ કરતાં સેન્ટરોને જ આ યોજના માટે માન્યતા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સરકારે જાહેર કરેલી નવી ગાઈડલાઈન પ્રમાણે હવે કાર્ડિયોલૉજીની સેવાઓ માટે કાર્ડિયોલૉજિસ્ટ તથા કાર્ડિયોથોરેસિક સર્જન સાથે ફૂલ ટાઈમ કામ કરતાં હોય તેવાં સેન્ટરોને જ કાર્ડિયોલૉજીના ક્લસ્ટર માટે માન્યતાપ્રાપ્ત ગણવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત હૉસ્પિટલો ખાતે ફૂલ ટાઇમ કાર્ડિયાક એનેસ્થેટિસ્ટ તથા ફિઝિયોથેરાપિસ્ટ રાખવા આવશ્યક રહેશે. ખાસ કિસ્સામાં ઇમર્જન્સી સારવાર અતિઆવશ્યક હોય તેવા સંજોગોમાં જ ફક્ત કાર્ડિયોલૉજીની સેવાઓ આપતા સેન્ટર એન્જિયોપ્લાસ્ટી કરી શકશે.

હૉસ્પિટલોએ એન્જિયોગ્રાફી તેમ જ એન્જિયોપ્લાસ્ટીની સીડી અને વીડિયોગ્રાફી પ્રિઓથના સમયે અપલોડ કરવાની રહેશે. ઇમર્જન્સી કેસમાં સીડી અને વીડિયોગ્રાફી સારવાર બાદ અપલોડ કરવાની રહેશે. નિષ્ણાત તબીબોનાં સૂચન બાદ ઓન્કોલૉજી એટલે કે કેન્સરની વિવિધ પ્રોસિઝર સારવાર માટેની પણ નવીન માર્ગદર્શિકા બનાવવામાં આવી છે.

કેન્સરના દર્દીની જરૂરિયાત મુજબ યોગ્ય સારવારનો પ્લાન નક્કી કરવા માટે મેડિકલ ઓન્કોલૉજિસ્ટ, સર્જિકલ ઓન્કોલૉજિસ્ટ અને રેડિયેશન ઓન્કોલૉજિસ્ટની સંયુક્ત પેનલ ટ્યૂમર બોર્ડ તરીકે નિર્ણય લઈ ટ્યૂમર બોર્ડ સર્ટિફિકેટમાં દર્દીનો ટ્રીટમેન્ટ પ્લાન નક્કી કરશે. ટ્યૂમર બોર્ડ સર્ટિફિકેટ ફરજિયાત અપલોડ કરવાનું રહેશે. દર્દીને કેન્સરની યોગ્યત્તમ સારવાર મળી રહે તે માટે ઇમેજ ગાઈડેડ રેડિએશન થેરાપીમાં કોન બીમ કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી સિસ્ટમ ઇમેજ કિલો વોટમાં જ લેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

કેન્સરની ટ્રીટમેન્ટ માટેની રેડિયેશન થેરાપીમાં યોગ્ય સારવાર અને પેકેજીસ પસંદગીની સુગમતા રહે તે માટે રેડિયેશનના પેકેજીસમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. મહિલાઓમાં જોવા મળતા કેન્સર જેવા કે, ગર્ભાશયના, મુખનું કેન્સર, યોનિમાર્ગનું કેન્સર કે અન્ય કેન્સર જ્યાં બ્રેકીથેરાપી જરૂરી હોય, તેવા કિસ્સાઓમાં જે હૉસ્પિટલ પાસે બ્રેકી થેરાપીની સગવડ છે, ત્યાં જ પીએમજય-મા અંતર્ગત સારવાર આપવાની રહેશે, બ્રેકી થેરાપી માટે હૉસ્પિટલનું ટાઈ-અપ ચલાવવામાં આવશે નહીં. રેડિયોથેરાપી મશીન માટે નક્કી થયેલા ક્વૉલિટી કન્ટ્રોલના માપદંડનું પાલન કરી હૉસ્પિટલે રેકોર્ડ નિભાવવાનો રહેશે.

રાજ્યની તમામ હૉસ્પિટલો ખાતે સારવાર સંબધિત કામગીરીનું સઘન મોનિટરિંગ કરવા માટે સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટને વધુ સુદૃઢ બનાવવામાં આવેલું છે. યોજના અંતર્ગત ખાનગી હૉસ્પિટલો દ્વારા આચરવામાં આવતી છેતરપિંડીના બનાવો અટકાવા માટે સરકારી તેમ જ સરકારી મૅડિકલ કૉલેજમાંથી અલગ ટીમની રચના કરવામાં આવી છે. જે ટીમના નિર્દેશ પ્રમાણે તેમના જિલ્લામાં એમપેનેલ્ડ હૉસ્પિટલની મુલાકાત લઈ સારવાર સંબંધિત પૂરતી ચકાસણી કરશે અને લાભાર્થીની કોઈ ફરિયાદ હશે તો તે સરકારને ધ્યાને મૂકશે.

# ગુજરાતમાં કેટરિંગ અને મંડપ ડેકોરેશનના વેપારીઓ પર સ્ટેટ જીએસટીની તવાઈઃ પાંચ કરોડથી વધુની કરચોરી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જીએસટી વિભાગ દ્વારા અલગ અલગ વેપારીઓને ત્યાં સર્ચ ઑપરેશન કરવામાં આવ્યું હતું, પાર્ટી પ્લોટ, મંડપ, શણગાર અને કેટરિંગ સેવાઓ પૂરી પાડતા વેપારીઓને ત્યાં કાર્યવાહીથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. રાજ્યભરમાં ૬૭ સ્થળોએ સર્ચની કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યના અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, ભરૂચ, ખેડા, નડિયાદ અને વડોદરા વગેરે શહેરોમાં હાથ ધરવામાં આવેલા આ રાજ્યવ્યાપી સર્ચ ઓપરેશનમાં ગેરરીતિઓ બહાર આવી હતી. પ્રારંભિક મૂલ્યાંકન મુજબ અંદાજે રૂા. ૨૪.૮૯ કરોડના બિનહિસાબી વ્યવહારો સાથે આશરે રૂા. ૫.૪૨ કરોડની કરચોરી પકડાઈ હતી. ગુજરાત સ્ટેટ જી.એસ.ટી. વિભાગ સરકારની તિજોરીને નુકસાન પહોંચાડતાં તત્ત્વો તેમ જ લોકો કરચોરી નહિ કરી કાયદાનું પાલન કરતાં થાય તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. લગ્નસરાની મોસમ દરમિયાન વિવિધ ચીજોનું વેચાણ થતું હોય છે. જેમાં મોટા ભાગે બિલ વગર જ સોદાઓ થતા હોય છે. જેના પગલે હાલમાં જ રાજ્યમાં બિલ વગર માલસામાન વેચાણ કરીને અને સરકારની તિજોરીને નુકસાન પહોંચાડતા વેડિંગ ગાર્મેન્ટ્સના સપ્લાયર્સ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. વેડિંગ ગાર્મેન્ટ્સના બીટુસી સપ્લાયર્સ પર કાર્યવાહી મામલામાં વેડિંગ ગાર્મેન્ટ્સના સપ્લાયર્સ પાસેથી રૂપિયા ૬.૭૦ કરોડની કરચોરી ઝડપાઈ હતી અને હવે મંડપ ડેકોરેશન, કેટરિંગ સર્વિસ સહિત પાર્ટી પ્લોટ ભાડે આપવામાં જે આર્થિક વ્યવહારો થતા હોય છે તેના પર વૉચ રાખવામાં આવી રહી છે.

# આજે સુરેન્દ્રનગરમાં રાજયકક્ષાનો રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ ઊજવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્યકક્ષાનો રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ ઊજવાશે, ગુજરાત સરકારના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ અને નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી, ગાંધીનગર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવશે. જેમાં જળસંપત્તિ અને પાણીપુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગના પ્રધાન કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવારના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલ, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગર ખાતે ગ્રાહક સુરક્ષા જાગૃતિ અન્વયે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન - ૨૦૨૪ વર્ચ્યુએલ હિયરિંગ એન્ડ ડિજિટલ એક્સેસ ટુ કન્ઝ્યુમર જસ્ટિસની થીમ સાથે ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, સંસદસભ્ય ચંદુભાઈ શિહોરા, સર્વે ધારાસભ્ય કિરીટસિંહ રાણા, શામજીભાઈ ચૌહાણ, પ્રકાશભાઈ વરમોરા, પરસોતમભાઈ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ હરિકૃષ્ણભાઈ પટેલ, સુરેન્દ્રનગર-વઢવાણ નગરપાલિકાનાં પ્રમુખ જીજ્ઞાબેન પંડ્યા ઉપસ્થિત રહેશે. સમગ્ર ભારતમાં ગ્રાહકોના અધિકારો અને જરૂરિયાતો અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૨૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે વિવિધ જગ્યાએ ગ્રાહક જાગૃતિ અંગેના સેમિનાર યોજીને ગ્રાહકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. આ વર્ષે વર્ચ્યુએલ હિયરિંગ એન્ડ ડિજિટલ એક્સેસ ટુ કન્ઝ્યુમર જસ્ટિસની થીમ સાથે સમગ્ર ભારતમાં ઊજવાશે. હાલના આધુનિક અને ટેકનોલૉજીના યુગમાં દરેક તબક્કે નવીન ટેકનોલૉજી અપનાવવી આવશ્યક બની છે. ત્યારે આ વર્ષની થીમ પણ ગ્રાહકોને યોગ્ય ન્યાય અપાવવા માટે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવા સૂચિત કરે છે. સૌપ્રથમ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ વર્ષ ૨૦૦૦માં મનાવવામાં આવ્યો હતો. ગ્રાહક સુરક્ષા અધિનિયમનો ઉદ્દેશ ગ્રાહકોને વિવિધ પ્રકારના શોષણ જેવા કે ખામીયુક્ત માલ, સેવાઓમાં ઊણપ અને અયોગ્ય વેપારવ્યવહાર સામે અસરકારક રીતે રક્ષણ પૂરું પાડવાનો છે.

# ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં નવ બ્લડ બૅન્ક, ૧૧ સ્ટોરેજ સેન્ટર ખૂલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોને બ્લડ બૅન્ક કે બ્લડ સ્ટોરેજ સેન્ટરની સુવિધા મળી રહે તે હેતુથી ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીએ પહેલ કરી છે, આગામી વર્ષ ૨૦૨૫માં નવી ૯ બ્લડ બૅન્ક અને ૧૧ બ્લડ સ્ટોરેજ સેન્ટર ખોલશે. રાજ્યમાં દર ૫૦ કિલોમીટર કે ૧ કલાકના અંતરમાં બ્લડ બૅન્ક કે બ્લડ સ્ટોરેજ સેન્ટર મળી રહે તે માટે સમગ્ર પ્લાન તૈયાર કરાયો છે.

રેડ ક્રોસ સંસ્થાના સેક્રેટરીના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૫માં ગાંધીનગર, મહેસાણા, રાધનપુર, કડી, જૂનાગઢ, પોરબંદર, છોટાઉદેપુર, અંજાર અને કોડિનારમાં નવી બ્લડ બૅન્ક ખૂલશે. જ્યારે શામળાજી, ઉના, તાલાલા, અંકલેશ્વર, વાંસદા, ધંધુકા, ડભોઈ, મહુવા, અંબાજી, કામરેજ અને સિહોરમાં નવા સ્ટોરેજ સેન્ટર શરૂ થશે.

રેડ ક્રોસ સંચાલિત બ્લડ બૅન્ક અને સ્ટોરેજ સેન્ટર્સ મારફતે દર વર્ષે ૨ લાખ કરતાં વધુ બ્લડ યુનિટ પૂરું પડાય છે. અંતરિયાળ વિસ્તારોમાં બ્લડની સમસ્યાને પ્રાથમિકતા આપીને ત્યાંનાં સ્થળો પર સહેલાઈથી બ્લડ માત્ર ૧ કલાકના અંતરે મળે તે માટે કાર્ય ચાલુ છે. બધાં સેન્ટરો પરથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત બ્લડ સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરાઈ છે.

# ઈ-સરકારમાં ચાર વર્ષમાં એક કરોડથી વધારે ઈ-ટપાલ તેમ જ ૩૧ લાખથી વધુ ઈ-ફાઈલ ક્રિએટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડિજિટલ યુગમાં સરકારી કચેરીઓને પેપરલેસ બનાવીને કાર્યક્ષમતામાં વધારો કરવાની ગુજરાત સરકારની પહેલ ઇ-સરકાર રાજ્યની તમામ સરકારી કચેરીઓ અને વિભાગોમાં સફળતાપૂર્વક સંચાલિત ઇ-સરકાર પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ સુધી ક્રિએટેડ ઇ-ટપાલ્સની અંદાજિત કુલ સંખ્યા ૧ કરોડથી વધારે નોંધાઈ છે. આ ઉપરાંત અંદાજે ૩૧ લાખથી વધુ ઈ-ફાઈલ ક્રિએટ કરવામાં આવી છે. આ કામગીરીને સુવ્યવસ્થિત બનાવવા ૧.૨૦ લાખથી વધુ વપરાશકર્તાઓની નોંધણી કરવામાં આવી છે.

રાજ્ય સરકારની ઇ-સરકાર પહેલને વર્ષ ૨૦૨૨માં પ્રતિષ્ઠિત સ્કોચ ઑર્ડર ઑફ મેરિટ અને વર્ષ ૨૦૨૪માં ૧૫મા ડિજિટલ ટ્રાન્સફૉર્મેશન કોન્ક્લેવ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ઇ-સરકારમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેમ કે ડાયરેક્ટ આર.ટી.આઈ. સબમિશન હેઠળ નાગરિકો કોઈ પણ ઑફિસમાં આર.ટી.આઈ. એપ્લિકેશન સીધી સબમિટ કરી શકે છે.

મેટાડેટા અને ટ્રાન્ઝેક્શનલ પ્રક્રિયા દ્વારા ઝડપી અને વધુ સચોટ દસ્તાવેજની પુનઃપ્રાપ્તિ થઈ શકે છે. આ ઉપરાંત ઇ-સરકારમાં વેલીડેશન અને રિપોર્ટ્સ, સીએમઓ એક્ઝિક્યુટિવ ડેશબોર્ડ સાથે એકીકરણ, સિલેક્ટ ઑર્ડર ફાઈલ જેવી સુવિધાઓ પણ આપવામાં આવી છે. આ પ્રોજેક્ટના માધ્યમથી રાજ્ય સરકાર દ્વારા પેપરલેસ ગવર્નન્સ પ્રણાલી અમલમાં લાવવામાં આવી છે, જેથી કોઈ પણ રેકર્ડ અને ફાઈલો કાયમી સ્વરૂપે સાચવી શકાશે અને પારદર્શિતામાં વધારો થશે.

# ગુજરાતમાં ચાર વર્ષમાં સોલાર પવન ઊર્જાના ઉત્પાદનમાં ૮૬ ટકાનો વધારોઃ દેશમાં બીજા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રીન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં ૫૦૦ ગીગાવોટ વીજ ઉત્પાદનનું લક્ષ્ય હાંસલ કરવા ભારત દેશ આગળ વધી રહ્યો છે. જેમાં ગુજરાતમાં છેલ્લાં ચાર વર્ષમાં સોલાર-પવન ઊર્જા ઉત્પાદનમાં ૮૬ ટકાનો વધારો થતાં રાજ્ય દેશમાં બીજા ક્રમે પહોંચી ગયું છે. ગુજરાતમાં ૨૦૧૯-૨૦માં રીન્યુએબલ વીજ ઉત્પાદન ૨૩૧૩૧.૬૧ મિલિયન યુનિટનું હતું તે ૨૦૨૩-૨૪માં વધીને ૪૩૦૨૯ મિલિયન યુનિટ પર પહોંચ્યું છે. કેન્દ્રીય રીન્યુએબલ એનર્જી મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ચાર વર્ષના સમયગાળામાં સોલાર વીજ ઉત્પાદન ૩૬૩૧.૮૬ મિલિયન યુનિટથી ૨૭૦ ટકા વધીને ૧૩૪૬૮.૯૧ મિલિયન યુનિટ થયું હતું. ગુજરાતમાં સોલાર પેનલ સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સરળ નીતિથી આ વૃદ્ધિદર હાંસલ થયો હતો. સરળ અને પ્રોત્સાહક નીતિથી સોલાર વીજ ઉત્પાદનને પ્રોત્સાહન મળ્યું છે. ગુજરાતમાં ૨૭ નવેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ ૨૮૬૪૫ આવાસોમાં સોલાર રૂફટોપ છે. રૂફટોપ સોલાર માટે આકર્ષક યોજના શરૂ કરાઈ હોવાના પરિણામે વધુ લોકો સબસિડીનો લાભ લેતા થયા છે. આ ઉપરાંત રાજ્યમાં પવન ઊર્જાનુ ઉત્પાદન ચાર વર્ષમાં ૧૩૭૪૮.૫૩ મિલિયન યુનિટસથી વધીને ૨૪૭૯૪.૫ મિલિયન યુનિટ થયું છે તે ૮૦.૩ ટકાનો વધારો સૂચવે છે.

# ગુજરાતની ૧૫૯ નગરપાલિકાઓ અને આઠ મહાનગરપાલિકાઓનો ઈ-નગર પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહત્તમ યોજનાઓ નાગરિકોને આંગળીનાં ટેરવે મળતી થઈ ગઈ છે. ગુજરાત આજે ઇ-ગવર્નન્સ અને ડિજિટલ સેવાઓમાં અગ્રગણ્ય રાજ્ય બન્યું છે જેમાં મહત્ત્વની એક ડિજિટલ યોજના ઈનગર સૌથી મહત્ત્વની સાબિત થઈ છે. ગુજરાતની ૧૫૯ નગરપાલિકાઓ અને આઠ મહાનગરપાલિકાઓનો ઈનગર પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો હતો.

''ઇ-નગર'' પ્લૅટફૉર્મ મુખ્યત્વે ૦૯ મોડ્યુલ્સ અને ૪૨ જેટલી સેવાઓ પૂરી પાડે છે, જેમાં નાગરિકોને ઑનલાઇન મેરેજ રજિસ્ટ્રેશન, પ્રોપર્ટી ટૅક્સ, બિલ્ડિંગ પરમિશન, હોલ બુકિંગ, પ્રોફેશનલ ટૅક્સ, એસ્ટેટ મૅનેજમેન્ટ, પાણી અને ગટરની સેવાઓ, લાઈસન્સ, ફરિયાદો વગેરે વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે. ઑનલાઈન પ્લૅટફૉર્મ થકી નાગરિકોને સરળ, સમય તથા નાણાંની બચત, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવાઓ મળી રહે છે. ઇ-ગવર્નન્સ અને એમ-ગવર્નન્સ અંતર્ગત તમામ શહેરી સ્થાનિક સંસ્થાઓને સમાન પ્લૅટફૉર્મ પર લાવવા માટે રાજ્ય સરકારે ઇ-નગર પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

આ કેન્દ્રીયકૃત પ્લૅટફૉર્મ પર વિવિધ મ્યુનિસિપલ કૉર્પોરેશનો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા નાગરિકોની અરજીઓનો યોગ્ય અને સમયસર ઉકેલ લાવવામાં આવે છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ઈ-નગર પ્રોજેક્ટ માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત શહેરી વિકાસ મિશનની નિમણૂક કરી છે. જે અંતર્ગત રાજ્યની ૧૫૯ નગરપાલિકાઓ અને ૮ મ્યુનિસિપલ કૉર્પોરેશનને ઇ-નગર પ્રોજેક્ટમાં આવરી લેવામાં આવ્યાં છે, જેથી વધુમાં વધુ નગરજનો રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે છે.

# અંબાજી દર્શન કરી પરત ફરી રહેલી ત્રણ લકઝરી બસ પર પથ્થરમારો થતાં યાત્રિકોમાં ભય ફેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ અંબાજીમાં થોડા સમયથી વાહનો પર પથ્થરમારાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. રવિવારે રાત્રે અંબાજી નજીક યાત્રિકોને લઈ જતી ત્રણ લકઝરી બસો પર પથ્થરમારો કરાયો હતો. પહાડી વિસ્તારનો ફાયદો ઉઠાવી કેટલાંક અસામાજિક તત્ત્વો પથ્થરમારો કરી ફરાર થઈ જાય છે. જેથી પોલીસે આ પથ્થરમારો કરનારા તત્ત્વોને પકડવા માટે ટીમ બનાવી તપાસ શરૂ કરી હતી.

અંબાજી નજીકના પાનસા ગામ નજીક રવિવારે રાત્રે અંબાજીથી દર્શન કરીને યાત્રિકોને લઈ મહેસાણા જતી ૩ લક્ઝરી બસ ઉપર પથ્થરમારો થયો હતો. કેટલાક અસામાજિક તત્ત્વોએ બસના આગળના કાચને તોડી નાખ્યા હતા. આ ઘટનામાં સદ્નસીબે તમામ યાત્રિકોનો આબાદ બચાવ થયો હતો, પરંતુ પથ્થરમારાની ઘટના બાદ યાત્રિકોમાં ભય ફેલાયો હતો.

પોલીસને ઘટનાની જાણ કરાતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવી દર્શનાર્થીઓની બસ પર પથ્થરમારો કરનારાં તત્ત્વોને પકડી પાડવા માટે તપાસ હાથ ધરી હતી. સ્થાનિક લોકોએ આવી ઘટનાઓ રોકવા માટે પોલીસ પેટ્રોલિંગ વધારવા પણ માગ કરી હતી. અવારનવાર બનતી પથ્થરમારાની ઘટનાઓને લઈને યાત્રિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. અગાઉ ૧૩ નવેમ્બરે આબુ જતા યાત્રિકોની બસ પર અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો હોવાની ઘટના ઘટી હતી. ૩ નવેમ્બરે આ જ જગ્યાએ ત્રણ કાર પર પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં એક મહિલાને ઈજા થઈ હતી.

# ગુજરાતની નિર્ભયા જિંદગીનો જંગ હારી ગઈઃ ૧૦ વર્ષીય દુષ્કર્મ પીડિતાનું વડોદરાની હૉસ્પિટલમાં મોત

અમદાવાદઃ ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના એક ગામમાં દુષ્કર્મનો ભોગ બનેલી ૧૦ વર્ષીય બાળકીનું ૧૮૦ કલાક બાદ મોત થઈ ગયું હતું. પીડિતાને બે કાર્ડિયાક એરેસ્ટ આવ્યા હતા, અંતે બાળકીએ સાંજે ૬.૧૫ વાગે દમ તોડી દીધો હતો. બાળકીનાં મોત બાદ પોલીસ દ્વારા પોસ્ટમોર્ટમ સહિતની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના ભરૂચના ઝઘડિયામાં ૧૦ વર્ષીય માસૂમ બાળકી ઉપર નરાધમે દુષ્કર્મ ગુજારી ગંભીર ઈજા પહોંચાડતાં બાળકીને સારવાર માટે વડોદરાની સયાજી હૉસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. આ બાળકીની તબિયત અત્યંત નાજુક હોવાનું એસએસજી હૉસ્પિટલના આરએમઓએ જણાવ્યું હતું. બાળકીની સારવાર માટે ૧૦ નિષ્ણાત તબીબોની ટીમ કામે લાગી હતી. તબીબોના જણાવ્યા પ્રમાણે, બાળકીના શરીરમાં ફેલાયેલા ઇન્ફેક્શન અને સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ સારવાર આપવામાં આવી હતી, પરંતુ તેની ગંભીર સ્થિતિ અને ગરીબ પરિવારમાંથી આવતી હોવાથી પહેલેથી જ તેના વજન અને ઈમ્યુનિટી પાવર ઓછો હોવાના કારણે દવાઓની નહિવત્ અસર થઈ હતી. એના કારણે તેની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો ન હતો. સર્જરીમાં પણ આ સ્થિતિને લઈ ખૂબ જ મુશ્કેલી સર્જાઈ હતી અને બાળકીની બે સર્જરી બાદ પણ સ્થિતિ ખૂબ જ ગંભીર જ હતી. બાળકીનો પરિવાર પોતાના કામ અર્થે બહાર ગયો હતો ત્યારે એકલતાનો લાભ ઉઠાવી હેવાને તેમની ૧૦ વર્ષની બાળકીનું અપહરણ કર્યું હતું અને નિર્જન સ્થળે લઈ જઈ પીંખી નાખી હતી. નરાધમ વિજય પાસવાને બાળકી પર એટલી હદે ક્રૂરતા આચરી હતી કે ભરૂચની હૉસ્પિટલમાં બાળકીની એકવાર તો સર્જરી કરવામાં આવી હતી.

# ₹ ૬000 કરોડના કૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ હાઈ કોર્ટમાં આગોતરાં જામીન અરજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બીઝેડ ગ્રુપ દ્વારા પોન્ઝી સ્કીમના ઓઠા હેઠળ ૬૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ આચરી ફરાર થઈ ગયેલા ભાગેડુ આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ધરપકડથી બચવા માટે ગુજરાત હાઈ કોર્ટનાં દ્વાર ખખડાવ્યાં હતાં. ભૂપેન્દ્રસિંહ ઝાલાએ હાઈ કોર્ટમાં આગોતરાં જામીન અરજી કરી હતી. અગાઉ ગ્રામ્ય સેશન્સ કોર્ટે આગોતરાં જામીન અરજી ફગાવતાં ભૂપેન્દ્રસિંહ ઝાલાએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી. હાઈ કોર્ટમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાની જામીન અરજી પર સુનાવણી હાથ ધરાશે. બીઝેડ ગ્રુપના સીઈઓ ભૂપેન્દ્રસિંહ ઝાલાએ રોકાણની સામે ત્રણ વર્ષમાં બમણા અને સામાન્ય રોકાણની સામે ઊંચા વળતરની લાલચ આપીને રૂપિયા છ હજાર કરોડનું કૌભાંડ આચર્યું હોવાનો આક્ષેપ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની ટીમ દ્વારા કરવામાં આવ્યો હતો. સમગ્ર કૌભાંડમાં અંદાજિત ૧૪ હજારથી વધુ લોકો ભોગ બન્યા છે.

ભૂપેન્દ્રસિંહ ઝાલાએ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આગોતરાં જામીન માટે અરજી કરી હતી, ત્યારે સુનાવણી દરમિયાન ગ્રામ્ય કોર્ટે સીઆઈડી ક્રાઈમને સવાલ કર્યો હતો કે, ૬ હજાર કરોડનો આંકડો ક્યાંથી આવ્યો? આ સુનાવણી દરમિયાન સરકારે કોર્ટમાં કહ્યું હતું કે, અત્યાર સુધી બીઝેડ કૌભાંડમાં ૩૦૭ કરોડનાં ટ્રાન્જેક્શન મળી આવ્યાં છે, આ સાંભળી કોર્ટે સવાલ કર્યો કે ૬ હજાર કરોડનો આંકડો ક્યાંથી આવ્યો? આના જવાબમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે ''હજુ તો પ્રાથમિક તપાસ ચાલુ છે. આ તપાસ દરમિયાન ૩૦૭ કરોડના શંકાસ્પદ વ્યવહાર મળી આવ્યા છે.

# માવઠાની આગાહીઃ ગુજરાતમાં ધુમ્મસની ચાદર છવાઈ, ફ્લાઈટો રદ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કમોસમી વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, માવઠાની આગાહીને પગલે હવામાનમાં પલટો આવ્યો હતો, રાજ્યમાં ઠંડીનું જોર છેલ્લા ત્રણ દિવસથી ઘટ્યું છે. રાત્રિ દરમિયાનના લઘુતમ તાપમાનમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં ઘટાડો નોંધાયો છે.

આ ઉપરાંત અરબ સાગર તરફથી આવતા ભેજવાળા પવનોને કારણે ગુજરાત ઉપર જાણે ધુમ્મસની ચાદર છવાઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. રાજ્યના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ૮૦ ટકા કરતાં પણ વધુ ભેજનું પ્રમાણ નોંધાયું હતું, જેથી દરિયાકાંઠા નજીકના જિલ્લાઓમાં વહેલી સવારથી જ સૂર્યોદય બાદથી ધુમ્મસની ચાદર છવાઈ હતી. હજુ પણ આગામી ૫ દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની સંભાવના છે.

રાજ્યનાં ચાર મોટાં શહેરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતનાં નગરો પર ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું, માર્ગો પર કાંઈ ન દેખાતાં વાહનચાલકોએ લાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. તે ઉપરાંત ઍરપૉર્ટ પર પણ વિઝિબિલિટી ૨૦૦ મીટરથી ઓછી થઈ જતાં રવિવારે ૬ ફ્લાઇટ ૫ કલાક સુધી મોડી પડી હતી. જ્યારે સોમવારે પણ સવારના ભારે સ્મોગ વચ્ચે દિલ્હી, હૈદરાબાદ, ચેન્નઈની ફ્લાઈટને લેન્ડ થવામાં મુશ્કેલી પડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનના ભાગો પર ઇન્ડ્યુસ લો પ્રેશર સર્જાયું છે. હાલમાં ગુજરાત પર ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી પવનો આવી રહ્યા છે એટલે કે રાજસ્થાન તરફથી આવતા પવનોને કારણે અરબ સાગર અને બંગાળની ખાડીના ભેજ ગુજરાત પર સ્થાયી થયા છે, જેને કારણે દિવસ દરમિયાન સીધો સૂર્યપ્રકાશ જમીન પર પહોંચી શકતો નથી અને વાતાવરણના ભેજને કારણે તાપમાનમાં ઘટાડો થઈ શકતો નથી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન

ઘાટકોપર પશ્ચિમમાં આવેલા શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મહિલા મંડળ દ્વારા ૨૩ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી શ્રીમદ દેવી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા દરરોજ બપોરે સાડા ત્રણ કલાકથી સાડા છ કલાક સુધી સાંભળવાની તક મળશે. સોમવારે પોથી યાત્રા માધવબાગથી શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર સુધી કાઢવામાં આવી હતી. મહાયજ્ઞનું આયોજન પહેલી જાન્યુઆરીએ સવારે દસ કલાકે કરવામાં આવ્યું છે, જેમાં સામેલ થવાનું સૌને ભાવભીનુ આમંત્રણ આપવામાં આવ્યુ છે.

સંયુક્ત ભારતીએ ભગવત ગીતાના શ્લોકનું પઠન અને ઉચ્ચારણ શીખવાડવાના વર્ગો શરૂ કર્યાં આપણાં બાળકોમાં સંસ્કાર અને સંસ્કૃતિના બીનું રોપણ કરવા માટે સંયુક્ત ભારતીએ એક પ્રશંસનીય પહેલ શરૂ કરી છે. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજમાં ભગવત ગીતાના શ્લોકનું પઠન, સ્તોત્ર, સ્તુતિ અને ઉચ્ચારણ શીખવાડવાના નિશૂલ્ક વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. દર રવિવારે સાંજે ચાર કલાકે આ વર્ગો શરૂ થશે. એથી એનો લાભ લેવા માટે જલદી પહોંચી જજો.

## ઘાટકોપરમાં આવેલા જનજાગૃતિ સેન્ટરે શરૂ કરી 'આયુષમાન ભારત કાર્ડ' બનાવી આપવાની પહેલ

ભારત સરકારે તાજેતરમાં જ વિવિધ પ્રકારની બીમારી માટે ૭૦ વર્ષથી વધુના દરેક નાગરિકો માટે આશીર્વાદ સમાન યોજના જાહેર કરી છે. આ યોજના હેઠળ 'આયુષમાન ભારત કાર્ડ' ધારક વયસ્કોને દર વર્ષે પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર નિઃશૂલ્ક કરવામાં આવશે. એના માટે વ્યક્તિની આવક ઓછી હોય કે વધુ તો પણ આ યોજનાનો લાભ લઈ શકાય છે. આ જ કારણ છે કે જનજાગૃતિ નોર્થ ઇસ્ટ તરફથી 'આયુષમાન ભારત કાર્ડ' બનાવવાની વ્યવસ્થા તેમના સેન્ટરની ઑફિસમાં કરવામાં આવી છે. એના માટે ૯૮૬૯૩ ૯૫૬૧૫ નંબર પર ઇચ્છુકોએ પોતાનું નામ અને કેટલી વ્યક્તિના કાર્ડ બનાવવાના છે એ વિગતો મોકલી આપવાની રહેશે. એના માટે તે વ્યક્તિનું આધાર કાર્ડ અને જે નંબર એની સાથે લિન્ક હોય તે મોબાઇલ લઈને જવું ફરજિયાત રહેશે.

## નવા વર્ષે નવું કાલનિર્ણય વસાવી લો

છેલ્લાં બાવન વર્ષથી લોકોનાં ઘરોમાં એક અગત્યનો ભાગ બની ગયેલું એવું જાણીતું કેલેન્ડર કાલનિર્ણય વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. એ અત્યાર સુધી સાત ભાષા જેવી કે હિન્દી, મરાઠી, ગુજરાતી, ઇંગ્લીશ, કન્નડ, તામિલ અને તેલુગુમાં પ્રસિદ્ધ થાય છે. આ માત્ર એક કેલેન્ડર જ નથી, પરંતુ માહિતીથી ભરેલું છે. એમાં પંચાંગ, રાશિભવિષ્ય, સ્વાદિષ્ટ વ્યંજનોની રેસિપી, સ્વાસ્થ્ય સંબંધી જાણકારી મળી રહે છે. આ વખતે કાલનિર્ણયમાં કાલનિર્ણય મેગ્નેટ, સ્લીમ વીકલી નોટ પ્લાનરનો ઉમેરો થયો છે. આ કેલેન્ડર દરેક સાઇઝ અને આકારમાં ઉપલબ્ધ છે. જેથી કરીને એને પોકેટમાં, કારમાં, ઑફિસના ડેસ્ક પર પણ રાખી શકાય છે. તો નવા વર્ષે નવું કાલનિર્ણય અચૂકથી વસાવી લો.

# ૨૦૧૬ના હત્યાના કેસમાં એમસીઓસીએ કોર્ટે દસ આરોપીને નિર્દોષ છોડયા

થાણેઃ થાણાની એક અદાલતે વર્ષ ૨૦૧૬માં થયેલી હત્યાના એક કેસમાં ૧૦ આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. તપાસ એજન્સીએ ગંભીર ભૂલ કરી છે અથવા સાક્ષીઓ દ્વારા તેમને 'ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે અથવા નિર્દેશિત' કરવામાં આવ્યા હોવાની ટિપ્પણી અદાલતે કરી છે. આરોપીઓ પર હત્યા તેમજ રમખાણોનો આરોપ મૂકવામાં આવ્યા ઉપરાંત મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ)ની જોગવાઈઓ હેઠળ પણ કેસ નોંધવામાં આવ્યો હતો. સ્પેશિયલ એમસીઓસીએ કોર્ટના જજ અમિત એમ શેટેએ સાત વર્ષથી વધુ સમય સુધી ચાલેલા ખટલા બાદ ૧૯ ડિસેમ્બરે આપેલા ૫૬ પાનાના ચુકાદામાં જણાવ્યું હતું કે ફરિયાદી અને સાક્ષીઓ તમામ વાજબી શંકાથી પર રહીને આરોપીઓ સામે હત્યાના ગંભીર ગુનાને પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યા છે. આદેશની એક નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર થાણા જિલ્લાના નાપોલી વિસ્તારમાં ૨૪ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ એક મંદિર નજીક સ્થાનિક સિક્યોરિટી બિઝનેસ ઓપરેટર રણજીત ઉર્ફે બંટી પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. પાછળથી વિસ્તૃત તબીબી સારવાર હોવા છતાં તેણે ઈજાઓ પહોંચાડી હતી. પૂરતી સારવાર આપવા છતાં બંટી મૃત્યુ પામ્યો હતો.

ફરિયાદ પક્ષે આક્ષેપ કર્યો હતો કે અક્ષય નંદાની આગેવાની હેઠળ આરોપીઓએ હુમલો કરી રણજીતની સોનાની ચેઇન અને વીંટી લૂંટી લીધા હતા. બચાવ પક્ષના વકીલોએ આ કેસમાં સામે દલીલ કરી હતી. કબુલાતનામાના નિવેદનોમાં રહેલી વિસંગતતાઓ પર અદાલતે ધ્યાન દોર્યું હતું. આ નિવેદનો દબાણ હેઠળ મેળવવામાં આવ્યા હોવાનો દાવો આરોપીઓએ કર્યો હતો.

નિર્દોષ છૂટી ગયેલા લોકોમાં અક્ષય નંદા ઉર્ફે નંદુ પાટીલ (૩૬), રોહિત રવિ પાટીલ (૩૫), અનિલ ઉર્ફે પપ્પ્યા નથુરામ શેલાર (૩૩), અર્જિંક્ય ઉર્ફે અજ્જુ વિજય જાધવ (૩૩), અભિષેક ગંગાધર નિંબાળકર (૩૬), અનિલ ઉર્ફે બબલુ શિવાજી શેલાર (૩૪), સચિન સોપન વાડકર (૪૪),હ્રષિકેશ રામદાસ પાટીલ (૩૪), ભરત ખુંડુ પાટીલ (૩૬) અને રૂપેશ રાજેશ ખંડાગળે (૪૬)નો સમાવેશ થાય છે.

## લાડકી બહેન યોજનાનો ડિસેમ્બરનો હપ્તો સાત કે આઠ દિવસમાં મળશે

મુંબઈઃ રાજ્યમાં ગઠબંધન સરકાર આવી તેને લગભગ ૧૮ દિવસ થઈ ગયા છે. જોકે, મહિલાઓને હજુ સુધી લાડકી બહેન યોજનાનો ડિસેમ્બરનો હપ્તો મળ્યો નથી. તો બહેનોને ડિસેમ્બરનો હપ્તો ક્યારે મળશે? આ અંગે રાજ્યભરમાંથી સવાલો ઉઠી રહ્યા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ બાબતે બોલતા કહ્યું કે 'લાડકી બહીણ યોજના'નો ડિસેમ્બરનો હપ્તો આગામી સાતથી આઠ દિવસમાં આપવામાં આવશે. દરમિયાન વિધાનસભાની ચૂંટણી વખતે મહાયુતિના નેતાઓએ જાહેરાત કરી હતી કે લાભાર્થી મહિલાઓને દર મહિને મળતા ૧૫૦૦ રૂપિયા વધારીને ૨૧૦૦ રૂપિયા કરવામાં આવશે. જોકે સરકાર બન્યા બાદ બહેનોને ડિસેમ્બરના હપ્તાના ૧૫૦૦ રૂપિયા કે ૨૧૦૦ રૂપિયા મળશે? આ અંગે પણ હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આમ ડિસેમ્બરનો હપ્તો ક્યારે મળશે? અને કેટલા મળશે? આ બાબતે મહિલાઓ મૂંઝવણમાં છે. જો કે, આ વિશે વાત કરતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટ કર્યું કે તેઓ ચૂંટણીમાં કરેલા તમામ વચનો પૂરા કરશે.

## પુષ્પા-ટૂનું કલેકશન ૧૬૦૦ કરોડની પાર

મુંબઈઃ એક તરફ હૈદરાબાદના થિયેટરમાં થયેલા અકસ્માત મામલે અભિનેતા અલ્લુ અર્જુનની મુશ્કેલીઓ વધતી દેખાઈ રહી છે અને લોકો તેના પર ફીટકાર વરસાવી રહ્યા છે તો બીજી બાજુ તેની ફિલ્મ પુષ્પા-ટૂ ધ રૂલ રેકોર્ડ્સ બ્રેક કરવાના રેકોર્ડ્સ બનાવતી જાય છે.આ ફિલ્મે માત્ર ૧૮ દિવસમાં ગ્લોબલી ૧૬૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી આરઆરઆરને પછાડી દીધી છે. હવે પુષ્પા-ટૂ ત્રીજા સ્થાને પહોંચી છે. હવે માત્ર આમિર ખાનની દંગલ અને પ્રભાસની બાહુબલી-૨ને પછાડવાની બાકી છે. આ બન્ને ફિલ્મોની વાત કરીએ તો આમિરની દંગલ કરતા પુષ્પા-ટૂ હજુ ઘણી પાછળ છે. દંગલનું વર્લ્ડવાઈડ કલેક્શન ૨,૦૭૦ કરોડ રૂપિયા હતું, પરંતુ બાહુબલી-ટૂ થી પુષ્પા-ટૂ થોડે દૂર છે. પ્રભાસની આ સિક્વલનું કલેક્શન ૧,૭૪૨ કરોડ રૂપિયા હતું.પુષ્પા-ટૂ ધ રૂલની કમાણીની વાત કરીએ તો તેલુગુ ભાષામાં ૩૦૭ કરોડ રૂપિયા હિન્દીમાં ૫૬૯ કરોડ રૂપિયા, તમિળમાં ૫૪ કરોડ રૂપિયા અને કન્નડમાં ૭.૬૦ કરોડ રૂપિયાની કમાણી ભારતમાં કરી છે. ભારતમાં કુલ ૧૦૬૨ કરોડની કમાણી ફિલ્મે કરી છે.

# હિન્દુ મરણ

**દશા શ્રીમાળી વૈષ્ણવ સ્વામિનારાયણ**

ગામ દીગસરના અક્ષર નિવાસી બાબુલાલ શીવલાલ શાહના પુત્ર જયેશભાઇ (ઉં. વ. ૬૪) તે પ્રીતીબેનના પતિ. નેહા પ્રણવ ઠક્કર, હિરલ હર્ષ રૂપારેલીયાના પિતા. મહેન્દ્રભાઇ, નીતિનભાઇ, ઉર્મિલાબેન હસમુખલાલ, પ્રફુલાબેન વિનોદભાઇ, સુધાબેન અશોકભાઇના નાનાભાઇ. તે કલકતા નિવાસી સ્વ. હેમંતલાલ જાગાનના જમાઇ. તા. ૨૧-૧૨-૨૪ને શનિવારના ઘાટકોપર મુકામે અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાગર ગૃહસ્થ**

સ્વ. ઉદયભાઇ શિરીષભાઇ મહેતા (ઉં. વ. ૭૯) ૨૦મી ડિસેમ્બર ૨૪ના અવસાન પામ્યા છે. તે વર્ષાબેન મહેતાના પતિ. નીરવ અને કુણાલના પિતા. કાનન અને પ્રીતીના સસરા. હાર્દિક, સનશાઇન, જોહાનના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરત દશા દિશાવળ**

ઉષાબેન ગિરીશભાઇ પારેખ (ઉં. વ. ૮૩) તે ગિરીશભાઇના પત્ની. સ્વ. તનસુખલાલ વિઠ્ઠલદાસ પારેખ અને સ્વ. સરલાબેનના પુત્રવધૂ. તે સ્વ. જયંતિલાલ અને સ્વ. મંજુલાબેનના પુત્રી. તે રાજેશના માતા. વૈદેહીના સાસુ. જશ અને નિધિના દાદી તા. ૨૦ ડિસેમ્બરના સાન હોસો કેલિફોર્નિયા, અમેરિકા મધ્યે શ્રીજીચરણ પામેલ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

રાજકોટ નિવાસી હાલ માટુંગા દિલીપભાઇ ઓઝા (ઉં. વ. ૮૦) તે સ્વ. અરવિંદ રવિશંકર ઓઝાના સુપુત્ર, શુક્રવાર તા. ૨૦-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે લીના (અનુ)ના પતિ. નીના રાજેશ ત્રિવેદીના પિતાશ્રી. દિપક, સ્વ. સુકેતુ તથા જગ્નુ ભરત ત્રિવેદીના ભાઇ. પ્રણવના નાના તથા જીજ્ઞેશના કાકા. માંગરોળ નિવાસી હાલ મુલુંડ સ્વ. ભાનુપ્રસાદ વૃંદાવન જોશીના જમાઇ. સાદડી પ્રથા બંધ છે. ઠે. ૪૦૨, હેરીટેજ એલીગન્સ, કપોળ બોર્ડિંગની સામે, ખુશાલદાસ પારેખ માર્ગ, માટુંગા (સેં.રે.).

**ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ**

હાલ કાંદિવલી દામિનીબેન નરેન્દ્રભાઈ વ્યાસ (ઉં. વ. ૮૫) તે સ્વ.નરેન્દ્રભાઈ જીવણલાલ વ્યાસના પત્ની. અજયભાઈ, સંજયભાઈ, વિજયભાઈ અને મીનાબેનનાં માતુશ્રી. દિપ્તીબેન, લીનાબેન, માલિનીબેન અને નવીનભાઈના સાસુ શનિવાર તા.૨૧-૧૨-૨૪ના અક્ષરધામને પામ્યાં છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઔદિચ્ય ઝાલાવાડ સત્તર તાલુકા બ્રાહ્મણ**

થાનગઢ નિવાસી હાલ બોરીવલી સ્વ.કાંતાબેન તથા સ્વ.દલપતરામ દયાશંકર રાવલના પૌત્રી તથા સ્વ.મીનાબેન શિરીષકુમાર રાવલના મોટી દીકરી ભૈરવી રાવલ (ઉં. વ. ૫૦) તે ૨૦/૧૨/૨૪ના દેવલોક પામેલ છે. તે વિભૂતિ મનીષકુમાર પંચોલી તથા શૈલજા જીગ્નેશકુમાર દેસાઈના બહેન. શ્રુતિ, શ્રેયશ, વિરાજ, શિવેશના માસી. મોસાળપક્ષે સ્વ. પ્રભાબેન ઉમિયાશંકર જોષીના દોહિત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી ભાટિયા**

કલકત્તા નિવાસી હાલ કાંદિવલી હરેશભાઇ વિજયસિંહ આશર (ઉં. વ. ૭૦) તે ગીતાબેનના પતિ. રિતિકના પિતા. ધવલ, દિપક, હેમંત, ગં.સ્વ.ચેતના તથા નીતાના ભાઈ. ચિરાગ, વિકી, નીરજ, વિધિના કાકા. ૨૩/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૬/૧૨/૨૪ના ગુરુવાર ૪ થી ૫. પાવનધામ, મહાવીર નગર, બી સીસી આઈ ગ્રાઉન્ડ ની સામે કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ કેશોદ હાલ કલ્યાણ મંજુલાબેન (ઉં. વ. ૭૮) સ્વ.નટવરલાલ કરસનદાસ રાયચુરાના પત્ની. સ્વ. કાંતાબેન વિઠ્ઠલદાસ વસાણીના દીકરી. જયેશ અને જ્યોતિબેન રાજેન્દ્રકુમાર સોઢાના માતુશ્રી. સ્વ. ગુણવંતભાઈ, લલિતભાઈ, રમેશભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. શારદાબેન વિનોદકુમાર તન્નાના બેન, તા.૨૩/૧૨/૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૪/૧૨/૨૦૨૪ને મંગળવાર ૪:૩૦ થી ૬. જલારામ સભાગૃહ, લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (પ).

**હાલાઈ લોહાણા**

હરિપર નિવાસી હાલ મીરારોડ ગુણવંતીબહેન ગોવિંદજીભાઈ કોટેચાના પુત્ર સુરેશભાઈ (ઉં. વ. ૭૨) ૨૨-૧૨-૨૪ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે જયશ્રીબહેનના પતિ. રોનક, સમીરના પિતાશ્રી. ફાલ્ગુનીબહેનના જેઠ. હિતેન કોટેચા, નયના જિતેન્દ્ર તન્ના, આશાબહેનના ભાઈ છોટાલાલ હરજીવનદાસ કાનાબારના જમાઈ. પ્રાર્થનાસભા મંગળવાર, ૨૪-૧૨-૨૪ના ૫.૦૦થી ૭.૦૦. હાલાઈ લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી-વેસ્ટ.

# પારસી મરણ

મેહેરનોશ દારાયશ જેશીયા તે ખુશનુમા એમ જેશીયાના ખાવીંદ. તે કુમી તથા દારાયશ જેશીયાના દીકરા. તે અલાયઝા એમ. જેશીયાના પપ્પા. તે જેનીફર માનેક મિસ્ત્રી, શેરનાઝ હોરમઝ મિસ્ત્રી. તે કાશ્મીરા ખુરશેદ ખેશવાલાના ભાઇ. તે પરીનાઝ ને પરલીનના મામા. તે મરહુમો ગુલ તથા મીનુ કુતારના જમઇ.(ઉં. વ. ૬૦) રે. ઠે. જેનકીન હાઉસ, ફલેટ નં-૮, ૧લે માળે, હેનરી રોડ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૧૨-૨૪ને બપોરે ૩.૪૦ મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

રોદા કેકી સુખડવાલા તે મરહુમ કેકી આર. સુખડવાલાના વિધવા. તે મરહુમો આલામાય તથા દારાબ ઘડીયાલીના દીકરી. તે મરહુમ કૈઝાદ કે. સુખડવાલાના મમ્મી. તે બેહરામ દારાબ ઘડીયાલીના બહેન. તે ઝહાન ને ફરહાદના ફુઇજી. (ઉં. વ. ૭૭) રે. ઠે. ફલેટ નં-૩૦, ૪થે માળે, બી. ડી. માર્ગ, વૈભવ બિલ્ડિંગ, વડાલા-પૂર્વ, મુંબઇ-૪૦૦૦૩૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૧૨-૨૪ને બપોરે ૩.૪૫ કલાકે ભાયખલા મધે મેવાવાળા અગિયારીમાં.

મહેરુ પેસ્તનજી વાસૂનિયા, તે પેસ્તનજી વાસૂનિયા અને અલાન વાસૂનિયાના પુત્રી. તે મરહુમ જિજૂ પેસ્તનજી વાસૂનિયાના બહેન. (ઉં. વ. ૯૧) રે. ઠે. દિના બિલ્ડિંગ, ૫૩ મહર્ષિ કર્વે રોડ, મરીન લાઇન્સ-કાલબાદેવી. મુંબઇ-૪૦૦૦૦૨.

# જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મુ. પુ. જૈન**

વઢવાણ નિવાસી હાલ સાંતાક્રુઝ પુષ્પાબેન અને રસિકલાલ બાવીસીના સુપુત્ર. પ્રકાશ બાવીસી (ઉં. વ. ૬૯) સોમવાર, તા. ૨૩-૧૨-૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. તે સૌ. નીતાના પતિ. જશ અને ઓજસના પિતાશ્રી. તે સૌ.અલિશાના સસરાજી. કમલેશ-જયેશ, સૌ. સંગીતા અજિત પરીખના ભાઇ. તે સોલાપુર નિવાસી સ્વ. મહેન્દ્ર લક્ષ્મીચંદ શાહના જમાઇ. લૌકિક વ્યવહારની પ્રથા સદંતર બંધ છે.

**સ્થાનકવાસી જૈન**

નવી મુંબઇ કોપરખૈરાને નિવાસી રમેશભાઇ મહેતા (ઉં. વ. ૭૯) તા. ૨૩-૧૨-૨૪ના દેહવિલય થયેલ છે. તે સ્વ. દિવાળીબેન મોહનલાલના પુત્ર. સ્વ. હંસાબેનના પતિ. ચંદ્રકાંત, સ્વ. મહેન્દ્ર, કુસુમબેન મહેન્દ્ર શાહના ભાઇ. પૂનમબેનના દિયર. સંદીપ, દીપકના પપ્પા. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. પ્રબોધભાઇ ગોલવાળાના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. નિર્મળાબેન જયંતિલાલ ગોળવાળાના પુત્રવધૂ. સ્વ. રૂક્ષ્મણિબેન નાનાલાલ શાહના પુત્રી. નિકુંજ, પુનિત, નેહા તથા ડો. નિલાનાં માતુશ્રી. મિનોલી તથા તિર્થનાં દાદી. સ્વ. કોકીલાબેન જયસુખલાલ શાહ તથા બિનાબેન સુમનલાલ શાહના ભાભી. તા. ૨૨-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ ઢંઢેરવાડા નિવાસી હાલ ગોરેગાવ અ. સૌ. કાદંબરીબેન (ઉં. વ. ૮૩) તે લલિતભાઇ ચીમનલાલ શાહના ધર્મપત્ની. રાકેશ, સમીર, દેવાંગ, જીજ્ઞેશના માતુશ્રી. કોશા, સેજલ, જીગ્ના, પીંકીના સાસુ. કરુણા, હર્ષદા, અલકા, ગૌતમભાઇના ભાભી. જયોત્સના, દિના, ઉર્વશીના બહેન તા. ૨૩-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૫-૧૨-૨૪ના ૧૦થી ૧૨. ઠે. સરદાર પટેલ હોલ, સોસાયટી હોલ, એસ. વી. રોડ, સીટી સેન્ટરની સામે, ગોરેગાંવ (વેસ્ટ).

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલીના સ્વ. હસમુખભાઈ હિંમતલાલ તારાચંદ દોશી (ઉં. વ. ૮૬) તે સ્વ.અનસૂયાબેનના પતિ. સ્વ.સંદીપભાઈ તથા જીજ્ઞાના પિતા. સ્વ.બાપાલાલ, સ્વ.જશવંતભાઈ, સ્વ. સરસ્વતીબેન રમણીકલાલ શાહ, સ્વ.લીલાવતી જયંતીલાલ શાહ, રંજનબેન મહાસુખભાઈના ભાઈ. સ્વ.અનોપચંદ મોહનલાલ મહેતાના જમાઈ. જીજ્ઞેશ વોરા, મેઘનાના સસરા. તા. ૨૧/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પીપળવા (ગીર) નિવાસી સ્વ. અશ્વિનભાઇ અભેચંદ અજમેરાના ધર્મપત્ની હર્ષાબેન (ઉં. વ. ૬૮) તે જામનગર નિવાસી હેમલતાબેન બાબુલાલ પારેખના પુત્રી. રાકેશ તથા ખુશ્બુ રિતેશ શાહના માતુશ્રી. ભારતીના સાસુ. ક્રિશના દાદી. આરવ તથા આયનના નાની તા.૨૧/૧૨/૨૪ને શનિવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના કેસરબેન મગનલાલ (ઉર્ફે રામજી) દેઢીયા (ઉં. વ. ૯૪) તા. ૨૨-૧૨-૨૪ના અરિહંત શરણ પામ્યા છે. તે મા. હીરબાઇ અરજણ પાસુના પુત્રવધૂ. મગનલાલ અરજણના પત્ની. કલ્પના, વસુમતી, જયેષ્ઠા, જિતેન્દ્ર, વિભાકર, નીતીનના માતુશ્રી. વાંકીના દેવકાંબાઇ પ્રેમજી માણેક સાવલાના પુત્રી. નાનજીભાઇ, કેશવજીભાઇ, ઉમરશીભાઇના ભત્રીજી. પ્રાર્થના રાખેલ નથી. નિ. જિતેન્દ્ર દેઢીયા, ૭, હેમછાયા, કસ્તુરબા માર્ગ, મુલુંડ (વે.).

ભુજપુરના (પર્યુષણ આરાધનકાર) ભાનુમતી ચુનીલાલ કાનજી માલદે (ઉં. વ. ૭૯) તા. ૨૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. મોંઘીબાઈ કાનજી (જખુ) દેવજીના પુત્રવધૂ. ચુનીલાલના પત્ની. રતાડીયા (ગ.)ના પાનબાઈ લખમશી દેવરાજ છેડાના પુત્રી. નીલાંગી, ડો. શિરીષના માતુશ્રી. રતાડીયા (ગ.)ના મણીલાલ, ડો. રમેશ, અશ્વિન, કસ્તુર પ્રેમજી, ભુજપુર સુશીલા શાંતિલાલ, પત્રી ચંદન રમેશ, બેરાજા હેમલતા વિજય, ગુંદાલા કિરણ મનોજના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ડો. શિરીષ માલદે, એ-૧૬૦૧, ક્રિશીવ હેરિટેજ, દત્તપાડા રોડ, કેનેરા બેન્કની ઉપર, બોરીવલી (ઇ).

ટોડાના હિરબાઈ (લક્ષ્મીબેન) નાંગશી સંગોઇ (ઉં. વ. ૮૬) તા. ૨૨-૧૨-૨૪ના દેહ પરિવર્તન કરેલ છે. જીવાબાઈ મુરગના પુત્રવધુ. નાંગશીના પત્ની. હરીશ, પંકજ, જયેષ્ઠા, મધુના માતા. કારાઘોઘા હાંસબાઈ મુલજી વિરમના પુત્રી. ડુંગરશી, પ્રેમજી, ભુજપુર રતન રવિલાલ, કારાઘોઘા કેસર વિશનજીના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

ચીઆસરના કલ્યાણજી (દાદા) મારૂ (ઉં. વ. ૯૩), તા. ૨૨-૧૨-૨૪ ના અવસાન પામેલ છે. માલબાઈ હંસરાજના સુપુત્ર. પાનબાઈના પતિ. ખુશાલ, રતીલાલ, પ્રવિણ, હીરાલાલ, અજય, હિતેન્દ્ર, જવેર, ભારતી, કોકિલાના પિતા. નારાણપુર પુરબાઈ ચાંપશી દેશુ ગડાના જમાઈ. પરમાત્મ ભક્તિ : યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઇ), ટા. ૩ થી ૪.૩૦.

નવમા પાનાનું ચાલુ

## પોલીસે જ કરી

મુજબ, ન્યાયિક કસ્ટડીમાં હતા અને પરભણી જિલ્લા કેન્દ્રીય જેલમાં રાખવામાં આવ્યા હતા ત્યારે છાતીમાં દુખાવો અને અસ્વસ્થતાની ફરિયાદ કર્યા બાદ ૧૫ ડિસેમ્બરના રોજ તેમનું રાજ્ય સંચાલિત હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પરભણી હિંસાની ન્યાયિક તપાસના આદેશ આ પહેલાં જ આપ્યા છે. ફડણવીસે તાજેતરમાં રાજ્ય વિધાનસભામાં કહ્યું હતું કે સૂર્યવંશીએ મેજિસ્ટ્રેટને કહ્યું હતું કે તેમના પર અત્યાચાર કરવામાં આવ્યો નથી અને સીસીટીવી ફૂટેજમાં પણ ક્રૂરતાના કોઈ પુરાવા દેખાતા નથી.

સૂર્યવંશીના પરિવારને મળ્યા બાદ રાહુલ ગાંધીએ એવો દાવો કર્યો હતો કે, 'યુવાનની હત્યા એટલા માટે કરવામાં આવી હતી કારણ કે તે દલિત હતો અને બંધારણનું રક્ષણ કરી રહ્યો હતો. આ એકસો એક ટકા કસ્ટડીમાં નિપજાવવામાં આવેલું મૃત્યુ છે. પોલીસે તેની હત્યા કરી છે.' 'મુખ્ય પ્રધાન પોલીસને બચાવવા માટે વિધાનસભામાં ખોટું બોલ્યા હતા. આરએસએસની વિચારધારા બંધારણનો નાશ કરવાની છે, એવો આરોપ કોંગ્રેસના નેતાએ લગાવ્યો હતો.

ગાંધીએ એવી માગણી કરી હતી કે આ મામલો ઉકેલાય અને જેમણે આ માણસની હત્યા કરી તેમને સજા મળે.

'આ રાજકારણ નથી, હત્યા થઈ છે અને કાર્યવાહી થવી જ જોઈએ, એમ તેમણે કહ્યું હતું. પરભણીની ઘટના માટે કોણ જવાબદાર છે તે પૂછતાં ગાંધીએ કહ્યું, 'આ માટે વિચારધારા જવાબદાર છે અને મુખ્ય પ્રધાને બધાને બચાવ્યા હોવાથી તેઓ પણ જવાબદાર છે.' બાદમાં, ગાંધી વિજય વાકોડેના પરિવારને પણ મળ્યા હતા, જેની હિંસા બાદ પરભણીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન મૃત્યુ થયું હતું. અગાઉ ગાંધી દિલ્હીથી નાંદેડ એરપોર્ટ પર પહોંચ્યા અને રોડ માર્ગે પરભણી ગયા. તેમની સાથે મહારાષ્ટ્ર માટે એઆઈસીસીના પ્રભારી રમેશ ચેન્નીથલા, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલે અને અન્ય નેતાઓ હતા.

### બીડ, પરભણીના મૃતકોના પરિવારને દસ લાખની સહાય

મહારાષ્ટ્રના બીડમાં માર્યા ગયેલા સરપંચ અને પરભણીમાં પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામેલા દલિત લોના વિદ્યાર્થીની ઘટનાઓને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે બીડમાં સરપંચની હત્યા મામલે બેવડી તપાસ કરવામાં આવશે અને આરોપીઓ સામે મકોકા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

મહારાષ્ટ્ર વિધાનસભામાં યોજાયેલી ચર્ચાનો જવાબ આપતાં મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે ભારતના બંધારણનું અપમાન કરવું એ તમામ ભારતીયોનું અપમાન છે. બીડ જિલ્લામાં હત્યા કેસની ન્યાયતંત્ર અને એસઆઇટી દ્વારા બેવડી તપાસ કરવામાં આવશે. આ સિવાય પરભણી કેસની ન્યાયિક તપાસ કરાવવાની ખાતરી પણ તેમણે આપી છે. આ ઉપરાંત બીડમાં માર્યા ગયેલા સરપંચ સંતોષ દેશમુખ અને પરભણીમાં માર્યા ગયેલા સોમનાથ સૂર્યવંશીના પરિવારોને ૧૦ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત સાથે ફડણવીસે કહ્યું કે, બીડમાં, કેસની ન્યાયિક અને એસઆઇટી તપાસ સાથે જિલ્લા પોલીસ અધિક્ષકની બદલી કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે પરભણીમાં પોલીસ અધિકારી અશોક ગોરબંદને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શરદ પવારે પણ સીએમ દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરી બંને મુદ્દાઓ પર ધ્યાન આપી યોગ્ય આપવા કહ્યું હતું.

### સોમનાથની માતાનું શું કહેવું છે?

પરભણી જિલ્લામાં ૧૦ ડિસેમ્બરની હિંસાના મામલે ધરપકડ કરાયેલા સોમનાથ સૂર્યવંશી નામક વ્યક્તિનું પોલીસ કસ્ટડીમાં જ મોત થયું હતું, જેને લઈને વિપક્ષે ગંભીર આક્ષેપો કર્યા હતા. પોલીસના કહેવાનુસાર જેલમાં છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ સૂર્યવંશીનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. પરંતુ વિપક્ષે સોમનાથ સૂર્યવંશીને કસ્ટડીમાં માર માર્યો હોવાને કારણે તેનું મૃત્યુ થયું હોવાનો આક્ષેપ કર્યો હતો. સોમનાથ સૂર્યવંશીના મૃત્યુને લઈને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં આ સમગ્ર મામલે ખુલાસો કર્યો હતો. સોમનાથ સૂર્યવંશીની માતાનું કહેવું છે કે, મારા પુત્રના હાડકાં તોડીને મારી નાખવામાં આવ્યો. મારા પુત્રના મોતના પાંચ દિવસ પછી મને જાણ કરવામાં આવી. મને કહેવામાં આવ્યું કે તમારો પુત્ર સોમનાથ મરી ગયો છે, તેનો મૃતદેહ લઈ જાઓ. મારા પુત્રના હત્યારાઓને ફાંસીની સજા મળવી જોઈએ. અમે રાહુલ ગાંધીને અત્યાર સુધી જે કંઈ થયું તે બધું કહ્યું. સોમનાથ સૂર્યવંશીનું મૃત્યુ હાર્ટ અટેકથી આવ્યો હોવાનું મુખ્ય પ્રધાન કેવી રીતે કહી શકે? એવો સવાલ રાહુલ ગાંધીએ કર્યો હોવાનું સૂર્યવંશી પરિવારે જણાવ્યું હતું.

## રાહુલ વર્ષોથી

સંવેદનશીલ છે, અને તેણે આ સમગ્ર મામલાની ન્યાયિક તપાસની જાહેરાત કરી દીધી છે. ''ન્યાયિક તપાસમાં બધું સત્ય બહાર આવશે. કશું જ છુપાવવામાં આવશે નહીં, તેનું કોઈ કારણ પણ નથી અને જો તપાસમાં એવું બહાર આવશે કે મૃત્યુ હુમલો કે અન્ય કોઈ કારણોસર થયું છે, તો કોઈને પણ માફી આપવામાં આવશે નહીં અને કડક કાર્યવાહી કરવામાં આવશે.'

આજે વહેલી સવારે રાહુલ ગાંધી મહારાષ્ટ્રના પરભણીમાં થયેલી હિંસા બાદ ન્યાયિક કસ્ટડીમાં મૃત્યુ પામેલા સોમનાથ સૂર્યવંશીના પરિવારને મળ્યા હતા. દસમી ડિસેમ્બરની સાંજે મરાઠવાડા પ્રદેશમાં આવેલા શહેરના રેલવે સ્ટેશનની બહાર ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે કાચની બંધ પેટીમાં રખાયેલી બંધારણની પ્રતિકૃતિ તોડવામાં આવ્યા બાદ પરભણીમાં હિંસા થઈ હતી. પરભણીના શંકર નગરના રહેવાસી સોમનાથ સૂર્યવંશી હિંસાના સંદર્ભમાં ધરપકડ કરાયેલા ૫૦થી વધુ વ્યક્તિઓમાં સામેલ હતા. ૧૫ ડિસેમ્બરના રોજ તેમનું રાજ્ય સંચાલિત હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું જ્યાં તેમને ન્યાયિક કસ્ટડીમાં છાતીમાં દુખાવો અને બેચેનીની ફરિયાદ બાદ તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા અને પરભણી જિલ્લા કેન્દ્રીય જેલમાં રાખવામાં આવ્યા હતા.

## ૬૭-૬૮ વર્ષનાને

નેતાઓને થોડીવાર રાહ જોવાનું કહેવું પડ્યું હતું.

જોકે, કેટલાકે અસંતોષ વ્યક્ત કર્યો હતો. વાસ્તવિકતા એ છે કે કેબિનેટમાં નવા ચહેરાઓને પણ તક આપવાની જરૂર છે. કેટલીકવાર દિગ્ગજ નેતાઓને રાજ્ય સ્તરે ભૂમિકાઓ આપવાને બદલે, અમે તેમને કેન્દ્રીય સ્તરે તકો આપવાનું પણ વિચારતા હોઇએ છીએ. તેઓ યોગ્ય આદરના હકદાર હોવાનું માને છે અને હું તેમને ખાતરી આપું છું કે તેમની માન્યતા સાથે ચેડા નહીં થાય.

રસપ્રદ વાત એ છે કે ભુજબળે પણ ઓબીસી નેતાઓ સાથે બેઠક કરી છે. ઓબીસી નેતાઓની બેઠક બાદ, ભુજબળે મીડિયાને સંબોધન કર્યું હતું અને અજિત પવારના નેતૃત્વ પ્રત્યેના તેમના અસંતોષનો પુનરોચ્ચાર કર્યો હતો. ''યુવાન નેતાઓને તક આપવી એ સારો વિચાર છે, પરંતુ યુવાન તરીકે કોણ લાયક છે તેની સ્પષ્ટ વ્યાખ્યા હોવી જોઈએ. કોઇ વ્યક્તિને યુવાન ગણવા માટેની વય મર્યાદા શું છે? શું ૬૭ કે ૬૮ વર્ષની ઉંમરના વ્યક્તિને હજુ પણ યુવાન ગણવો જોઈએ? આ બાબતે સ્પષ્ટતા હોવી જરૂરી છે, '' એમ તેમણે કહ્યું હતું.

## કાટમાળ ફેંકવા બદલ

કાઢ્યું હતું. જ્યાં ખુલ્લા પ્લોટ પર બાંધકામનો કાટમાળ ફેંકવામાં આવી રહ્યો હતો. દંડ ઉપરાંત મહારાષ્ટ્ર રિજનલ એન્ડ ટાઉન પ્લાનિંગ (એમઆરટીપી) એક્ટ, ૧૯૯૬ હેઠળ માલિક/ કબજેદાર સામે જરૂરી મંજૂરી વગર ગેરકાયદે રીતે જમીનની ભરણી બદલ કાર્યવાહી કરવામાં આવી હતી.

### ડેવલપમેન્ટના કામ પર નજર રખાશે

ક્લીન-અપ માર્શલ્સ અને પાલિકાના ખાસ અધિકારી-કર્મચારીઓ દ્વારા રસ્તાના કામ તેમ જ વોર્ડ સ્તરે ચાલી રહેલા વિકાસ કામની સાઈટ પર અચાનક ઈન્સ્પેશન કરવાનું રહેશે. રસ્તા પરના કાટમાળ, બાંધકામ મટિરિયલનો યોગ્ય નિકાલ લાવવાનો રહેશે. પાલિકા તરફથી ચાલુ કરવામાં આવેલી 'ડ્રેબિઝ ઓન કોલ' સુવિધાનો ઉપયોગ નાગરિકો વધુમાં વધુ કરે અને તેનો કાયદેસર રીતે નિકાલ કરવામાં આવે તેના પર ધ્યાન આપવામાં આવશે.

## 'બેસ્ટ'ને પગાર

બસમાં પ્રતિદિન ૩૫ લાખથી વધુ મુંબઈગરા પ્રવાસ કરે છે. પરંતુ હવે બેસ્ટના ભવિષ્ય અંધારમય થઈ ગયું છે. બેસ્ટ ઉપક્રમની આર્થિક હાલત એકદમ કથળી ગઈ છે અને આગામી બે મહિના બાદ કર્મચારીઓને આપવા માટે તેની પાસે પૈસા પણ ન હોવાની પરિસ્થિતિ ઊભી થઈ હોવાનો દાવો બેસ્ટ કામગાર સેનાના અધ્યક્ષ સુહાસ સામંતે કર્યો છે, તેને કારણે બેસ્ટના ૨૪,૦૦૦ કર્મચારીઓનું ભવિષ્ય સામે પણ પ્રશ્નાર્થ નિર્માણ થયો છે. પાલિકા કમિશનરે બેસ્ટ ઉપક્રમની જવાબદારી લેવાથી હાથ ઉપર કરી દીધા હોવાનો દાવો પણ યુનિયને કર્યો છે. તેના વિરોધમાં બેસ્ટ કામગાર સેના તરફથી ગુરુવાર, ૨૬ ડિસેમ્બરથી કાળી પટ્ટી લગાવીને કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરવાના છે. મુંબઈના સામાન્ય ગરીબ લોકોને પણ પરવડે એવા ભાવે બેસ્ટની બસની ટિકિટ રાખવામાં આવી છે. બેસ્ટના બસના ભાડામાં વધારો થયો નથી. તેથી લાંબા સમયથી બેસ્ટની આર્થિક પરિસ્થિતિ વધુ કંગાળ થઈ રહી છે. તેથી પાલિકા પ્રશાસને બેસ્ટ ઉપક્રમને મદદ કરવી જોઈએ અને બેસ્ટની જવાબદારી લેવી જોઈએ એવી માગણી ફરી એક વખત બેસ્ટ કર્મચારીઓના યુનિયન બેસ્ટ કામગાર સેના તરફથી કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે બેસ્ટ કામગાર યુનિયને પાલિકા કમિશનર સાથે બેઠક કરી હતી તે સમયે તેમણે બેસ્ટની જવાબદારી લેવાની વિનંતી કમિશનરને કરી હતી. પરંતુ કમિશનરે કોઈ પ્રતિસાદ આપ્યો નહોતો. તેથી બેસ્ટ કર્મચારીઓએ હવે આંદોલન કરવાનો નિર્ણય લીધો છે. બેસ્ટ ઉપક્રમના યુનિયનના કહેવા મુજબ પાલિકાના કાયદા '૧૮૮૮-૬૩-એ' મુજબ બેસ્ટ ઉપક્રમની જવાબદારી પાલિકાની છે. તેથી બેસ્ટ ઉપક્રમ ખોટમાં હોવાથી પાલિકાએ આવશ્યક તમામ પ્રકારની મદદ કરવી આવશ્યક છે. એ સિવાય પાલિકા પણ બેસ્ટને પોતાનો ભાગ ગણાવે છે, તેથી તેમણે બેસ્ટની જવાબદારી લેવી જ જોઈએ એવી માગણી પણ યુનિયને કરી હતી.

### યુનિયનની માગણી

બેસ્ટનું ખાનગીકરણ રોકીને પોતાની માલિકીની ગાડીઓની સંખ્યા વધારવી, એક્સિડન્ટ ટાળવા માટે કૉન્ટ્રેક્ટ પર રહેલી ગાડીઓને દૂર રાખી એવી માગણી પર બેસ્ટ કામગાર સેના તરફથી કરવામાં આવી હતી. આ બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને નિવેદન પણ આપવામાં આવ્યું છે.

## એ તો ભુજબળને

છે કે કેમ તે પૂછવામાં આવતા છગન ભુજબળે વિગતવાર માહિતી આપવાનો ઇનકાર કર્યો અને કહ્યું કે કૅબિનેટના વિસ્તરણમાં તેમની અવગણનાના મુદ્દા પર તેમણે પહેલા જ પોતાનો વિચાર વ્યક્ત કર્યા છે.

રવિવારે મહારાષ્ટ્રના વિવિધ ભાગોના ઓબીસી સંગઠનોના પ્રતિનિધિઓ તેમને શહેરમાં મળ્યા હતા. નાશિક જિલ્લાના યેવલા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા એનસીપીના નેતાએ શનિવારે નાગપુરમાં પૂર્ણ થયેલા રાજ્ય વિધાનસભાના શિયાળુ સત્રમાં હાજરી આપી ન હતી. મહાયુતિના ૩૯ વિધાનસભ્યોએ પ્રધાન તરીકે શપથ લીધાના એક દિવસ પછી એટલે કે સત્રના પહેલા જ દિવસે તેઓ નાશિક જવા રવાના થયા હતા.

## પ્રદૂષણ પર લગામ

સૂચના આપવામાં આવી છે. સૂચનાનું પાલન કરવામાં નિષ્ફળ જનારા સામે શિસ્તભંગનાં પગલાં લેવાની ચીમકી પાલિકા પ્રશાસને આપી છે.

પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે પાલિકએ તમામ વિભાગને સૂચના આપી છે. છતાં હવામાં રહેલા ધૂળના કણો માટે વિકાસકામોને જવાબદાર માનવામાં આવે એ છે, તેથી તેમના પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની સૂચના પણ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે આપી છે. તે માટે રસ્તાના કૉંક્રીટીકરણના કામ, વોર્ડ સ્તરે ચાલી રહેલા બાંધકામ, કાટમાળનું ટ્રાન્સપોર્ટેશન, ડેવલપમેન્ટના કામના રો-મટિરિયલને લાવતાં વાહનો પર ખાસ ધ્યાન આપવાની સૂચના આપવામાં આવી છે. પાલિકાના પચીસ પ્રશાસકીય વોર્ડના તમામ આસિસ્ટન્ટ એન્જિનિયરોને કામ પર ખાસ ધ્યાન આપવાની સૂચના આપવામાં આવી છે અને દૈનિક અહેવાલની નોંધ પણ તેમણે તૈયાર રાખવી પડવી છે.

એ સિવાય દરેક અઠવાડિયામાં કાર્યવાહી, ઈન્સ્પેશન જેવા કામનો અહેવાલ પણ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના ચીફ એન્જિનિયર અને ડેપ્યુટી કમિશનરને રજૂ કરવો પડશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા




## નિવૃત્તિ પછીના પ્રવાસમાં વધુ આરામ સાથે વધુ આનંદ આ રીતે પણ મેળવી શકાય...

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

લલિતભાઈ એમની પત્ની પુષ્પાબહેન અને મિત્ર અરુણભાઈનાં વિધવા કિરણબહેન મુંબઈથી છેક દાર્જિલિંગ સુધી જઈ આવ્યાં હતાં. આટલા દૂરના પ્રવાસને લીધે એ ત્રણેય સખત થાકી ગયાં હતાં. લલિતભાઈ અને અરુણભાઈ ૩૦ વર્ષથી ગાઢ મિત્રો હતા. એમની દુકાન પ્રાર્થનાસમાજ વિસ્તારમાં બાજુબાજુમાં હતી. લલિતભાઈની દુકાન કરિયાણું, સૂકો મેવો તથા અન્ય ખાદ્યપદાર્થોની હતી, જ્યારે અરુણભાઈનો બિઝનેસ ફર્નિશિંગ, અલ્પહોલ્સ્ટરી, વગેરેનો હતો. આ બંને સારા મિત્રો એક જ વિસ્તારમાં રહેતા હોવાથી એમનાં પરિવાર પણ નિકટ આવી ગયા હતા. વળી, એમનાં સંતાનો પણ લગભગ સરખી ઉંમર... એ બધા ફિલ્મ જોવા, પિકનિક પર કે રજાઓમાં બહાર ફરવા માટે સાથે જ જતા. દર વર્ષે ઉનાળા દરમિયાન ફરવા જવાનો એમનો ક્રમ હતો. અરુણભાઈ થોડા વખત પહેલાં હાર્ટ ઍટેકથી અવસાન પામ્યા બાદ પણ એમના પરિવારનો લલિતભાઈના કુટુંબ સાથેનો સંબંધ યથાવત છે.

જોકે, હવે ઉંમર વધવાની સાથે લલિતભાઈ, પુષ્પાબહેન અને કિરણબહેન લાંબો પ્રવાસ કરી શકતાં નથી. આજકાલ ક્યાંય પણ જવું હોય તો હવાઈપ્રવાસ કરે, છતાં થાકી જાય છે.

પ્રવાસ કરવાનું બધાને ગમે, પરંતુ વધતી ઉંમરને લીધે થાક લાગે એ સ્વાભાવિક છે. આવું જ આ બંને પરિવારના વડીલોની સાથે થયું. વિમાનમાં પણ લાંબો પ્રવાસ કંટાળાજનક હોય છે. ઘણા લોકોને વિમાનમાં અપાતો ખોરાક પણ ફાવતો નથી. મારા એક મિત્રનાં મમ્મીએ મને કહ્યું હતું કે એ વિદેશપ્રવાસે જાય ત્યારે ઘરનું ભોજન જ લઈ જાય છે. ઍરહોસ્ટેસ વિમાનમાં ખાવાનું ગરમ કરી આપે છે. મારા ઓળખીતા એક શાળાના આચાર્યે મને કહ્યું હતું કે એમને લાંબા વિમાન પ્રવાસમાં ઘણી અગવડ પડે છે. આથી એ બે ટુકડે પ્રવાસ કરે છે. વચ્ચેના ઍરપોર્ટ પર છથી આઠ કલાકનો વિરામ હોય ત્યારે હોટેલ બુક કરીને આરામ કરી લેવો અને પછી બીજા તબક્કાનો પ્રવાસ કરવો એવો ક્રમ એમણે ગોઠવી લીધો હતો. એમણે એમ પણ કહ્યું હતું કે ફટાફટ પહોંચીને પછી બે-ત્રણ દિવસ થાક ઉતારવા માટે ઘરે રહેવું પડે એમાં કોઈ મજા નથી,

જ્યારે એ બે તબક્કામાં પ્રવાસ કરતા હોવાથી મુકામે તાજામાજા પહોંચી શકે છે. વિમાનમાં રાતે જવું ન પડે એવી રીતે અને ટ્રેનમાં જવાનું હોય ત્યારે રાતની ઊંઘ પૂરી થાય એવી રીતે પ્રવાસ ગોઠવતા.

નિવૃત્ત વ્યક્તિઓએ પ્રવાસ કર્યા બાદ સ્થાનિક વાતાવરણને અનુકૂળ થવા માટે થોડો સમય રહ્યા બાદ જ પ્રવૃત્તિઓ કરવાનું કે ફરવા જવાનું ગોઠવવું. વળી, દરરોજ અને લાંબા સમય માટેનું સાઈટ-સીઈંગ પણ રાખવું નહીં. તમારી તબિયત સાથ આપે એ રીતે અડધો દિવસ કે સવાર-સાંજ બે ભાગમાં ફરવા જવું અને બપોરે આરામ કરવો. આ રીતે વધારાના થાકથી બચી શકાય છે.

સારું ખાવાપીવાનું બધાને ગમતું હોય છે, પરંતુ સ્વાદના શોખ પૂરા કરવા હોય તો ઘરમાં જ કરવા. બહાર જાઓ ત્યારે હલકો ખોરાક જ લેવો. તેનાથી શરીરમાં સ્ફૂર્તિ રહે છે. વિદેશપ્રવાસ વખતે કોઈ મંદિર કે ધાર્મિક સંસ્થામાં રેસ્ટોરાં હોય ત્યાં જમવું. પહેલી વાત તો એ કે તેમાં શાકાહારી ખાવાનું મળે છે અને બીજું એ કે ત્યાંનો ખોરાક આરોગ્યપ્રદ હોય છે.

ટૂંકમાં, એટલું જ કહેવાનું કે મોટી ઉંમરે -નિવૃત્તિ પછી પ્રવાસ કરવાનું ટાળવાને બદલે બહાર જતાં પહેલાં થોડું પ્લાનિંગ કરી લેવું. આ રીતે અગાઉ ઓછી ઉંમરે આવતી હતી એટલી જ મજા માણી શકાશે. ■

## આ રિવર્સ મોર્ગેજ લોન એટલે શું?

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

રહેણાક મિલકત વૃદ્ધાવસ્થામાં, ખાસ કરીને વારસદારો નહીં ધરાવતા વરિષ્ઠ નાગરિકોને કેવી રીતે ઉપયોગી થઈ શકે છે એનું એક સારું ઉદાહરણ એટલે રિવર્સ મોર્ગેજ લોન.

આ પ્રકારની લોન ભારતમાં શરૂ થયાને સારો એવો સમય થઈ ગયો છે, પરંતુ લોકોમાં એના વિશે વધુ જાગરૂકતા નથી. તો ચાલો, ઘર વેચ્યા વગર એમાંથી નિયમિત રકમ પ્રાપ્ત કરવા માટેના આ વિકલ્પ વિશે જાણી લઈએ...

પોતાની માલિકીના ઘરને વેચ્યા વગર એને રિવર્સ મોર્ગેજમાં આપીને દર મહિને અમુક નિશ્ચિત રકમ પ્રાપ્ત કરી શકાય એવી આ વ્યવસ્થા છે. આ પ્રકારની લોનનો સૌથી મોટો ફાયદો એ છે કે વરિષ્ઠ નાગરિકોએ પોતાના બાકી રહેલા આયુષ્યમાં એની પરત ચુકવણી કરવાની હોતી નથી. આમ એમના પર મુદ્દલ અને વ્યાજની ચુકવણીનો બોજો આવતો નથી.

આપણે જાણીએ છીએ કે સામાન્ય રીતે રહેણાક પ્રોપર્ટી ભાડે આપીને એમાંથી આવક પ્રાપ્ત કરી શકાય છે. કેટલાક લોકો પ્રોપર્ટીની સામે લોન પણ લઈ લેતા હોય છે. જોકે, હવે આ બન્ને વિકલ્પ ઉપરાંત રિવર્સ મોર્ગેજનો વિકલ્પ ઉપલબ્ધ થયો છે.

રિવર્સ મોર્ગેજ કઈ રીતે કામ કરે છે એનું એક ઉદાહરણ લઈએ. ધારો કે તમારી પાસે રહેણાક પ્રોપર્ટી છે. તમે કોઈ બૅન્ક પાસેથી રિવર્સ મોર્ગેજના આધારે લોન લેવા માગો છો. બૅન્ક તમારી પ્રોપર્ટીનું મૂલ્યાંકન કરવા માટે વેલ્યૂઅરને મોકલશે. એમણે આપેલા વેલ્યૂએશન રિપોર્ટના આધારે બૅન્ક તમને તમારા ઘરની સામે મહત્તમ કેટલી લોન મળી શકે છે એ જણાવશે. મોટા ભાગની બૅન્કો રિવર્સ મોર્ગેજ સ્કીમ હેઠળ ઘરના મૂલ્યના ૮૦ ટકા સુધીની લોન આપે છે. આ વાત એક ઉદાહરણ દ્વારા સમજીએ...

ધારો કે તમારા ઘરનું મૂલ્ય એક કરોડ રૂપિયા છે તો એ સ્થિતિમાં તમને મહત્તમ ૮૦ લાખ રૂપિયાની લોન મળી શકે છે. જોકે, લોન આપતી વખતે બૅન્ક કરજ લેનારની ઉંમર, પ્રવર્તમાન વ્યાજદર વગેરે પરિબળોનો પણ વિચાર કરશે.



પ્રોપર્ટી સામે લોન આપવામાં આવે ત્યારે એકસામટી રકમ મળે છે, પરંતુ રિવર્સ મોર્ગેજમાં દર મહિને, ત્રણ મહિને, છ મહિને કે વર્ષે અથવા એકસામટી અથવા બન્ને પક્ષે નક્કી થયેલી શરતો મુજબ રકમ મેળવવાના વિભિન્ન વિકલ્પ ઉપલબ્ધ હોય છે. ઉક્ત ત્રણે વિકલ્પનું સંયોજન પણ કરી શકાય છે.

આ લોન પરના વ્યાજદરમાં દર ત્રણ મહિને ફેરફાર કરવામાં આવે છે તથા લોનની મુદત મહત્તમ ૨૦ વર્ષની હોય છે. જોકે, મોટા ભાગની બૅન્કો ૧૫ વર્ષની લોન આપવાનું જ પસંદ કરે છે.

કરજદારને નક્કી થયેલી શરતો મુજબ જેટલી રકમ ચૂકવવામાં આવે એના પર વ્યાજ લાગુ કરવામાં આવે છે. સમય જતાં કરજદારને મળતી રકમ સતત વધતી જાય છે અને તેથી જેમ જેમ વધુ સમય પસાર થાય તેમ તેમ રિવર્સ મોર્ગેજ લોન પરના વ્યાજનું પ્રમાણ વધતું જાય છે. વ્યાજની આ રકમ બૅન્કે મંજૂર કરેલી રકમમાંથી બાદ કરવામાં આવે છે અને એના આધારે દર મહિને અપાનારી રકમ નક્કી થાય છે.


લોનની મુદતના અંતે બૅન્ક પાસેથી મળનારી રકમ બંધ થઈ જશે, પરંતુ એ લોન પાછી ચૂકવવાની જરૂર નહીં પડે. કરજદાર પોતાની રહેણાક પ્રોપર્ટીમાં રહી શકશે. જો કરજદાર ઘર વેચવાનું નક્કી કરે અથવા કાયમ માટે ઘર છોડીને બીજે રહેવા જાય અથવા મૃત્યુ પામે એ જ સંજોગોમાં બૅન્ક એ પ્રોપર્ટીની માલિકી લઈ લેશે. જો કરજદારનું મૃત્યુ થાય અથવા એ કાયમ માટે પ્રોપર્ટી છોડીને બીજે રહેવા જાય એ સ્થિતિમાં ઘરના વેચાણ દ્વારા વ્યાજ અને મુદ્દલ પ્રાપ્ત કરવામાં આવે છે.


આમ તો કરજદાર કે એમના વારસદાર વ્યાજ અને મુદ્દલની ચુકવણી કરીને ઘરને મોર્ગેજમાંથી મુક્ત પણ કરાવી શકે છે. વળી, કરજદાર કે એમના વારસદાર મુદત પૂર્વે પણ લોન પરત કરી શકે છે.

વધતી જતી આયુ અને વારસદાર વિનાનાં નિવૃત્ત એવાં પુરુષ-સ્ત્રી માટે આ એક આદર્શ વિકલ્પ કહી શકાય. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

## ટેટૂ ને પિયર્સિંગનો શોખઃ
# આરોગ્ય માટે ક્યારેક આફત પણ બની જાય !





પિર્સિંગ કે પિયર્સિંગ જેને આપણે ગુજરાતીમાં વેધન કે વીંધવું કહીએ છીએ અને ટેટૂ એટલે કે છૂંદણાં. આ બન્ને શરીર સજાવટની કળા પ્રાચીન કાળથી ચાલી આવી છે. આ બન્ને સૌંદર્ય સંવર્ધન માટે વિશેષ રૂપે ઉપયોગમાં લેવાતા હતા. આ બન્ને કળા ગુજરાત અને કચ્છમાં વધુ લોકપ્રિય છે.

આ કળાનું ચલણ સ્ત્રીઓમાં આજે પણ ખાસ જોવા મળે છે. વેધન ક્રિયા દ્વારા ત્વચામાં છિદ્ર કરી દાગીના, જેમ કે કાનમાં બુટ્ટી અને નાકમાં નથ પહેરવાની પરંપરા તો લગભગ બધા જ પ્રદેશની જ્ઞાતિઓમાં રહી છે. પુરુષ પણ કુંડળ પહેરતા આવ્યા છે. મહાભારત કાળમાં પણ વેધનની પરંપરા હતી.

જોકે તે સિવાય પિયર્સિંગ શરીરના અન્ય ભાગમાં પણથાય છે. ટેટૂ એ ત્વચા પર સોય અને રંગીન શાહીથી બનેલી ડિઝાઇન છે. ટેટૂ કાયમી અને હંગામી પણ બનાવવામાં આવે છે.

એક જમાનાની આ પ્રથા હવે તો ફેશનરૂપે ઘણી પ્રસરી ગઈ છે. કાન-નાક તો ઠીક, પણ શરીરના અનેક અંગ પર વેધન અને છૂંદણાં કરવામાં આવે છે. જીભ, હોઠ, ડૂંટી ઉપરાંત આજની પેઢીના તરુણ-તરુણીઓ તો ડૂંટીથી લઈને શરીરના અંગત ભાગો ઉપર પણ પિયર્સિંગ કરાવતા અચકાતા નથી. છૂંદણાંનું પણ એવું જ છે. પહેલા તો છૂંદણાં શરીરના દેખાતા ભાગ, જેવા કે હાથ, ચહેરો, ગળા કે પગ ઉપર કરાવતા. હવે શરીરના ન દેખાતા ભાગો ઉપર ટેટૂ-છૂંદણાંની ફેશન યુવાનોમાં સામાન્ય થઇ ગઈ છે.

જોકે, અહીં પણ યુવાનોએ સાવધાન થવાની જરૂર છે. વગર વિચાર્યે મન ફાવે ત્યાં છૂંદણાં કે વેધન કરાવવાનો ગાંડો શોખ ક્યારેક આફત પણ નોતરી શકે છે.

ટેટૂની શાહી અને સોય નુકસાન પહોંચાડી શકે છે તો વેધનના ઘા પણ જો કાળજી લેવામાં ન આવે તો ગંભીર ચેપનું જોખમ બની શકે.

આથી આ બન્ને ફેશન અપનાવતી વખતે અમુક વાતનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. વેધન અને ટેટૂને કારણે અનેક પ્રકારના ઈન્ફેક્શન પણ થઈ શકે છે.

કેલોઇડ્સ, એક પ્રકારનો ડાઘ જે હીલિંગ દરમિયાન રચાય છે

આનાથી હેપેટાઇટિસ, એચઆઇવીનું સંક્રમણ, ત્વચાનું કેન્સર,ઈત્યાદિ થઈ શકે. અલબત્ત, ટેટૂથી ત્વચાનું કેન્સર થાય છે તે સાબિત થયું નથી, પરંતુ ટેટૂની શાહીમાં કેટલાક ઘટક એવાં હોઈ શકે, જે કેન્સરનું કારણ બની શકે. કેન્સરની વાત આવે છે ત્યારે કાળી શાહી ખાસ કરીને ખતરનાક બની શકે છે કારણ કે તેમાં બેન્ઝો(એ)પાયરીનનું ઉચ્ચ સ્તર હોય છે. ‘ઇન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર (આઇએઆરસી)’ દ્વારા બેન્ઝો(એ)પાયરીનને ‘કાર્સિનોજેનિક’ (કેન્સર ફેલાવી શકે એવું) ગણાવવામાં આવ્યું છે.

ટેટૂના કારણે અન્ય સમસ્યા પણ સર્જાઈ શકે,જેમકે ટેટૂના રંગ એલર્જીક પ્રતિક્રિયાઓનું કારણ બની શકે છે (જે વર્ષો પછી પણ વિકસી શકે ).

એલર્જીક પ્રતિક્રિયાનાં લક્ષણોમાં ટેટૂ ચીતરાવ્યું હોય ત્યાં ફોલ્લીઓ થઈ શકે છે. ટેટૂ સાઇટ પર સોજો થવો કે ત્યાં બળતરા થઈ શકે.

ટેટૂ કે વેધન વખતે આ વાતનું ખાસ ધ્યાન રાખો ..


જો તમને ત્વચા કે લોહી સંબંધિત કોઈ વિકૃતિ હોય તો ટેટૂ કરાવવાનો વિચાર છોડી દો. ડાયાબિટીસ ધરાવતા લોકોએ ટેટૂ ન કરાવવું જોઈએ, તેનાથી ચેપનું જોખમ વધી શકે છે.


ટેટૂ કે પિયર્સિંગ કરનાર વ્યક્તિ હાથમાં મોજા પહેરી રાખે તે પણ જરૂરી છે, જેથી વ્યક્તિથી વ્યક્તિને લાગી શકતો કોઈ ચેપ લાગી ન જાય.

સસ્તા અને બિનવ્યાવસાયિક સ્થળે ટેટૂ કરાવવાનું ટાળો.

શરીરના કોમળ અંગ અને જનનાંગો પર પિયર્સિંગ જેવી ફેશનનો મોહ ટાળો. કુદરતે આ અંગ કોઈ અન્ય કાર્ય માટે આપ્યા છે- ફેશન માટે નહીં.

સુંદર દેખાવા માટે ટેટૂ કે પિયર્સિંગ કરાવો તેનો વાંધો નહીં, પણ તેનો અતિરેક કરીનેઆરોગ્યનું જોખમ વહોરી લેવું એ શાણપણ નથી.આ વાત યુવાનોએ ખાસ યાદ રાખવા જેવી છે. ■






■ એચ. એન. ગોલીબાર

**મુન્નાને તો એણે પોતાના જ હાથે છરીથી મારી નાખ્યો હતો. એને પેટીમાં પૂરી દીધો હતો. પેટીમાંથી મુન્નાની લાશ જરૂર ગાયબ થઈ ગઈ હતી અને અત્યારે ખુદ મુન્નો જીવતી હાલતમાં એની સામે હતો!**

જીમીના મનમાં હવે ફફડાટ જાગ્યો. જો અહીં રાત પડી જશે તો પછી એ પોતાના રક્ષણની વ્યવસ્થા કઈ રીતે કરી શકશે?

ગુલુ પર એ વધુ વિશ્વાસ રાખી શકે એમ નહોતો. જીમીને વિશ્વાસ હતો કે હજુ સુધી ગુલુ બે કરોડ રૂપિયાવાળી પેટી અને મુન્નાની લાશ વિષે બેખબર હતો.

અંધારું છવાઈ ગયું હતું. ગુલુએ પોતાના બેઉ હાથ બગલામાં દબાવતાં કહ્યું: 'સાહેબ! તમારી પાસે બે કામળા હોય તો એમાંથી એક મને આપોને! ખૂબ જ ઠંડી લાગી રહી છે.'

'મારી પાસે એક પણ કામળો નથી.' જીમીએ ગભરાઈને કહ્યું.

'તો પછી તમારી પેલી મોટી બૅગમાં શું છે? આ તો ખૂબ જ ભારે છે?'

'મારાં કપડાં અને થોડો સામાન છે.' જીમીએ ગુલુથી પોતાની નજર બચાવતાં કહ્યું.

'તો સાહેબ! આપણે આવી ઠંડી રાત અહીં કઈ રીતે વિતાવીશું?'

'ટૅક્સીની અંદર બેસીને કાચ ચઢાવી લઈશું....' કહેતાં જીમી ટૅક્સી તરફ આગળ વધ્યો.

'સાહેબ! ટૅક્સીમાં પણ ઠંડી લાગશે.... જરા અહીં આવો તો....!'

જીમી પાછો ફર્યો.

ગુલુએ દૂર....દૂર.... લાઇટોનાં ટપકાંઓ બતાવતાં કહ્યું: 'ત્યાં કોઈક મકાન-બકાન જેવું લાગે છે, તમે ત્યાં જઈને રાત રોકાવ અને હું અહીં જ રહીશ કે જેથી જો પોલીસ આપણો પીછો કરતી-કરતી અહીં આવી પણ જાય તો હું એને ખોટા રસ્તે દોરી શકું. એટલે તમે એકલા જ ત્યાં જાવ.'

'પણ! મારી પેટીઓ.... એને ટૅક્સીમાં જ મૂકીને જાઉં?'

'જી ના! હું એને ત્યાં મકાન સુધી પહોંચાડી દઉં છું.' કહેતાં ગુલુ ટૅક્સીની ડીકી પાસે ગયો અને પેટી કાઢવા લાગ્યો.

જીમી આ જ ઇચ્છતો હતો.

ગુલુએ બન્ને પેટીઓ માથા પર મૂકી દીધી અને એ મકાન તરફ ચાલવા લાગ્યો. જીમી પણ એની પાછળ-પાછળ ચાલવા લાગ્યો.

મકાન એકલું-અટૂલું હોય એવું લાગતું હતું. એની આસપાસ કોઈ બીજી વસ્તી હોય એવું લાગતું નહોતું.

ગઈ કાલ આખી રાતનો ઉજાગરો અને આજની ભાગદોડથી જીમીની આંખો લાલ-લાલ થઈ ગઈ હતી.

અત્યારે ચારે તરફ કાળું ઘોર અંધારું થઈ ગયું હતું. ઊંચા-ઊંચા પહાડ રાક્ષસો જેવા ભાસતા હતા. દૂર મકાનની લાઇટ સિવાય કંઈ જ બરાબર જોઈ શકાય એમ નહોતું.

આગળ ગુલુ જાણે શહેરની પાકી સડક પર સહેલાઈથી ચાલતો હોય એમ ચાલી રહ્યો હતો, જ્યારે પાછળ જીમી પથ્થરો સાથે પગથી લડતો-ઝઘડતો આગળ વધી રહ્યો હતો.

જીમીના દિલમાં અત્યારે અચાનક ડરે જન્મ લીધો હતો. કારણ કે, થોડીક-થોડીક વારે ઝાડી-ઝાંખરાંઓમાંથી કોઈક પક્ષીની ભયાનક ચીસ સંભળાઈ જતી હતી.

મકાન પાસે પહોંચ્યા પછી જીમીને ખ્યાલ આવ્યો કે આ તો કોઈક મકાનનો પાછળનો ભાગ છે.

ગુલુએ બન્ને પેટીઓ નીચે મૂકી અને પછી હાશનો શ્વાસ નાખતાં બોલ્યો: 'સાહેબ! હવે તમે મકાનમાં જતા રહો, હું ટૅક્સીમાં પાછો જાઉં છું. આ મકાનનો દરવાજો પેલી બાજુ લાગે છે. તમે ફરીને પેલી બાજુ જતા રહો.' કહીને ગુલુ પાછો ફર્યો અને અંધારામાં એ જીમીની નજર સામેથી ગાયબ થઈ ગયો.

જીમીએ એક નજર મકાન પર નાખી. ખૂબ જ મોટું લાગતું હતું. આગળની તરફના કમરામાં લાઈટ સળગતી હોય એવું લાગતું હતું.

જીમીએ નાછૂટકે બન્ને પેટીઓ ઉઠાવી અને મકાનના આગળના ભાગ તરફ આગળ વધ્યો, એ થોડુંક ચાલ્યો હશે ત્યાં એને ખ્યાલ આવ્યો કે, નોટોનાં બંડલોવાળી અને મુન્નાની લાશવાળી પેટી કંઈક હલકી થઈ ગઈ છે.

એણે પેટી નીચે મૂકી દીધી. એણે વિચાર્યું કે, પેટી હલકી થઈ છે એ એનો વહેમ હશે, પરંતુ ત્યાં જ એના મગજમાં એક બીજો પણ વિચાર સળવળ્યો. આ મકાનમાં મુન્નાની લાશવાળી પેટી લઈ જવાને બદલે મુન્નાની લાશ કાઢીને અહીં જ દાટી દેવી જોઈએ જેથી એક બબાલ જાય. એક ચિંતા ઓછી થાય.

આ વિચાર આવતાં જ એ નીચે બેઠો. વળી એને ખ્યાલ આવ્યો કે, જો ગુલુ હજુ આસપાસમાં જ હશે અને એ બે કરોડ રૂપિયાનાં બંડલો અને મુન્નાની લાશ જોઈ જશે તો...!

એ ઊભો થયો અને થોડેક દૂર સુધી સાવધાનીથી ચક્કર માર્યું. ગુલુ એટલામાં ક્યાંય દેખાયો નહીં કે છુપાયો હોય એવું પણ લાગ્યું નહીં, એટલે જીમી પાછો બન્ને પેટીઓ પાસે આવ્યો અને એક નજર એણે મોટા મકાનની બારીઓ પર નાખી...

ત્યાંથી તો કોઈ એને જોતું નથી ને....?

ના, બારીમાંથી કોઈ એને જોતું નહોતું.

જીમીએ મોટી પેટી આડી કરી અને ખિસ્સામાંથી ચાવી કાઢીને એણે તાળું ખોલ્યું. અને પછી એક ઝાટકા સાથે એણે પેટીનું ઢાંકણ ખોલી નાખ્યું. એ સાથે એના મોઢામાંથી એક ઝીણી ચીસ નીકળી ગઈ અને આંખો ફાટી ગઈ.

પેટીમાં નોટોનાં બંડલો તો હતાં, પરંતુ ચાદરમાં લપેટાયેલી મુન્નાની લાશ ગાયબ હતી....

એણે પોતાના હાથે જ તો મુન્નાની લાશ નોટોનાં બંડલો પર લેટાવી હતી... પછી... પછી એ ક્યાં ગાયબ થઈ ગઈ...

જીમીનાં મન અને મગજમાં ઘણા સવાલો સળવળ્યા, પરંતુ એ સાથે જ જાણે એના મનનો ભાર પણ ઘણો ઓછો થઈ ગયો હોય એવું એને લાગ્યું. હવે મુન્નાની લાશ માટે ખાડો ખોદવાની કે એને દાટવાની પંચાત એને માથે રહી નહોતી અને આ પંચાત એના માથેથી ખસી ગઈ એટલે એને હવે મુન્નાની લાશ કઈ રીતે ગાયબ થઈ ગઈ? એની પંચાત કરવાની પડી નહોતી.

એણે પેટી બંધ કરી. પછી જમણા હાથમાં પેટી ઉઠાવીને એ ધીમે-ધીમે બંગલાની આગળના ભાગ તરફ આગળ વધ્યો. બંગલાના આગળના ભાગ તરફ પહોંચીને જીમી ચોંક્યો. એના હાથમાંથી પેટી પડતાં-પડતાં બચી. એના શરીરમાંથી ડરની ધ્રુજારી પસાર થઈ ગઈ. એની નજર બંગલાના ઝાંપા પર લાગેલી નામની તકતી પર હતી. એ તકતી પર લખ્યું હતું- 'અજનબીનો બંગલો.'

જીમીને થયું કે, એ પાછો દોડી ટૅક્સીમાં પહોંચી જાય અને પછી ત્યાંથી પણ ભાગી જાય. એ ફરીથી પહેલાં જેવા ગોરખધંધામાં ફસાવા માગતો નહોતો. 'અજનબીના બંગલા'માં એ અજબ-ગજબ ઘટનાઓ એની સામે બની હતી એવી ઘટનાઓ હવે એ ફરી વાર જોવા માગતો નહોતો. પરંતુ એને ખબર નહોતી કે એનું ધાર્યું કંઈ જ ચાલે એમ નહોતું. કારણ કે, એ અહીંથી આગળ જવા માગતો નહોતો છતાં ય એના પગ એની મેળે જ આગળ વધવા લાગ્યા.

અને પછી જેવો એનો પગ બંગલાના મુખ્ય દરવાજા પર પડ્યો, અને એ સાથે જ નામની તકતી પરની બત્તી બુઝાઈ ગઈ. એ જેમ-જેમ આગળ વધતો ગયો તેમ-તેમ પાછળની લાઈટો બુઝાતી ગઈ અને આગળની લાઈટો સળગતી ગઈ. એ બંગલાના મુખ્ય દરવાજામાં પ્રવેશ્યો અને આગળ વધ્યો અને એક લાંબા-પહોળા કમરામાં પહોંચ્યો જ્યાં એનું પોતાનું ચિત્ર લાગેલું હતું, પરંતુ આ વખતે એ ચિત્ર જોઈને એને સહેજ પણ નવાઈ કે આંચકો લાગ્યો નહીં. એ ચૂપચાપ ઊભો રહીને જમણી તરફનો દરવાજો ખૂલ્યો એ સાથે જ જીમીએ ડોક ફેરવીને એ તરફ જોયું. કોઈ અંધારામાં ચાલતું-ચાલતું એની તરફ જ આવી રહ્યું હતું.

'કોણ છે... કોણ છે...?' જીમીએ પૂછ્યું.

'હું છું, આપનો સેવક ગોગિયો! એ ઉપરના કમરામાં તમારી વાટ જોઈને બેઠી છે.' જીમીને ઝીણી નજરે જોતાં ગોગિયાએ કહ્યું.

'સારું... હવે હું સમજી ગયો.' જીમીએ એક લાંબો શ્વાસ છોડતાં કહ્યું: 'આ બધું પહેલાંથી જ નક્કી થયેલું હતું ને!'

'જી માલિક!' ગોગિયાએ આદરભર્યા શબ્દોમાં કહ્યું, 'હવે તમે ઉપરના કમરામાં જાવ....!'

જીમી કંઈક બોલવા જતો હતો, પણ એના હોઠ ખૂલ્યા નહીં. હા! એની મેળે જ એના પગ સીડી તરફ આગળ વધ્યા. એના હાથમાં હજુ પણ પેટી પકડાયેલી હતી.

એનું મન અત્યારે એના કાબૂમાં નહોતું છતાંય એણે મનથી નક્કી કરી લીધું કે, આજની રાત અહીં કોઈ પણ હાલતે વિતાવી લેવી જોઈએ. આજની રાત એ કજલી સાથે વિતાવશે અને સવાર પડતાં જ એ દૂર... દૂર... ચાલ્યો જશે કે જ્યાંથી હજારો કજલીઓ પણ એને શોધી શકશે નહીં.

એના પગ સીડી તરફ આગળ વધ્યા. એણે ઉપર નજર કરી. સાઠ-સિત્તેર ફૂટ ઊંચે-ચોથા માળે એક કમરો હતો. એ કમરામાં જીમી પહેલાં પણ જઈ ચૂક્યો હતો અને એને એ પણ ખબર હતી કે અત્યારે સાઠ ફૂટની ઊંચાઈએ દેખાતો એ કમરો, ઉપર ત્યાં પહોંચ્યા પછી, નીચે જોતાં હજારેક ફૂટ ઊંચે એકસો વીસમા માળે હોય એવું લાગતું હતું.

'જાઓ માલિક ! ઉપર જાવ. ઉપર તમારી વાટ જોવાઈ રહી છે.' ગોગિયાએ જીમીને ઉપર ચઢવાનો ઈશારો કરતાં કહ્યું.

ગોગિયાના શબ્દો સાંભળીને જીમીના પગ આપમેળે ઉપર ચઢવા લાગ્યા, અને એ સાથે જ ક્યાંકથી ચામાચીડિયાનાં ઝૂંડ ઊતરી આવ્યાં. ઘણાં ચામાચીડિયાં જીમીના ચહેરા સાથે અથડાયાં. જીમીએ ડાબા હાથે એ બધાં ચામાચીડિયાંને હટાવવાના પ્રયત્નો કર્યા, તેમ છતાંય ચામાચીડિયાં તો તેના ચહેરા સાથે અથડાતાં જ રહ્યાં. જેમ-તેમ કરીને એ ચોથા માળે પહોંચી ગયો. કમરાનો દરવાજો બંધ હતો. એણે નીચે નજર કરી, એ જાણે હજારેક ફૂટ ઊંચે આવી ગયો હતો. એને ચક્કર જેવું લાગ્યું એટલે એણે ત્યાંથી નજર ફેરવી લીધી અને દરવાજા તરફ જોયું. એણે દરવાજાના હૅન્ડલ પર હાથ મૂક્યો ત્યાં જ દરવાજો ચીઈંઈંના અવાજ સાથે ખૂલી ગયો. જીમીએ જમણા હાથે પેટીને બરાબર પકડતાં ધીમેથી કમરામાં પગ મૂક્યો. એ જેવો અંદર ઘૂસ્યો એવી જ કમરાની બત્તીઓ બુઝાઈ ગઈ. ભયની એક ધ્રુજારી જીમીના શરીરમાં ફરી વળી. એણે અંધારામાં જ હાંફળા-ફાંફળા થતાં ડોક ફેરવીને જોવાનો પ્રયત્ન કર્યો. એને કંઈ જ દેખાયું નહીં એટલે એણે લાઈટર કાઢવા માટે ખિસ્સામાં હાથ નાખ્યો ત્યાં જ અચાનક ફરી બત્તી સળગી ઊઠી, કમરો અજવાળાથી ઝળહળી ઊઠ્યો.

બત્તીના ઝળહળાટમાં સામે નજર પડતાં જ જીમીનું હૃદય બે પળ માટે ધડકતું બંધ થઈ ગયું. ધડામ્ કરતાં પેટી એના હાથમાંથી પડી ગઈ અને એનું શરીર ઠંડા પાણીમાં ભિંજાયેલી બિલાડીની જેમ ધ્રૂજવા લાગ્યું.

સામે કજલી ઊભી હતી અને.... અને.... એના હાથમાં મુન્નો હતો, જીવતો મુન્નો અને એ ચપ-ચપ-ચપ કરતો એની છાતીમાંથી દૂધ પી રહ્યો હતો....

મુન્નાને તો એણે પોતાના જ હાથે છરીથી મારી નાખ્યો હતો. એને પેટીમાં પૂરી દીધો હતો.... હા.... હા....! પેટીમાંથી મુન્નાની લાશ જરૂર ગાયબ થઈ ગઈ હતી અને અત્યારે ખુદ મુન્નો જીવતી હાલતમાં એની સામે હતો.

મુન્નાએ મોઢું ફેરવ્યું અને જીમી તરફ જોયું. જીમીને જોતાં જ એણે કજલીના હાથમાંથી છલાંગ લગાવી.

જીમીએ જોયું કે મુન્નાને એણે જ્યાં છરીઓ મારી હતી ત્યાં કાણાં પડેલાં હતાં, પરંતુ એમાંથી લોહી જેવું કંઈ જ નીકળ્યું હોય એવું દેખાતું નથી.

મુન્નો આગળ વધ્યો અને જીમી પાસે આવ્યો.

જીમીનું શરીર હજુ પણ ધ્રૂજી રહ્યું હતું. મુન્નાએ જીમીનો હાથ પકડયો એ સાથે જ જાણે જીમીનું શરીર ઠંડા બરફ જેવું થઈ ગયું.

'તમે ઘણી જ વાર કરી દીધી પપ્પા! મા ક્યારનીય તમારી વાટ જોઈ રહી છે.' મુન્નાએ કહ્યું.

અને એ સાથે જ જીમીએ એક ગરમ શ્વાસ છોડ્યો. 'હાશ!' મુન્નાએ એને પોતાની પર છરીના વાર કરવા બદલ કંઈ જ કહ્યું નહોતું કે કર્યું નહોતું. મતલબ એ કે, કજલીએ ફરી એને માફ કરી દીધો હતો.

જીમી હજુ વધુ કંઈ વિચારે એ પહેલાં જ કજલીનો મીઠો અવાજ રણક્યો: 'આજે આપણા મિલનની રાત છે ને!'

'આનો મતલબ એ કે, તું મને જાણી-જોઈને અહીં લાવી છો!' જીમીએ કહેવાની શરૂઆત કરી: 'તને ખબર છે મારી પાસે બે કરોડ રૂપિયા છે અને મારે સહુથી પહેલાં આ રૂપિયા શ્રીનગરની હદની બહાર લઈ જવા છે. શું તું મારી મદદ કરવા આવી છો?'

(ક્રમશઃ)■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.


## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કૂંચી | Farming |
| કૂખ | Favour |
| કૃપા | Key |
| કૃષિ | Waist |
| કેડ | Womb |

## ઓળખાણ પડી?

આસોપાલવ જેવા લાંબા પાન ધરાવતા ઔષધીય ગુણ ધરાવતી ઉપયોગી વનસ્પતિની ઓળખાણ પડી? એના ફૂલ સફેદ રંગના હોય છે.



અ) બેડા બ) કુવારપાઠું ક) સર્પગંધા ડ) અરડૂસી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ળ | ૨ પં | ૩ પા | ળ | ■ | ૪ ગુ | ૫ મા | ૬ ની | ■ |
| વા | ■ | ૭ થ | ડો | ■ | ૮ સ | લા | હ | કા | ૯ ર |
| ૧૦ ગ | ૧૧ ર | ક | ■ | ૧૨ ખ | ર | લ | ■ | ૧૩ સ | મ |
| ૧૪ મ | ણ | ■ | ૧૫ વ | ■ | સ | ■ | ૧૬ ઓ | કા | ત |
| ૧૭ ન | હા | ૧૮ વા | નિ | ચો | વ | ૧૯ વા | ■ | ર | ■ |
| ■ | ૨૦ ક | મા | તા | ■ | ■ | ૨૧ દ | ૨૨ મ | ■ | ૨૩ બ |
| ૨૪ અ | ■ | ■ | ૨૫ વિ | ૨૬ કા | સ | ■ | ૨૭ જા | ૨૮ સૂ | દ |
| મા | ■ | ૨૯ વિ | શ્રા | ન્તિ | ■ | ૩૦ આ | લ | બે | લ |
| ૩૧ ન | ર | દ | મ | ■ | ૩૨ બ | લા | ■ | દા | ■ |
| ત | ■ | ગ્ધ | ■ | ૩૩ શ્વા | સ | ■ | ૩૪ ગ | ર | મ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | | ■ | ૫ | | | | | ૬ |
| ૭ | ૮ | | ■ | | ■ | ૯ | | ૧૦ | |
| ■ | | ■ | ૧૧ | | ૧૨ | ■ | ■ | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ | | | ■ |
| | ■ | ૧૮ | | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ |
| ૨૨ | | | ■ | ૨૩ | ■ | ૨૪ | ૨૫ | ■ | |
| | ■ | ૨૬ | ૨૭ | | ૨૮ | ■ | ૨૯ | | |
| ■ | ૩૦ | ■ | | ■ | ૩૧ | ૩૨ | | ■ | |
| ૩૩ | | | | | ■ | ૩૪ | | | |

**આડી ચાવી**
૧. જાહેર કરવું તે (૪)
૩. હોય તેમનું તેમ (૪)
૫. પાર્ટી (રાજકીય) (૨)
૭. પૈસા રોકવા તે (૩)
૯. લ્હાય, દાઝ્યા પછી થાય (૪)
૧૧. મુખવટો (૩)
૧૩. ધૂળ (૨)
૧૪. ખોટું (હિન્દીમાં) (૩)
૧૬. કાઢી નાખવું તે (૫)
૧૮. સમસ્યા, ગરબડ (૨)
૧૯. પ્રજા, જનતા (૨)
૨૦. વ્યક્તિ પ્રેમને --- થાય (૨)
૨૨. ઉઘરાણી (૩)
૨૪. સૌંદર્ય (૨)
૨૬. બીકણ (૪)
૨૯. મજાક, ઠઠ્ઠો (૩)
૩૧. સપાટી (૩)
૩૩. લાલચ આપવી તે (૫)
૩૪. કુટુંબ (૪)

**ઊભી ચાવી**
૧. ના પાડવી તે (૩)
૨. --- દીવો સાસુજી લગ્નમાં લાવે (૩)
૩. દેવ અને માનવ વચ્ચેની જાતિ (૨)
૪. પાણીમાં ઊંડાં ખેંચી જાય (૩)
૫. આહ્વાન, લલકાર (૪)
૬. જોઈતું ના મળે તો બાળક --- થાય (૩)
૮. આંખોમાં આંજો (૩)
૧૦. ચંચળતા, અસ્થિરતા (૪)
૧૨. વેર, પ્રતિકાર, સાટું (૩)
૧૪. અંદાજ, ગણવું તે (૪)
૧૫. સમજૂતી, સમાધાન (૪)
૧૭. કાણું (૩) (અનુ. અભિપ્રેત)
૨૧. નોકરી ધંધો ના હોય તે (૫)
૨૩. ઠગો ગળે --- દઈ મારી નાખતા (૨)
૨૫. નિદ્રાને ---, સમરવા શ્રી હરિ (જો.છૂ.) (૪)
૨૭. 'રખાવવું'નું આજ્ઞાર્થ (૩)
૨૮. બંડીને બાંધવાની દોરી (૨)
૩૦. એક રંગ, પુત્ર (૨)
૩૨. સાધના (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'છીંડું શોધતા લાધી પોળ' પંક્તિમાં લાધી શબ્દનો અર્થ જણાવો.

અ) ખાલી બ) ખોવાઈ ક) આંકી ડ) મળી

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ARCHAEOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) સંગીત બ) વીજળી ક) પુરાતત્ત્વ ડ) યુદ્ધ

## માતૃભાષાની મહેક

આરોગ્યશાસ્ત્રમાં જણાવ્યું છે કે, ભોજનમાં નિયમિત અને મિતાહારી થવું જોઈએ, તંદુરસ્તી માટે એ એક અગત્યનો નિયમ છે. ખોરાક શુદ્ધ અને સાદો લેવો. જમતાં મન પ્રસન્ન થાય એવી વાતો કરવી. જમ્યા પછી મહેનતનું કામ કરવું નહીં. જમ્યા પછી તરત નાહવું નહીં એ સ્વાસ્થ્યના હિતમાં છે.

## ઈર્શાદ

તટ ઉપર રહીને તમાશો દેખનારા! ભૂલ નહીં,
જો નદી છે તો જ તટ છે, પણ નદી તટમાં નથી.

-- જવાહર બક્ષી

## સુડોકુ-૭૦૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | ૧ | ૭ | | |
| ૪ | | ૮ | | | ૯ | | ૬ | |
| | | | | | | | | ૧ |
| | | | | ૬ | | ૨ | | |
| ૯ | ૨ | | | | | | ૫ | ૭ |
| | | ૭ | | ૩ | | | | |
| ૫ | | | | | | | | |
| | ૯ | | ૨ | | | ૩ | | ૪ |
| | | ૬ | ૭ | | | ૮ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૭ | ૯ | ૪ | ૮ | ૨ | ૫ | ૩ |
| ૯ | ૫ | ૮ | ૧ | ૩ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૩ | ૪ | ૨ | ૬ | ૭ | ૫ | ૯ | ૧ | ૮ |
| ૮ | ૩ | ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૭ | ૮ | ૨ | ૬ |
| ૨ | ૭ | ૬ | ૮ | ૯ | ૪ | ૧ | ૩ | ૫ |
| ૭ | ૧ | ૪ | ૫ | ૬ | ૯ | ૩ | ૮ | ૨ |
| ૫ | ૨ | ૩ | ૪ | ૮ | ૧ | ૭ | ૬ | ૯ |
| ૬ | ૮ | ૯ | ૭ | ૨ | ૩ | ૫ | ૪ | ૧ |

## માઈન્ડ ગેમ

વિટામિન સી ધરાવતા લીંબુનો રસ વિવિધ વાનગીઓમાં ખટાશ પૂરી પાડવા નાખવામાં આવે છે. લીંબુમાં હાજર રહેલો એસિડ કયા નામથી ઓળખાય છે?

અ) નાઈટ્રિક એસિડ બ) સાઈટ્રિક એસિડ ક) હાઈડ્રોક્લોરિક એસિડ ડ) કાર્બોનિક એસિડ

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કાફલો | Group |
| કામના | Desire |
| કાયર | Timid |
| કારભાર | Administration |
| કારસ્તાન | Fraud |

**ઓળખાણ પડી?** લાવરી

**ગુજરાત મોરી મોરી રે** શરીરના સાંધા

**ચતુર આપો જવાબ અર્થ જણાવો** અંધારું

**માઈન્ડ ગેમ** લેક્ટિક એસિડ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતિ ભારતી કટકિયા (૩)મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) રમેશભાઈ દલાલ (૧૮) જ્યોતિ ગાંધી (૧૯) લજીતા ખોના (૨૦) મહેશ દોશી (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬)મીનળ કાપડિયા (૨૭) નૂતન વિપુલ (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૩૦) હર્ષા મહેતા (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) અરવિંદ કામદાર (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) ભાવના કર્વે (૩૬) કલ્પના આશર (૩૭) અંજુ ટોલીયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) જગદીશ ઠક્કર (૪૩) હીનાબેન દલાલ (૪૪) દિલીપ પરીખ (૪૫) કિશોર બી. સંઘરાજકા (૪૬) શિલ્પા શ્રોફ (૪૭) રસીક જુઠાણી- ટોરન્ટો- કેનેડા (૪૮) પુષ્પા ખોના (૪૯) નંદકિશોર સંજાણવાળા (૫૦) વીણા સંપટ

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# દમિત ઇચ્છાઓ અજાગૃત મનમાં સ્થાન લે છે



(ગતાંકથી ચાલુ)

## દમિત ઇચ્છાઓ:

દમિત ઇચ્છાઓ અજાગૃત મનમાં સ્થાન લે છે અને ત્યાં રહીને વ્યક્તિના વર્તનને પ્રભાવિત કરે છે, વ્યક્તિ પોતે પોતાની આ દમિત ઇચ્છાને જાણી કે સમજી શકતી નથી, તેથી તેનાથી પ્રભાવિત થયેલું વર્તન પણ તેના માટે એક અકળ અને સમસ્યારૂપ ઘટના બની જાય છે. દમિત ઇચ્છાની પૂર્તિ કરવા માટે વ્યક્તિના જીવનમાં કોઇક વિચાર કે ક્રિયાનું સતત પુનરાવર્તન થયા કરે છે અને આમ તેના જીવનમાં અનિવાર્ય મનોદબાણ કે અનિવાર્ય કૃતિદબાણની વિકૃતિ પેદા થાય છે.

એક પવિત્ર સ્ત્રીના ચિત્તમાં પરપુરુષ સાથે જાતીય સંબંધોના વિચારો સતત આવ્યા કરતા આવા વિચારોથી તે અતિશય પરેશાન અને વ્યાકુળ રહેતી, કારણ કે તેના વ્યવહારમાં તથા જાગૃત જીવનમાં તો તે ખૂબ પવિત્ર સ્ત્રી જ હતી. વસ્તુતઃ તેના પૂર્વજીવનની કોઇ અજાગૃત અને દમિત જાતીયવૃત્તિને ગ્રંથિનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને તે વૃત્તિ અજાગૃત મનમાં રહીને તેના ચિત્તમાં આ પ્રકારના વિચારો ઉત્પન્ન કરતી હતી. આવા વિચારો તેના ચિત્તમાં સતત અને અનિવાર્ય સ્વરૂપે આવતા હતા, પરિણામે તે અનિવાર્ય મનોદબાણની વિકૃતિનો ભોગ બની હતી.

એક દરદીના મનમાં પોતાના પુત્રના માથામાં હથોડા મારવાના વિચારો સતત આવતાં હતા. આવા વિચારોથી તે ખૂબ વ્યાકુળ રહેતો અને આવા વિચારોથી મુક્ત થવા માટે તે ખૂબ પ્રયત્નો કરતો. પરંતુ આવા વિચારો અનિવાર્યપણે તેના મનમાં આવ્યા જ કરતા.

વસ્તુતઃ આ પુત્રના જન્મથી તેના પત્ની સાથેના સંબંધોમાં મોડી તિરાડ ઊભી થઇ હતી અને તેનો ગૃહસંસાર અને જાતીય જીવન ખોરવાઇ ગયાં હતાં. આ નવી અનિચ્છનીય પરિસ્થિતિ માટે પોતાનો પુત્ર કારણભૂત હતો, તેમ માનીને તે પોતાના પુત્રને દૂર કરવા ઇચ્છતો હતો. તેની આ ઇચ્છા અનુચિત હોવાથી દમિત થઇ ગઇ હતી અને અજાગૃત મનમાં રહીને આવા પુત્રવિરોધી વિચારો પ્રેરી રહી હતી. વિચારોનું આ દબાણ અનિવાર્ય બનતાં તે વ્યક્તિ અનિવાર્ય મનોદબાણનો ભોગ બની હતી.

એક પુત્ર પોતાના પિતા સાથે સતત સંઘર્ષ કર્યા જ કરતો. તે પોતે પણ સમજતો કે મારી આવી પિતાવિરોધી પ્રવૃત્તિ બરાબર નથી, પરંતુ અવશપણે અને અનિવાર્ય સ્વરૂપે તે પિતાની સાથે સંઘર્ષ કર્યા જ કરતો.

વસ્તુતઃ નાની વયે તેના પિતા તેને ખૂબ માર મારતા, તેથી તેના ચિત્તમાં પિતા પ્રત્યે વિરોધભાવ જન્મ્યો હતો. તે પોતાના પિતાને દૂર કરવા ઇચ્છતો હતો, આમ બનવું શક્ય કે સમાજમાન્ય ન હતું, તેથી ઇચ્છા દમિત થઇ હતી. આ દમિત ઇચ્છા મોટી વયે પિતા સાથે સંઘર્ષરૂપે વ્યકત થતી હતી.

કોઇ વાર એવું પણ બને છે કે આ દમિત ઇચ્છાનો આવિષ્કાર સીધા વર્તનરૂપે નહીં, પરંતુ પ્રતીકાત્મક ક્રિયાના રૂપે થાય છે, એટલે કે વ્યક્તિનું વર્તન તદ્‌ન જુદું જ સ્વરૂપ ધારણ કરે છે. ઇચ્છા જ્યારે સરળ સ્વરૂપે વ્યક્ત થઇ શકે તેમ ન હોય ત્યારે આવી રીતે પ્રતીકાત્મક વર્તનરૂપે વ્યકત થાય છે, દા. ત. એક વ્યક્તિને ચમચી ચોરવાની અનિવાર્ય ટેવ પડી ગઇ છે. અહીં ચમચીની પ્રાપ્તિ મુખ્ય નથી. વસ્તુતઃ વ્યક્તિ કોઇ અન્ય વસ્તુ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. તે વસ્તુની પ્રાપ્તિ શક્ય ન હોવાથી તે ચમચીને તે મૂળ વસ્તુનું પ્રતીક બનાવે છે અને ચમચી પ્રાપ્ત કરીને અન્ય મૂળ વસ્તુ પ્રાપ્ત કર્યાનો સંતોષ પામવા પ્રયત્ન કરે છે. આવી ક્રિયા અનિવાર્ય બનતાંતે અનિવાર્ય કૃતિદબાણનું સ્વરૂપ ધારણ કરે છે.

## પલાયનવૃત્તિઃ

ઘણી વાર એવું જોવા મળે છે કે વ્યક્તિ પોતાની દુઃખદાયક માનસિક અવસ્થામાંથી છટકવા માટે કોઇ અન્ય પ્રવૃત્તિનો આશરો લે છે. કોઇ અન્ય વિચાર કે અન્ય ક્રિયાનો આશરો લઇને તે પોતાની દુઃખદ આંતરિક સ્થિતિમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે. દરદી જે ક્રિયા કે વિચારનો આશરો લે છે તે ક્રિયા કે વિચાર સાવ અસંગત પણ હોઇ શકે છે અને તેથી દરદી સાવ હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાઇ જાય છે, પરંતુ આંતરિક રીતે આ ક્રિયા કે વિચાર દ્વારા દરદી પોતાની કોઇક આંતરિક દુઃખદ સ્થિતિમાંથી મુક્ત થવા ઇચ્છતો હોય છે. આ એક સ્વરૂપની પલાયનવૃત્તિ છે.

એક વ્યક્તિ કોઇ નિરર્થક ક્રિયામાં રોકાયેલી રહે છે. તેમ કરીને તે તેના ચિત્તની કોઇક દુઃખદ સ્થિતિમાંથી પલાયન શોધે છે. જો તે આ રીતે પલાયન ન કરે તો તેને પોતાની તે દુઃખદ મનઃસ્થિતિની અવસ્થામાં રહેવું પડે. આવી દુઃખદ મનોદશામાં રહેવું કોને ગમે? તે દુઃખદ મનોદશામાંથી છુટકારો મેળવવા માટે તે વ્યક્તિનું મન કોઇક અવનવી પ્રવૃત્તિનો આશરો લે છે અને આ પ્રવૃત્તિમાં સતત રમમાણ રહે છે. પછી આ ક્રિયા કે વિચાર અનિવાર્ય બની જાય છે અને આમ દરદી અનિવાર્ય ક્રિયાદબાણ કે અનિવાર્ય વિચારદબાણની બીમારીનો ભોગ બની જાય છે.

દા.ત. દુઃખી વ્યક્તિ પોતાના દુઃખમાંથી રાહત મેળવવા માટે કામોપભોગ, દારૂ, સિગારેટ વગેરેનો આશરો લે છે અને પછી તે વ્યસન બની જાય છે. વ્યક્તિ વારંવાર છાપું શા માટે વાંચે છે? આખો દિવસ ટી.વી. શા માટે જોયા કરે છે? પોતાની આંતરિક દુઃખદ મનોદશામાંથી છટકવા માટે પણ કોઇ શકે છે. આ બધાં તો સામાન્ય વ્યવહારનાં દૃષ્ટાંતો છે. પરંતુ આ પ્રકારની પલાયનવૃત્તિમાંથી જન્મેલી કોઇક સાવ અસંગત ક્રિયા જ્યારે અનિવાર્ય સ્વરૂપે અને અવશપણે ચાલવા માંડે ત્યારે તે વ્યક્તિ મનોદબાણ કે કૃતિદબાણની બીમારીનો ભોગ બની છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
ફોકસ
પ્રથમેશ મહેતા


# શું છે આ ગ્લિયોમા કૅન્સર?

મિશિગનમાં રહેતા ચાળીસ વર્ષના ટ્રાયથલિટ ક્રિસ કૂકને ૨૦૨૨માં મોંમાં વિચિત્ર સ્વાદ આવવા માંડ્યો હતો. એ વખતે તેણે દોડવાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. એ દરમિયાન તેને લાગ્યું કે આ કદાચ એની કેવિટીને કારણે હશે. ક્રિસ પોતાની ફિટનેસને લઈને પણ ખૂબ સજાગ રહે છે. જોકે વધુ તપાસ કર્યા બાદ જાણ થઈ કે તેને ગ્લિયોબ્લાસ્ટોમા નામનું બ્રેન ટ્યૂમર છે. એના માટે તેણે છ અઠવાડિયાં સુધી રેડિએશન, ૪૨ દિવસ સુધી કિમોથેરાપી અને એક વર્ષ સુધી દર ૨૮ દિવસે કિમોથેરાપી કરાવ્યા બાદ છેવટે ૨૦૨૪ની મેમાં ક્રિસ કેન્સર મુક્ત બન્યો છે. પોતાની આ જર્ની માટે તે એમ.ડી. એન્ડરસન કૅન્સર સેન્ટરના ડૉક્ટરોની સાથે પોતાના પરિવારનો આભાર માને છે કે જેમણે તેને સકારાત્મક અભિગમ અને દૃઢ વિશ્વાસ અપાવ્યો હતો.

તાજેતરમાં જ પોતાના અનુભવ વિશે ક્રિસે કહ્યું કે, ‘મને ૨૦૨૨મી ડિસેમ્બરે દોડતી વખતે મોંમાં કાંઈક અજીબ સ્વાદ આવ્યો. થોડું આગળ વધ્યા બાદ મને ગભરામણ થવા લાગી અને હું બેભાન થઈ ગયો હતો.’

ઇમરજન્સી વૉર્ડમાં તેને ઍડ્મિટ કરવામાં આવ્યો હતો. તેની બોલવાની ક્ષમતા પણ જતી રહી હતી. બાદમાં હૉસ્પિટલમાંથી તેમને સારવાર બાદ ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો.

ડૉક્ટરો મુજબ તેને અટૅક આવ્યો હતો અને એમઆરઆઈ કરાવવાથી જાણ થઈ કે તેને માથામાં ગાંઠ છે. તેને ગ્લિયોમા નામનું એક પ્રકારનું કૅન્સર હોવાનું નિદાન કરવામાં આવ્યું. ડૉક્ટરોને લાગ્યું કે તે માત્ર એક વર્ષ જ જીવિત રહી શકશે. એથી ક્રિસે યુનિવર્સિટી ઑફ ટેકસાસ એમ.ડી. એન્ડરસન કૅન્સર સેન્ટરનો ઓપિનિયન લેવાનું વિચાર્યું.




બે મહિના બાદ તેના માથામાંથી ૧.૫૪ સેન્ટિમીટરના ટ્યૂમરને લાંબી સર્જરી બાદ કાઢવામાં આવ્યો. રેડિએશન અને કિમોથેરાપીની સારવાર બાદ આજે પણ તે દર બે મહિને સ્કેન કરાવે છે.

## શું છે આ ગ્લિયોમા?

ગ્લિયોમા એક પ્રકારનું કૅન્સર છે. એ ઝડપથી વધે છે અને એ મુખ્યત્વે માથામાં જ થાય છે. એથી એની સર્જરી પણ વહેલાસર કરાવવી જરૂરી છે. ડૉક્ટરો એને ગ્રેડ ૪નું કૅન્સર ગણાવે છે. એનો અર્થ એ થાય છે કે આ ટ્યૂમર હટાવ્યા બાદ પણ એ તેજીથી વધવા લાગે છે અને આક્રમક રૂપ લઈ શકે છે. આવા પ્રકારનું કૅન્સર માથામાં અને હાડકાઓમાં વધુ ફેલાય છે.

## લક્ષણ

* વાતચીત કરવામાં તકલીફ
* દ્રષ્ટિહીન
વિચારવાની અને નવું સમજવાની શક્તિમાં મુશ્કેલી
* ચાલવામાં અને સંતુલન ન જાળવી શકવું
* ચક્કર આવવા
* માથામાં દુઃખાવો
* શરીરના એક ભાગમાં નબળાઈ
* ઊલટી આવવી
* વર્તનમાં પરિવર્તન

આવી રીતે ગ્લિયોમા કૅન્સરમાં મુખ્યત્વે સારવાર સર્જરી છે. એક સર્જન દરેક પ્રકારના ટ્યૂમરને હટાવવામાં સક્ષમ હોય છે, જ્યાં સરળતાથી તે પહોંચી શકે. જોકે દિમાગના કેટલાક નાજુક ભાગોમાં ફેલાયેલા કૅન્સર સુધી તે પહોંચી નથી શકતા. કિમોથેરાપી, રેડિએશન અને સર્જરી કરવી પડે છે. જેથી કરીને સર્જરી બાદ બાકી રહેલા કોષોને પણ નષ્ટ કરી શકાય છે. ■

feedback@bombaysamachar.com
વિશેષ
શૈલેન્દ્ર સિંહ

# યુવકોમાં ખૂબ ઝડપથી ઘટી રહ્યું છે જાતીય આકર્ષણ



જે આકર્ષણ માટે સદીઓથી યુવા પુરુષ એટલે કે નવયુવાન બદનામ રહ્યા છે, દુનિયામાં લાખો કાવ્યકૃતિઓ જે જાતીય આકર્ષણ પર લખાઈ છે, તે હાલના દિવસોમાં યુવા પુરુષોમાં ખૂબ ઝડપથી ઘટી રહ્યું છે. કોઈ એક દેશ અથવા ક્ષેત્ર વિશેષમાં આવું નથી થઈ રહ્યું. દુનિયાના મોટા ભાગના હિસ્સાઓમાં આ જોવા મળી રહ્યું છે. ઇન્ટરનેશનલ જર્નલ ઑફ એન્વાયરમેન્ટ રિસર્ચ એન્ડ પબ્લિક હેલ્થમાં પ્રકાશિત અમેરિકાની બે વિશ્વવિદ્યાલયો યુનિવર્સિટી ઑફ સાઉથ ડકોટા અને બાયલોર યુનિવર્સિટીમાં થયેલા એક સંશોધનમાં જાણવા મળ્યું કે સોશિયલ મીડિયા, સ્માર્ટ ફોન અને ડિઝિટલ ગેજેટ્સથી ઘેરાયેલા યુવાઓ, ખાસ કરીને નવયુવાનોમાં ઝડપથી જાતીય આકર્ષણ અને ભાવનાત્મક આકર્ષણ ઘટી રહ્યું છે. તેમનું તમામ ધ્યાન કરિયર, સ્ટેટ્સ, બૅન્ક બૅલેન્સ અને ઓછા સમયમાં વધુ ને વધુ સિદ્ધિઓ હાંસલ કરવામાં લાગ્યું છે. સંશોધનકર્તાઓએ જે યુવાઓ સાથે સંશોધન માટે વાતચીત કરી તે વાતચીત પરથી નિષ્કર્ષ એ છે કે સોશિયલ મીડિયા અને સ્માર્ટ ફોને યુવાઓમાં જાતીય આકર્ષણ અને ભાવનાત્મક સંબંધો પ્રત્યે ઇચ્છાને ઓછી કરી દીધી છે. એટલે સુધી કે કલાકો સુધી એકલા રહેવા છતાં આજે અનેક કરિયરસ્ટિક યુવાઓમાં થોડું પણ જાતીય આકર્ષણ જોવા મળી રહ્યું નથી.

આ જ કારણ છે કે દુનિયાના મોટા ભાગના સંબંધ નિષ્ણાતો અને સમાજશાસ્ત્રી ચિંતિત છે કે યુવાન પુરુષોનો જાતીય આકર્ષણ તરફ ઘટતો રસ ક્યાંક દુનિયામાં જનસંખ્યા ઘટવાની શરૂઆતને ઝડપી ના કરી દે. વાસ્તવમાં ડેટિંગ અને લગ્નેતર સંબંધો પર કરવામાં આવેલા અનેક અભ્યાસ બતાવે છે કે યુવાઓમાં સતત ખાસ કરીને યુવકોમાં જાતીય ઇચ્છાઓ, ભાવનાત્મક લગાવ અને સમર્પણમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. દુનિયાના લગભગ ૫૬ દેશો એવા છે જે વિકસિત અને અર્ધવિકસિત બંન્ને કેટેગરીમાં આવે છે. જ્યાં યુવકો વચ્ચે જાતીય સક્રિયતા અને સંતુષ્ટિમાં એક ટકાનો વાર્ષિક ઘટાડો જોવા મળી રહ્યો છે. એટલા માટે બે ડઝનેક દેશ પોતાને ત્યાં યુવકો વચ્ચે પોતાની જાતીય સક્રિયતા વધારવા માટે અનેક પ્રકારે પ્રોત્સાહિત કરી રહી છે. પરંતુ જાપાન, કોરિયા, નોર્વે, સ્વિડન, ચીન, રશિયા, સ્પેન જેવા દેશો દ્વારા અનેક પ્રકારની લાલચ અને પ્રોત્સાહન આપવા છતાં આ દેશોમાં યોજના અનુસાર, જન્મદર વધી રહ્યો નથી. આ દેશોની સરકારો ઓછામાં ઓછાં ત્રણ બાળકો પેદા કરવાની યુવાઓને સલાહ આપી રહી છે, પરંતુ કોઈ પણ દેશમાં આ લક્ષ્યને મેળવવામાં સફળતા મળી રહી નથી. કારણ યુવાઓમાં વિશેષ કરીને પુરુષોમાં ઘટતું જાતીય આકર્ષણ છે.

આ પાછળ ઘણાં કારણો છે જેમાં એક સૌથી મોટું કારણ દરરોજની લાઇફમાં વધતી ટેકનોલૉજી અને યુવા પુરુષો સતત તેના રોમાંચમાં કેદ છે. સોશિયલ મીડિયામાં દિવસ-રાત વ્યસ્ત રહેવાના કારણે યુવાઓની લાઇફની બાકીની ગતિવિધિઓમાં ઉદાસીનતા વધી રહી છે. દિવસ અને રાત ડિજિટલ ડિવાઈસથી ઘેરાયેલા હોવાના કારણે આજનો યુવા માનસિક રીતે ખૂબ જ થાકી જાય છે. જેના કારણે કોઈ અન્ય આકર્ષણનું તેના મનમાં કોઈ સ્થાન નથી. એટલું જ નહીં આ બધાના કારણે જાતીય સંબંધોની ગુણવત્તામાં ભારે ઘટાડો થયો છે. આ સંબંધમાં સંશોધકો એ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે યુવાઓ સતત માનસિક રીતે તણાવગ્રસ્ત રહેવાના કારણે તે ખૂબ જ થાકી જાય છે અને ભાવનાત્મક ગતિવિધિઓથી કંટાળી જાય છે. એટલા માટે મોટા ભાગના કરિયરમાં ખૂબ સફળ યુવા જાતીય આકર્ષણ ન હોય તે તરફ વધી રહ્યા છે. ડિજિટલ જીવનશૈલી, વધુ ને વધુ મશીની ગતિવિધિઓ, ઓછી કસરત કરવી, પ્રકૃતિથી વધુ અંતર, ડિજિટલ પ્રસાર માધ્યમોના કારણે પોર્નોગ્રાફીની વધતી લત અને જાતીય સંબંધોમાં અવાસ્તવિક ઇચ્છાઓમાં વધારો છે. આ તમામ બાબતો યુવાઓના જાતીય આકર્ષણને ખૂબ પ્રભાવિત કરી રહી છે.

આપણી તમામ ગતિવિધિઓ સાથે વધતો ટેકનોલૉજીનો હસ્તક્ષેપ પણ છે. આજનો યુવા ૧૮મી અને ૧૯મી સદીના યુવાઓની સરખામણીએ દરરોજ પોતાના કામકાજમાં પાંચથી છ કલાકથી વધુ સક્રિય રહે છે અને આ સક્રિયતા શારીરિક કરતાં વધુ માનસિક હોવાના કારણે તે અંદરથી થાકી જાય છે જે કારણે તે તમામ પ્રકારનાં આકર્ષણો ગુમાવી દે છે. આજની લાઇફસ્ટાઇલ એટલું વધુ કામ અને એક્યૂરેસીની માગ કરે છે કે યુવા ટાર્ગેટ પૂરા કરતાં હાંફી જાય છે.

જોકે આ દુનિયાનો પ્રથમ એવો સમયગાળો છે જ્યાં તમામ સમસ્યાઓ માટે જ્ઞાન ઉપલબ્ધ છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો આજે દિલ અથવા મગજમાં ઊઠનારા તમામ સવાલોનો જવાબ ઉપલબ્ધ છે. જે કારણે યુવાઓમાં તમામ ક્ષણે મગજમાં પઝલ બનતી રહે છે. જ્યારે બીજી તરફ યુવતીઓ આજે જાતીય સંબંધો મામલે અગાઉ કરતાં વધુ ચાહતથી ભરપૂર છે. તેમનામાં એક એવું આકર્ષણ પેદા થયુ છે કે જ્યાં પુરુષો અથવા યુવકોનું જાતીય આકર્ષણ ઘટી રહ્યું છે જ્યારે યુવતીઓમાં આ વધી રહ્યું છે. આ અસંતુલનથી વૈજ્ઞાનિક પરેશાન છે. તેમને લાગે છે કે જો આ આગામી અનેક દાયકાઓ સુધી યથાવત્ રહેશે તો આ માનવીઓના અસ્તિત્વ માટે ખતરો બની શકે છે. આ કારણ છે કે સંશોધનકર્તા વૈજ્ઞાનિકો અને મનોવૈજ્ઞાનિકોએ યુવા પુરુષોમાં જાતીય આકર્ષણ વધારવા માટે એક એડવાઇઝરી ડિઝાઇન કરી છે. જે અનુસાર, યુવા છોકરાઓ અને છોકરીઓએ મળવું જોઈએ. રોજગારના કલાકો સિમિત કરવા જોઈએ, વર્ક ફ્રોમ હોમની સંસ્કૃતિ ભલે ઓછા સમયમાં વધુ કામ કરવાની છૂટ આપતી હોય અથવા તો તેનાથી આવક વધુ થતી હોય, પરંતુ તે સ્વાભાવિક લાઇફ માટે ખતરો છે. માનસિક સ્વાસ્થ્ય અને મગજના વિકાસ માટે વર્ક ફ્રોમ હોમ સંસ્કૃતિ વિનાશકારી છે. સંશોધનકર્તાઓને જાણવા મળ્યું કે યુવાઓમાં ખાસ જાતીય સંપર્કો પ્રત્યે શારીરિક ઉત્તેજના સતત ઘટી રહી છે. કારણ કે આજે સંબંધો મશીન જેવા થઈ ગયા છે. એટલા માટે સંબંધોમાં જીવંત રહેવાની જરૂર છે. રોજગારના સમયની ક્લોક બદલાઇ જવાથી કસરત, ડાયટ અને શારીરિક ગતિવિધિઓની નૈસર્ગિક સંસ્કૃતિ ખતમ થઈ રહી છે. યુવાઓ મોટા ભાગે પોતાના ઘરમાં અથવા જિમમાં કસરત કરે છે. કુદરતના ખોળે કસરત કરવાના વધુ ફાયદા છે. વર્ક ફ્રોમ હોમ હોવાના કારણે નિયમિત કસરત અને સતત કંફર્ટ ઝોનમાં રહેવાની આદત પડી જાય છે. વૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓ માને છે કે જો લાઇફમાં રુચિઓ, આકર્ષણ જાળવી રાખવું છે તો આપણે આપણી લાઇફસ્ટાઇલમાંથી મશીનો અને ઓટોમેશનને દૂર કરવું પડશે. પ્રકૃતિની નજીક જવું પડશે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# મેરી ક્રિસમસ આઈ ઓર ગઈ, મગર મેરી કિસ્મત ખૂલી નહીં



આપણે ગમે તેટલા ધમપછાડા કરીએ, પણ વધતી ઉંમરને અટકાવી શકતા નથી ને એમ આપણા ચંબુડાની પારણાથી શરૂ થયેલી યાત્રા પરણવા સુધી પહોંચી ને ઉંમર ૮.૨૮-૮.૩૬-૮.૫૬- ૯.૦૬ની ફાસ્ટ લોકલની જેમ ધડાધડ આગળ વધવા લાગી, પણ કોઈ ચંપાએ પોતાના હૃદયના દ્વાર પર ભલે પધાર્યાનું બોર્ડ માર્યું જ નઇ અને ત્રીસી વટાવ્યા પછી પેલા હૈયાનો સળવળાટ ચંબુના મનને અશાંત કરી દેતો. દર વર્ષે લગ્નની સિઝનમાં વરઘોડાનો વરસાદ પડે, પણ દર વર્ષે પ્રેમનું ચોમાસું ચંબુને પલાળ્યા વગર જ ચાલ્યું જાય....

૯.૫૬ની લોકલ ટ્રેનની જેમ કોઈનું વરઘોડું જતું દેખાય ત્યારે ચંબુનો જીવ બળીને રાખ થઈ જતો (છતાં ચંબુ જીવતો). ખરેખર આ જીવ સાલી એવી ચીજ છે કે રાખ થઈ જાય તોપણ સ્ટ્રોંગ મલમ લગાડવાથી રૂઝ નથી આવતી. શરૂશરૂમાં ચંબુના હૈયામાં દૂધના ઊભરા જેવા નાનકડા રોમેન્ટિક ઊભરા આવતા, પણ એકત્રીસ વટાવ્યા પછી તો સમુદ્રનાં વિશાળ મોજાં હિલોળાં લેવાં લાગ્યાં. આવા તો કુલ ૮૭,૫૪૫ ઊભરા અને મોજાં આવીને બેસી જતાં... સૉરી, બેસાડી દેવામાં આવતા, પણ ચંબુના ઇતિહાસનાં પાનાં ન ખૂલ્યાં તે ન જ ખૂલ્યાં.

પાનાં ન ખૂલવાનું સચોટ કારણ એ હતું કે ઈશ્વરે આ આખો પીસ ઘડ્યા પછી કલર ખૂટી ગયો કે શું પણ ટમેટાંના સૂપ ઉપર કાળા મરીનો ભૂકો ભભરાવ્યો હોય એવી ચંબુના ચહેરાની ડિઝાઇન જોઈ ભલભલાને લાગી આવે, પણ....

‘તું છૂપી હૈ કહાં મૈ તડપતા યહાં’ કરીને નીકળી પડતા ચંબુને બધેથી ચલે જા.. ચલે જા.. ચલે જા.. જહાં પ્યાર મિલે’ ગાઈ દરેકના ઘરેથી જાકારો મળતો તેથી ચંબુ ભડકેલ મૂડમાં મંદિર પહોંચ્યો ને આક્રોશ ઠાલવ્યોઃ ‘ભઈ ઈશ્વર. સૂન, મુઝે પૂછે બીના મેરી ઉમ્ર વધ રહી હૈ તો તું કયા મેરે મોઢે મેં ચોકઠા આયેગા તબ તક કિસી ગગી કે સાથ જીવન કા ચોકઠા બીઠાયેગા કી નહીં? ટેલ મી, મે તારું શું બગાડ્યું છે કે મોઢા ઉપર ચાની ભૂકી જેવા ડાઘ મૂક્યા એ તો ઠીક, પણ કાયા બનાવવામાં કંજુસાઈ? બાવળના દાતણની સોટી જેવી કાયાનું મને દુખ છે. મારા હૈયામાં ગોબા તો પહેલાં હતા હવે તો ગાબડાં પડવાની શરૂઆત થઈ ચૂકી છે.... તારાથી થોડો વધારે માલ ન વપરાય? સાલું આવા શરીરે શર્ટ પહેરું તો હેંગર પર લટકાવ્યું હોય એવું લાગે ને પેન્ટ પહેરું તો ખેતરમાં ચાડિયો ઊભો હોય એવું લાગે. યુ નો પ્રભુ, માણસ ખાય છે પોતાને માટે પણ પહેરે છે બીજાને માટે... પ્રભુ, ચોખ્ખી વાત કરું તો મંદિરમાં રહીને બધા ભગવાનોએ સીતાજી-પાર્વતી કે રાધા કે લક્ષ્મી સાથે ઊભા રહીને પૂજાવું સહેલું છે, પણ મારી જેમ સહારા વગરની જિંદગી જીવી તો જો. સાચું કઉ..... પ્રભુ, સાલું હવે તો મારો બેડરૂમ પણ મને એલિફન્ટાની ગુફા જેવો લાગે છે. અરે, આ લગ્નની મોસમમાં કોઈનાં લગ્નગીત ગવાય ત્યારે મને મારાં મરશિયાં ગવાતાં હોય એવું લાગે. આમારું દુખ ઓછું નથી વહાલા, એ તો રામબાણ વાગ્યા હોય એ જાણે. હમણાં એક કથામાં જ્યારે રુક્મિણી વિવાહનું શ્રવણ કર્યું ત્યારે હું ચોધાર આંસુએ રડેલો. શું કામ? કારણકે વર્ષોથી ચાલતી કથાઓમાં કૃષ્ણ કેટલી બધી વાર રુક્મિણી સાથે વિવાહ કરે છે, પણ પાછો પ્રેમ રાધા સાથે..... વાહ ભાઈ વાહ કહિ પે નિગાહે કહિ પે નિશાના! સૉરી, તું ભગવાન છે એટલે મારાથી આવું ન બોલાય પણ શું કરું? મારાથી આવો ઘોર અન્યાય સહન નથી થતો.

માણસમાંથી પ્રભુ બનેલા પેલા ઈશુ ખ્રિસ્તે જીવન મંત્ર આપ્યો કે તમારી જાતને જેટલો પ્રેમ કરો એટલો તમારા પાડોશીને કરો, અરે, હું તો વિશાળ દિલવાળો છું કે એટલો પ્રેમ મારા તો શું કોઈ પણના પાડોશીને કરું, પણ એ વાત પાડોશણો સમજીને મને નથી કરતી તો હું શું કરું? જો પ્રભુ, પાછી કાલે મેરી ક્રિસમસ છે. ઐસી તો કિતની મેરી ક્રિસમસ આઈ ઓર ગઈ મગર મેરી કિસ્મત ખૂલી નહી ઉસકા ક્યા? મને આ કમૂરતામાં મૂરત કરતાં મુરતિયા વધુ નડ્યા નાઉ ટેલ મી, મારે બુઢ્ઢા આશિક તરીકે જ આ જગ છોડવું પડશે? જીવનની અંતિમ ક્ષણ સુધી ગાવું પડશે કે ‘મેરા જીવન કોરા કાગજ કોરા હી રહ ગયા’ જોકે તારી સામે ફરિયાદોનો ઢગલો હશે એટલે મારી વાત કાનમાં જો જાય તો આ વાંઢા વિશે વિચારજે...’

એટલું બોલી ચંબુ નીકળી ગયો..

એ પછી મારી પાસે આવીને એ બોલ્યોઃ ‘ઠાકર, સાલું મારી સાથે ભણતા કેટલાય મિત્રોની વાઇફો ગંગા સ્વરૂપ બની ગઈ, બનતી જાય છે ને હું અભાગિયો હજી સુધી થોડા વખત માટે કોઈને અખંડ સૌભાગ્યવતી નથી બનાવી શક્યો કે નથી હું હિમાલય સ્વરૂપ એટલે કે વિધુર નથી બની શક્યો. લોકો ભલે બોલે કે દરેકની જોડી ઈશ્વરે ઉપર સ્વર્ગમાં નક્કી કરી જ હોય છે આપણે તો માત્ર અહી ઉજવણી જ કરતાં હોઈએ છીએ, પણ મને લાગે છે કે મારી તો જોડી ને ઉજવણી બંને સ્વર્ગમાં કરવી પડશે.’

‘એવું ન બોલ બકા, થોડી ધીરજ રાખ.. પણ તારો આ ચહેરો..’

‘ચહેરો .. ચહેરો.. ચહેરો શું કરું આ ચહેરાને? કાપી નાખું?’ ચંબુ તંગ ચહેરે બોલ્યો.

‘ચલ કાલે ક્રિસમસ છે ને હું તારા માટે શાન્તાક્લોઝ મળશે એને પ્રાર્થના કરીશ.’

‘અલ્યા ટોપા, એ શાન્તાક્લોઝને મેં આઠ વર્ષ વિનંતી કરી, પણ કોઈ શાંતા-ક્લોઝમાં આવી નઇ.’

‘ચંબુ આ તો જીવનની પરીક્ષા છે. પરીક્ષામાં નાપાસ થવાય, પણ નાસીપાસ તો ન જ થવાય’

‘એક કામ કર, મારા કાકાને ત્યાં એક લગ્નમાં જવાનું છે તું મારી સાથે ચલ કદાચ નસીબ આડેથી

પાંદડું ખસી જાય....’

‘તંબુરામાંથી ખસી જાય, મારા બકા, પાંદડું તુલસીનું કે લીમડાનું હોય તો ખસે, પણ આ તો કેળનું

પાન, ખસેડવા માણસ રાખવો પડે.’

‘તું મારી સાથે ચાલ કોઈના લગ્નમાં કદાચ તારી કુંડળી મળી જાય તો લગ્નમાં ગયાનો ને જીવતરનો ફેરો સફળ થાય. બાકી જીવનમાં ક્યાં, કોને, ક્યારે મળશે એની ખબર તો ઈશ્વર પણ આપણને પડવા દેતો નથી’ ને હું ને ચંબુ નીકળી પડ્યા. શું કહો છો ? ■

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# શિયાળામાં ઘેર ઘેર વાપરવા જેવી જડીબુટ્ટી ગંઠોડા કે પીપરીમૂળ



શિયાળાની ઠંડીમાં વિવિધ પ્રકારના સ્વાદ વાળી ચા પીવામાં આવતી હોય છે. કોઈને આદું-ફૂદીનાના સ્વાદ વાળી ચા પીવી ગમે છે, તો કોઈને ચાના સ્પેશ્યલ મસાલાનો ઉપયોગ કરીને તૈયાર થતી ચા પીવાની ગમે છે, કોઈને લીલી ચાના પાનને ઉકાળીને ચા પીવાનું ગમે છે. શિયાળામાં ઠંડીથી બચવા માટે વિવિધ પ્રકારના પીણાં પીવામાં આવે છે. તંદુરસ્તીને જાળવવા ખાસ પીણાં પીવામાં આવતાં હોય છે. જેમાં સૂંઠનું પાણી, આદું-લીંબૂ-મધનું ગરમ પાણી, આમળાંનું શરબત, તાજી પીળી-સફેદ હળદર-આમળાંનો રસ, હળદરવાળું દૂધ, સૂંઠ-ગંઠોડાની રાબ વગેરેનો સમાવેશ થાય છે. ભારતના પ્રત્યેક રાજ્યમાં ઠંડીમાં ઉપયોગી ગરમ-ઠંડા-આયુર્વેદિક પીણાંની યાદી તો ઘણી લાંબી છે. તેમાંથી ફક્ત કેટલાંકના નામ આપણે ઉપર જોયા. આયુર્વેદિક ઉપચાર હોય કે રસોડામાં ઉપયોગમાં લેવાતા મસાલામાં ગંઠોડા પાઉડરનો ઉપયોગ ભારતમાં મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. જાવા તેમજ ઈન્ડોનેશિયામાં તેની અન્ય જાતિના છોડ જોવા મળે છે.

ઘરેલુ ઉપાયની યાદીમાં તેનું સ્થાન આગળ પડતું હોય છે. પ્રાચીન છોડના મૂળમાંથી પીપરીમૂળ મળે છે. પીપરીમૂળ જડીબુટ્ટી છે. તેની ચાર પ્રજાતિ છે. બે પ્રકારનો જ ઉપયોગ કરવામાં આવે છે. નાની અને મોટી. ચોમાસામાં તેની વેલી ઉપર ફૂલ આવે છે. ફળ ઠંડીની મોસમમાં આવે છે. તેના ફળને પિપરીમૂળ કે પિપલીમૂલ તરીકે ઓળખાય છે. બજારમાં તેના મૂળ તથા ગાંઠ બને મળી રહે છે. તેના મૂળ જેટલાં વધુ વજનદાર તેટલાં વધુ ગુણકારી મનાય છે. પીપરીમૂળને સંસ્કૃતમાં માગધી, વૈદેહી કે કૃષ્ણા કહેવાય છે. હિન્દીમાં પીપર, અંગ્રેજીમાં લૉંગ પેપર, કન્નડામાં હિપપ્પલી, તમિળમાં ટિપિલી, તેલુગુમાં પિપ્પલુ, ગુજરાતીમાં પીપર, મરાઠીમાં પિંપલી, પંજાબીમાં પિપ્પલિજડ કહેવામાં આવે છે. સ્વાસ્થ્યવર્ધક અનેક ગુણો તેમાં સમાયેલાં છે.

**પેટ માટે ગુણકારી :** સતત બહારનું ભોજન ખાતા રહેવાથી, રાત્રિના ઊજાગરા, માનસિક તાણની અસર સૌ પ્રથમ પેટ ઉપર થતી હોય છે. જેવી કે ગેસ, કબજિયાત, આફરો ચઢી જવો, વારંવાર ચૂક આવવી વગેરે. પીપરીમૂળ-અજમો-ગોળને ગરમ પાણીમાં ઉકાળીને પીવાથી પેટની તકલીફથી ઝડપથી છૂટકારો મેળવી શકાય છે.

**અનિદ્રાની તકલીફમાં લાભકારી :** કામની ચિંતા, શારીરિક સમસ્યા તથા રોજબરોજના કામની ચિંતા કે પરીક્ષા ઢૂંકડી આવતાં સગીરાવસ્થામાં પ્રવેશતાં સંતાનોને સતત હરિફાઈમાં આગળ રહેવાની ચિંતાને કારણે અનિદ્રાંની તકલીફ નાની વયમાં પજવતી હોય છે, તેનાથી બચવાના ઉપાયમાં ગાયના દૂધમાં ગંઠોડા પાઉડર ભેળવીને પીવડાવવાથી અનિદ્રાની તકલીફમાં રાહત મળે છે.

**સાંધાના દુખાવામાં લાભકારી :** આપણાં વડીલો હંમેશાં કહેતાં કે શિયાળામાં ગોળ-ઘી- તેજાના-સૂકોમેવાનો ઉપયોગ બને તેટલો વધુ કરવો જોઈએ. માનવશરીર માટે વર્ષભરની શક્તિ મળી રહે. ઉપરોક્ત વસ્તુનો ઉપયોગ ત્યારે જ કરવો જ્યારે, પૂરતાં પ્રમાણમાં વ્યાયામ કરવામાં આવ્યો હોય. શિયાળામાં સાંધામાં કળતર થવાની સમસ્યાથી બચવું હોય તેમણે ગંઠોડાનો ઉપયોગ વિવિધ રીતે કરવો જોઈએ. શરીર માટે ૪ ખનીજ તત્ત્વોની આવશ્યક્તા પડે છે. તેમાંથી એક છે મેગ્નેશિયમ. ગંઠોડામાં મેગ્નેશિયમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે.

**મોટાપો દૂર કરવામાં મદદરૂપ :** નવા વર્ષની શરૂઆત થતાંની સાથે અનેક લોકો વિવિધ સંકલ્પ લેવાનું પસંદ કરતાં હોય છે. તેમાંથી સૌથી વધુ સંકલ્પ લોકો વજનને નિયંત્રણમાં રાખવાં કે વજન ઘટાડવા માટે લેતાં હોય છે. લગભગ ૧ ગ્રામ ચૂર્ણ પાણી કે મધમાં ભેળવીને નરણે કોઠે નિયમિત પીવાથી વજન અચૂક ઘટવા લાગે છે. પીપરીમૂળના બે-ત્રણ દાણા દૂધમાં ઉકાળીને પીવાથી અથવા તો તેને ધીમે ધીમે ચાવી જવાથી વજન અચૂક ઘટવા લાગે છે.

**ઊલટી કે ઝાડાની તકલીફમાં ગુણકારી :** પિપરીમૂળનો ઉપયોગ વિવિધ રીતે કરવામાં આવતો હોય છે. પીપરીમૂળનો કાઢો બનાવવા માટે ૨-૩ પીપરીમૂળને ગરમ પાણીમાં ઉકાળીને તેનો કાઢો બનાવી લેવો. દિવસમાં ૨-૩ વખત તેને પીવાથી ઊલટી કે દસ્તની તકલીફમાં આરામ મેળવી શકાય છે. ગંઠોડાનો પાઉડર બજારમાં સરળતાથી મળી રહે છે.

**રોગપ્રતિકારકશક્તિ વધારવામાં ગુણકારી :** ગંઠોડાને એક સ્વાસ્થ્ય વર્ધક ઔષધી ગણવામાં આવે છે. ડાયેટરી ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે પાચનક્રિયાને મજબૂત બનાવવામાં મદદ કરે છે. તો વળી પોટેશિયમની યોગ્ય માત્રા જળવાઈ રહેવાને કારણે કોશિકામાં પોષક તત્ત્વો સરળતાથી ભળી જાય છે. વિટામિન એ ની માત્રા તેમાં સારા પ્રમાણમાં હોવાને કારણે શરીરને ચેપી રોગથી બચાવવામાં મદદ કરે છે. વળી આંતરડાને બેક્ટેરિયાના પ્રભાવથી બચાવવામાં મદદ કરે છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવવામાં અત્યંત ગુણકારી ગણાય છે..

**શરદી-ખાંસી-અસ્થમા જેવી તકલીફમાં અત્યંત ગુણકારી:** પિપરીમૂળનો ઉપયોગ શિયાળામાં કરવાથી અસ્થમા જેવી ગંભીર બિમારીમાં અચૂક ફાયદો મેળવી શકાય છે. વાસ્તવમાં આયુર્વેદમાં ગંઠોડાને 'ત્રિકુટ' નામક ઉપયોગી ઔષધીનું મુખ્ય ઘટક માનવામાં આવે છે. તેમાં પીપરીમૂળની સાથે આદું કે સૂંઠ તેમજ ગોળનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. ગંઠોડાની તાસીર ગરમ હોય છે. કેમકે તેમાં ઍલ્કેલૉઈડ પાઈપરાઈન હોય છે. જેને કારણે તેનો સ્વાદ તીખો લાગે છે. શરદી-ખાંસી-અસ્થમાં જેવી તકલીફમાં ઝડપી ફાયદો કરે છે. **દાંતના દુખાવમાં લાભકારી :** દાંતનો દુખાવો થતો હોય તે સમયે ગંઠોડાના પાઉડરને દાંત તેમજ પેઢાં ઉપર ઘસવાથી ઝડપથી દાંતના દુખાવમાં રાહત મળી રહે છે. દાંતમાં થતાં કળતરથી બચાવે છે. ■

## ગંઠોડા-સૂંઠ પાઉડરની રાબ

**સામગ્રી :** ૧ ચમચી ગંઠોડાનો પાઉડર, સૂંઠ પાઉડર ૧ ચમચી, ૧ ચમચી ચોખ્ખુ ઘી, ૨ મોટી ચમચી ઘઉનો લોટ, ૧ નાની વાટકી ગોળની કતરણ, ૧ નાની ચમચી વરિયાળી, ચપટી એલચી પાઉડર, ચપટી જાયફળ પાઉડર, ૧ ચમચી બદામ-પીસ્તાની કતરણ, ૨ વાટકી ગરમ દૂધ અથવા ૨ વાટકી ગરમ પાણી.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ એક કડાઈમાં ૨ ચમચી ઘી ગરમ કરવું. તેમાં ઘઉનો લોટ શેકી લેવો. શેકાવા આવે એટલે ગેસ ધીમો કરીને તેમાં બદામ-પીસ્તાની કતરણ, એલચી-જાયફળનો પાઉડર, વરિયાળી, ગંઠોળા પાઉડર, સૂંઠ પાઉડર, વગેરે ઉમેરવું. થોડું શેકીને ગરમ દૂધ કે ગરમ પાણી ઉમેરીને ઝડપથી હલાવતા રહેવું. જેથી ગાંઠા પડે નહીં. દૂધ ઉકળવા લાગે એટલે તેમાં ગોળની કતરણ ઉમેરીને ૨ મિનિટ ધીમી આંચ ઉપર રાખવું. ગરમાગરમ રાબ શિયાળાની ઠંડીમાં પીવાથી શરીરમાં શક્તિનો સંચાર થશે. સ્વાસ્થ્ય તંદુરસ્ત બનશે.



feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# ઔષધિય ગુણોવાળા થોર-કેકટસ



આપણે પૃથ્વી પર જીવંત રહેવાનાં મુખ્ય કારણોમાં વૃક્ષો અને છોડ છે. વૃક્ષો અને છોડ વગર માનવજીવન અને પશુ-પંખીનાં જીવન અશક્ય છે. તે ફળદ્રુપ જમીન પર હોય કે રણમાં હોય. પ્રાણવાયુ પ્રદાન કરે છે તેમ જ ફળ-ફૂલ, શાકભાજી અને આવશ્યક ભોજન પ્રદાન કરે છે.

ઉપચાર માટે જડી-બુટી અને ઔષધિ પ્રદાન કરે છે. માનવને દૈનિક ક્રિયાઓ માટેના સંસાધન પ્રદાન કરે છે. ઘણાંય શોભા માટેના વૃક્ષો કે છોડવાઓમાં મોટા ઔષધિય ગુણો રહેલા હોય છે. ફક્ત બગીચા અને ગેલેરીના શોભા વધારતાં હોય છે, તેવી જ રીતે શરીરની પણ શોભા વધારવા (ઉપચાર માટે) માટે ઉપયોગી થાય છે. થોર જે અતિ ઉપયોગી ઔષધિ છે. થોર ઘણાય પ્રકારના છે. જે બધાં જ રણમાં અને ફળદ્રુપ જમીન પર ઊગે છે. ગેલેરી અને બગીચામાં અનેક પ્રકારના થોર શોભા માટે અને રક્ષણ માટે ઉગાડવામાં આવે છે. આ એક ઉપચારની દૃષ્ટિએ સશક્ત ઔષધિ છે.

થોરને કેકટસ પણ કહે છે. કાંટાદાર હોય છે તેમ જ ઘણા થોર (કેકટસ) પર ફૂલો પણ આવે છે. અલગ અલગ આકારના સુંદર થોર દુનિયાભરમાં ઊગે છે. આની હજારો જાત છે. હાઈ ફાઈબર, એન્ટી ઈન્ફ્લ મેટરી, એન્ટી ઓકસીડેન્ટ, એસ્કોરબીક એસિડ, કેરેટોનોઇડ્સ, કેલ્શિયમ, વિટામિન, પોટેશિયમ, એન્ટી કેન્સર જેવી પ્રોપટી છે. આનાં ફળો પણ ઔષધિય ગુણો ધરાવે છે.

કેકટસમાં વિટામિન સી, એ હોય છે જે પ્રતિરક્ષા બુસ્ટર છે. બીટલેન અને પોટેશિયમ પાચનશક્તિ વધારે છે. આમાં ફાઈબર હોવાને કારણે બ્લડ સુગર નિયત્રિત રહે છે. શુગર હોય તો તેને જલદીથી નાબૂદ કરે છે. આમાંનું કેલ્શિયમ હાડકાં, દાંત, વાળને મજબૂતી આપે છે. નખમાં આવતી ફંગસને દૂર કરે છે. કેકટસમાં કેટાલેમ્ડ નામનું એન્ઝાઈમ જે ઘાવને ભરે છે, સોજાને દૂર કરે છે.

એન્ટી ઇન્ફલમેટરી ગુણના કારણે એસીડીટીના કારણે થયેલ અલ્સરના ઘાવને ભરે છે. શરદી, ખાંસીને તરત જ સારાં કરે છે.



એન્ટી કેન્સરના ગુણોને કારણે કેન્સરના ઘાવ ભરે છે. ગુટકા, તમાકુને કારણે થયેલ મોઢાના કેન્સરને સારું કરવામાં મદદ કરે છે. મારા એક પેશન્ટને ગુટકાને કારણે થયેલ મોઢાના કેન્સરમાં આ પ્રયોગથી એંસી ટકા જેટલું સારું પરિણામ આપેલ છે.

ત્વચાની બીમારીઓને જલદીથી સારું પરિણામ આપે છે. વાળમાં થતો ખોડો નાબૂદ કરે છે. ખોડો થવો એ બીમારી નથી. વર્ષમાં એકવાર માથાની ત્વચા બદલાય છે. તેથી તે ઉખળે છે. જેને આપણે ખોડો કહીએ છે. આ ખોડો જો લાંબો સમય ચાલે તો તે શરીરમાં વધતી એસીડીટીનું પરિણામ છે.

વધુ પડતી સાકર ખાવાથી થાય છે. કેકટસને સલાડમાં લેવાથી આ તકલીફ જલદી દૂર થઈ જાય છે. સોરાયસીસ જેવી બીમારીમાં આનું પરિણામ ઉચ્ચતમ છે. શરીરમાં ઑક્સિજન વધારી દે છે. ચામડીની નીચે જામેલ સ્લેગ (કીચડ જેવી ગંદકી)ને સાફ કરે છે.

ગ્લાયકમેક્સ ઈન્ડેક્સ બહુ જ ઓછા હોવાને કારણે ગ્લુકોઝ પર કંટ્રોલ કરી વજન ઘટાડી દે છે. આનો જેલનો જ્યુસ બનાવી અડધા કપ જેટલો લેવો જોઈએ. સ્વાદ થોડો કસેલો છે, પણ પીવા લાયક છે.

તાવ અને શરીરમાં બનેલ વિષને નાબૂદ કરે છે. ભૂખ વધારી દે છે.

થોર કે કેકટસનાં ફળો લાલ ગુલાબી રંગનાં હોય છે. જેમાં મોટા પ્રમાણમાં પોષક તત્ત્વો હોય છે. આમાંનું એન્ટી ઑક્સિડેન્ટ શરીરની કોશિકાઓનું સ્વાસ્થ્ય વધારે છે. આમાં આયરન લોહીની ઓછપ દૂર કરે છે. આમાંનું સેલેનિયમ ફંગસ અને વાયરલ ઈન્ફેકશનથી બચાવે છે. વિટામિન બી-૬ની ઓછપ દૂર કરે છે. આનું જ્યુસ, શરબત, સ્મૂધિ બનાવી લઈ શકાય છે. મધુમેહનો નાશ કરે છે. અલ્સરમાં આનો જ્યુસ લેવો જોઈએ. રાજસ્થાન અને કચ્છ વિસ્તારમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે.

રાજસ્થાનમાં આનું શાક બનાવી ખાવામાં ઉપયોગ કરે છે. આમાંનું બીટા-કેરાટીન આંખની સમસ્યા દૂર કરે છે. ઘણેય ઠેકાણે આનો પ્રયોગ કરેલ છે. ચશ્માં દૂર કરવામાં સહાયક છે.

કેકટસની બેથી ત્રણ જાતનો ઉપયોગ વધુ થાય છે. બીજી જાતો હજારો છે. આનો પ્રયોગ નિષ્ણાત દ્વારા કરવો હિતાવાહ છે. નાગફણી જાત વિપુલ પ્રમાણમાં થાય છે. વાપરવામાં કોઇ નુકસાન નથી. બીજી જાત લાંબા ચાર આંકાવાળ કેકટસ જેને લાંબા નાગફણી કહે છે. તેનો પ્રયોગ લગભગ બધે જ થાય છે. લગભગ બધા કેકટસનો ઉપયોગ થાય છે, પણ એક-બે જાત ઝેરી ગણાય છે તેનો પ્રયોગ ન કરવો. જેમ એલોવીરાનો ઉપયોગ હવે વધુ થાય છે તેમ જ નાગફણીની બંને જાતનો પ્રયોગ નિશ્ચિતતાથી કરી શકાય છે. આ આપણી અમૂલ્ય સંપત્તિ છે. કેમિકલવાળી દવાઓની જેમ આની લગભગ સાઈડ ઈફેક્ટ નથી. આને ઘરમાં ઉગાડી શકાય છે. ઘરની શોભા સાથે સ્વાસ્થ્યની શોભા વધારી દે છે. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# મસા, હરસ ને ભગંદર... આ બીમારી કેટલી ત્રાસદાયક છે?

શું આપ જાણો છો?...


વિશ્વમાં મોટા ભાગના લોકોને મસા, હરસ કે ભગંદર થતાં હોય છે. ૫૦% લોકો ૫૦ વર્ષની ઉંમર પહેલાં કોઈ ને કોઈ રીતે આ રોગથી પીડાયેલા હોય છે.

૫૦ વર્ષની ઉંમર પછી આ રોગની સંભાવના ખૂબ જ વધી જાય છે.

* **મસાઃ** મળમાર્ગ અને ગુદાની લોહીની નળીઓ પર દબાણ થતાં તે ફૂલે છે. આ દબાણ વારંવાર થતાં રક્તવાહિની સ્થિતિસ્થાપકતા ગુમાવે છે અને તે ભાગ ફૂલી જાય છે. મળદ્વારની અંદર અથવા બહાર આ ફૂલેલા ભાગને 'મસા' કહે છે.

**મસાના બે પ્રકાર :** (૧) અંદરના મસા (૨) બહારના મસા

સ્ટેજ ૧: મસા ફૂલીને મળમાર્ગની અંદર જ રહે છે.




સ્ટેજ ૨: મળત્યાગ સમયે બહાર આવે અને આપમેળે જ અંદર જતા રહે.

સ્ટેજ ૩: મળત્યાગ સમયે બહાર આવે અને આંગળી દ્વારા દબાવવાથી અંદર જતા રહે.

સ્ટેજ ૪: હંમેશાં બહાર જ રહે આંગળી દ્વારા દબાવી અંદર નાખવા છતાં તુરંત બહાર આવી જાય

**મસાનાં લક્ષણ :** મળત્યાગ સમયે કોઈકને લોહી પડે અને મસા બહાર આવે.

* મસા અંદર કે બહાર ફૂલે અને મસાની જગ્યાએ પીડા થવી.
* મળદ્વારમાં ખંજવાળ આવવી.
* લોહી પડતાં બંને પગમાં કળતર થાય અને કોઈક વાર બેચેની અને અશક્તિ અનુભવાય.

**હરસ :** કોઈ પણ કારણોસર મળ કડક થઈ જવાથી મળત્યાગ સમયે તે કડક મળ, મળદ્વાર સાથે ઘસાઈને બહાર નીકળે છે. આથી મળદ્વારમાં ચીરા પડી જાય છે. તે ચીરાને 'હરસ' કહે છે.

**હરસના ત્રણ સ્ટેજઃ**

સ્ટેજ ૧: ચીરા બહાર હોય છે. મળત્યાગ સમયે સામાન્ય બળતરા થાય.

સ્ટેજ ૨: ચીરા પહોળા અને ઊંડા હોય છે.

સ્ટેજ ૩: ચીરામાં ચેપ થતાં ગૂમડું થાય છે અને ગૂમડું ફૂટતાં ભગંદર થાય છે.

**હરસનાં લક્ષણઃ**

* મળત્યાગ સમયે કે પછી બળતરા કે દુઃખાવો થાય અને કોઈક વાર લોહી પડવું. તેમ જ કોઈક વાર ખંજવાળ આવવી.
* અસહ્ય પીડા થતાં ચક્કર આવે, કમર દુઃખે અને પેશાબ અટકે.

**ભગંદરઃ**

મળાશય અને બહારની ચામડીને જોડતી નળીમાં મળ અને પરુ ભરાઈને પીડા થાય તેને ભગંદર કહેવાય.

**મસા - હરસ - ભગંદર થવાનાં કારણઃ**

* જે કારણોથી કબજિયાત થાય, તે જ કારણો સમયાંતરે મસા, હરસ અને ભગંદર થવા માટેનાં જવાબદાર બને છે.
* એક જગ્યાએ લાંબા સમય સુધી બેસી રહેવાથી. (દા.ત. નોકરીમાં એક જગ્યાએ બેસી રહેવું, વારંવાર થતી મુસાફરી વગેરે)
* લાંબા સમયના ઝાડા થઈ જવાથી.
* શરીર વધારે સ્થૂળ રહેવાથી.
* વધારે વજન ઊંચકવાથી તથા વધુપડતી કરસતો કરવાથી.
* ઉંમર - ૫૦ વર્ષ પછી આ રોગ થવાની સંભાવના ખૂબ જ વધી જાય છે.
* અમુક સમયે આ બીમારી વારસાગત પણ લાગુ પડી શકે છે.

**આવા વખતે શું આહાર લેવો?**

* હંમેશાં હળવો, સાદો અને સહેલાઈથી પચે એવો જ આહાર લેવો.
* વધુ રેસાવાળો આહાર લેવો, જેમ કે પૉલિશ વગરનાં ઘઉં અને ભાત, જવ, પપૈયું, સફરજન, કેળાં, નારંગી, પેરુ, ગુલાબ, ફલાવર, ગાજર, ટમેટાં, મૂળા વગેરે
* તકલીફ વધી જાય ત્યારે અમુક દિવસો માટે આહારમાં અનાજ કરતાં ફળોનો તેમ જ દૂધ-છાશનો ઉપયોગ વધારી દેવો.
* આ રોગમાં ખાસ પાણીનું સેવન વધુ રાખવું.
* મેંદા તથા ચણાના લોટની વાનગીઓનો ઓછો ઉપયોગ કરવો.
* વધુપડતા મસાલેદાર અને ગરમ પદાર્થો ન જમવા.

**મસા-હરસ-ભગંદરના ઉપચારઃ**

૧) બપોરે તથા રાત્રે ભોજન બાદ ૧ ચમચી હરડેનું ચૂર્ણ ફાકીને પાણી પીવું.

૨) દિવસમાં ૨થી ૩ વાર બરફને કપડામાં બાંધી મસાના સ્થાને ૧૦ મિનિટ સુધી મૂકી રાખવાથી મસાની પીડામાં ખૂબ જ રાહત થાય છે.

૩.) ચારેક અંજીર રાત્રે પાણીમાં પલાળી, સવારે પાણી સહિત જમવા.

૪) દિવસમાં ૨ વાર ૧ કપ ગરમ દૂધમાં અડધા લીંબુનો રસ નાખીને તરત જ પીવું.

૫) સવારે નરણે કોઠે ૧ મૂઠી જેટલા કાળા તલ અને થોડી સાકર માખણ સાથે ખૂબ ચાવીને ખાવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.

૬) મીઠા લીમડાના પાનને પાણી સાથે પીસી, ગાળી, પીવાથી હરસ-મસા મટે છે.

૭) ઘીમાં સૂરણ તળીને ખાવાથી હરસ-મસા મટે છે.

૮) બે ચમચી ધાણાને રાત્રે પલાળી રાખી, સવારે ખૂબ મસળીને તેમાં સાકર મિલાવી તે પાણી પીવાથી અથવા કોથમીરનો રસ પીવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.

૯) ૧ ચમચી કારેલાના રસમાં સાકર મેળવી પીવાથી હરસ-મસા મટે છે.

૧૦) ૧-૨ ચમચી દિવેલ ગરમ દૂધ સાથે પીવાથી હરસની પીડા મટે છે અને ગુદા પર થતાં ચીરા પણ દૂર થાય છે.

## સાવધાની...

- આ રોગમાં પેટ સાફ રહે તેની ખાસ કાળજી રાખવી.
- મળ-મૂત્રના વેગને રોકી રાખવાથી આ રોગ થવાની સંભાવના ખૂબ જ વધી જાય છે.
- મળત્યાગ કરતી વખતે ક્યારેય બળ ન કરવું.
- મળદ્વારને હંમેશાં વ્યવસ્થિત સાફ કરવો, નહીંતર ચેપ લાગતાં અન્ય રોગ થવાની સંભાવના વધી જાય છે.
- ઉજાગરાઓથી ખાસ બચવું. વહેલા સૂવાના આદતી બનવું.
- નશીલા પદાર્થોનું સેવન ન કરવું, કેમ કે તેનાથી કબજિયાત થવાની પૂરી સંભાવના છે.
- બેસવા માટે બને ત્યાં સુધી નરમ અને પોચા આસનનો ઉપયોગ કરવો, કેમ કે તેનાથી મળદ્વારના વિસ્તારમાં લોહીનું પ્રરિભ્રમણ સહેલાઈથી થઈ શકે છે.
- એક જગ્યાએ લાંબા સમય સુધી બેસી રહેવાનું કામ હોય તો સમયાંતરે ઊભા થઈને થોડું ચાલવું.

# પોલીસે જ કરી દલિત સોમનાથ સૂર્યવંશીની હત્યાઃ રાહુલ ગાંધી



**સાંત્વનઃ** કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી સોમવારે પરભણીમાં સોમનાથ સૂર્યવંશીના પરિવારને મળ્યા હતા.

**પરભણી હિંસા પછી કસ્ટડીમાં સૂર્યવંશીનું મૃત્યુ થયું હતું.**

પરભણીઃ મહારાષ્ટ્રના પરભણીમાં બંધારણની પ્રતિકૃતિના અપમાન બાદ થયેલી હિંસા માટે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ સોમવારે એવો દાવો કર્યો હતો કે, સોમનાથ સૂર્યવંશીની હત્યા એટલા માટે કરવામાં આવી હતી કારણ કે તેઓ દલિત હતા અને બંધારણનું રક્ષણ કરી રહ્યા હતા.

'પોલીસે સૂર્યવંશીને મારી નાખ્યો હતો, અને તે 'શતપ્રતિશત કસ્ટડીમાં મૃત્યુ' હતું,' એમ લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ પરભણીમાં સૂર્યવંશીના પરિવારના સભ્યોને મળ્યા બાદ આરોપ લગાવ્યો હતો.

ગાંધીએ કહ્યું કે તેઓ સૂર્યવંશીના પરિવારના સભ્યોને મળ્યા હતા જેમણે તેમને પોસ્ટમોર્ટમ રિપોર્ટ તેમજ કેટલાક ફોટોગ્રાફ્સ અને વીડિયો બતાવ્યા હતા.

દસ ડિસેમ્બરની સાંજે મરાઠવાડામાં આવેલા પરભણી શહેરના રેલવે સ્ટેશનની બહાર ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે કાચની પેટીમાં રાખવામાં આવેલી બંધારણની પ્રતિકૃતિ તોડવામાં આવ્યા બાદ પરભણીમાં હિંસા જોવા મળી હતી.

પરભણીના શંકર નગરના રહેવાસી સૂર્યવંશી (૩૫) હિંસાના સંદર્ભમાં ધરપકડ કરાયેલા ૫૦થી વધુ વ્યક્તિઓમાં સામેલ હતા. પોલીસના જણાવ્યા

(જુઓ પાનું ૪) ▶▶

## રાહુલ વર્ષોથી નફરત ફેલાવવાનું જ કામ કરી રહ્યા છેઃ ફડણવીસ

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર હિંસાગ્રસ્ત પરભણીની મુલાકાત લેવા બદલ આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે આ એક રાજકીય કારણોસર હતી અને તેના દ્વારા નફરત ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

'રાહુલ ગાંધી અહીં ફક્ત રાજકીય હેતુઓ માટે આવ્યા છે. આ ફક્ત એક રાજકીય મુલાકાત હતી, જાતિના આધારે લોકોમાં નફરત ફેલાવવાનો પ્રયાસ હતો. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી આ જ કામ કરી રહ્યા છે, તેથી મને લાગે છે કે નફરત ફેલાવવાનું તેમનું કામ, તેમણે આજે પરભણીમાં પૂર્ણ કર્યું છે,' એમ મુખ્ય પ્રધાને પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું. ફડણવીસે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકાર

(જુઓ પાનું ૪) ▶▶

# એ તો ભુજબળને રાષ્ટ્રીય સ્તરે લઈ જવા છે એટલે પ્રધાનપદું ન અપાયું

**છગન ભુજબળ સાથેની બેઠક પછી ફડણવીસે કહ્યુંઃ જોકે, અજિત પવાર હજી કારણનો ફોડ પાડ્યો નથી**

મુંબઈઃ મહારાષ્ટ્રમાં નવી મહાયુતિ સરકારમાં સમાવેશ ન થવાથી નારાજ એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળ સોમવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા.

બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા ભુજબળે કહ્યું હતું કે, રાજ્યના પ્રવર્તમાન રાજકીય અને સામાજિક વાતાવરણ પર મુખ્ય પ્રધાન સાથે તેમની વિસ્તૃત ચર્ચા થઈ છે.

બીજી તરફ આ બેઠક અંગે ફડણવીસે પુણેમાં કહ્યું હતું કે ભુજબળને રાષ્ટ્રીય સ્તરે લઈ જવાની યોજના છે. કેમ કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર તેમના પક્ષને રાષ્ટ્રીય પક્ષની માન્યતા મળે તે માટે કામ કરી રહ્યા છે.

મુંબઈમાં ફડણવીસના 'સાગર' બંગલામાં લગભગ ૩૦ મિનિટની આ મુલાકાત વખતે ભૂતપૂર્વ કૅબિનેટ પ્રધાન તેમના ભત્રીજા સમીર ભુજબળ સાથે હતા.

ફડણવીસે મને કહ્યું કે ૨૦ નવેમ્બરના રોજ યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિના જંગી વિજયમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી)એ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તેઓ ઓબીસી સમુદાયના હિતને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખશે, એમ છગન ભુજબળે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે ફડણવીસે ઓબીસી સંબંધિત મુદ્દાઓ પર વિચાર કરવા માટે થોડો સમય માગ્યો છે.

'તેમણે (ફડણવીસ) કહ્યું હતું કે તેઓ ૧૦ થી ૧૨ દિવસમાં કોઈ નિર્ણય પર પહોંચી જશે,' એમ એનસીપીના નેતાએ ઉમેર્યું હતું.

ઓબીસી નેતાઓ મનોજ જરાંગે-પાટીલની મરાઠા સમુદાય માટે ઓબીસી વર્ગ (કુણબી) શ્રેણીમાં અનામતની માગણીનો વિરોધ કરે છે. ભુજબળ પણ આ માગણીનો વિરોધ કરી રહ્યા છે. ભાજપમાં જોડાવાનું વિચારી રહ્યા

(જુઓ પાનું ૪) ▶▶

## ૬૭-૬૮ વર્ષનાને યુવાન ગણી શકાય?: ભુજબળનું નામ લીધા વિના અજિત પવારનો ઈશારો

મુંબઇઃ એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળને કેબિનેટમાં તક મળી નથી. જેના કારણે છગન ભુજબળ નારાજ છે. છગન ભુજબળે ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી છે. ભુજબળ મંત્રી પદ માટે નાયબ મુખ્યમંત્રી અજિત પવાર પર રાજકીય દબાણ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ દરમિયાન અજિત પવારનું છગન ભુજબળને લઈને મહત્વનું નિવેદન સામે આવ્યું છે. અજિત પવારે બારામતી કાર્યક્રમમાં આ અંગે ટિપ્પણી કરી હતી. અજિત પવારે પોતાના ભાષણમાં છગન ભુજબળનું નામ લેવાનું ટાળ્યું હતું, પણ સમજદાર કો ઇશારા કાફી હૈ એ ન્યાયે બધા જ જાણે છે કે આ ટિપ્પણી છગન ભુજબળ માટે જ હતી.

રાજ્ય કેબિનેટના વિસ્તરણનો ઉલ્લેખ કરતા અજિત પવારે રવિવારે બારામતીમાં કહ્યું હતું કે, કેબિનેટની રચના દરમિયાન, મેં મંત્રીપદ માટે કેટલાક નામોનો પ્રસ્તાવ મૂક્યો હતો. તે સમયે મારે કેટલાક વરિષ્ઠ

(જુઓ પાનું ૪) ▶▶

# મંત્રાલયમાં છઠ્ઠા માળે ફડણવીસ, શિંદે અને અજિતદાદાની ઑફિસો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસ સરકારના પ્રધાનોને સોમવારે દક્ષિણ મુંબઈમાં રાજ્ય સચિવાલય મંત્રાલયમાં ઓફિસો ફાળવવામાં આવી હતી. વરિષ્ઠ પ્રધાનો ચંદ્રશેખર બાવનકુળે, રાધાકૃષ્ણ વિખે પાટીલ, હસન મુશરિફ, ચંદ્રકાંત પાટીલ, ગિરીશ મહાજન અને ગણેશ નાઇકને સંકુલમાં એનેક્સી બિલ્ડિંગમાં ચેમ્બર ફાળવવામાં આવી હતી. મંગલ પ્રભાત લોઢા અને પંકજા મુંડેની ઓફિસ મુખ્ય ઇમારતમાં હશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. રાજ્યકક્ષાના પ્રધાનો મેઘના બોરડીકર, ઇન્દ્રનીલ નાઇક અને યોગેશ કદમને નજીકના વિધાનભવનમાં કામચલાઉ ધોરણે ઓફિસો આપવામાં આવી છે. મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ બાવનકુળેને એનેક્સી બિલ્ડિંગના પહેલા માળે મોટા ભાગની જગ્યા મળી ગઈ છે, જ્યારે અન્ય ઘણા પ્રધાનોને પણ તેમની ઓફિસ સેટ-અપના ભાગરૂપે એક કરતા વધુ રૂમ મળ્યા છે. મુખ્ય પ્રધાન ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારના કાર્યાલય મુખ્ય ઇમારતના છઠ્ઠા માળે છે. (પીટીઆઈ)■

# પ્રદૂષણ પર લગામ તાણોઃ સુધરાઈનું તેના ઍન્જિનિયરોને આકરું અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં દિવસેને દિવસે હવાની ગુણવત્તા કથળી રહી છે અને વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ સતત વધી રહ્યું છે. મુંબઈમાં ચાલી રહેલા વિકાસકામ અને તેને કારણે થતી ધૂળ એ પ્રદૂષણ માટે મુખ્ય કારણ માનવામાં આવે છે ત્યારે એ પાર્શ્વભૂમિ પર પાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના તમામ એન્જિનિયરો અને કર્મચારીઓને પ્રદૂષણ નિયંત્રણમાં લાવવા માટે

(જુઓ પાનું ૪) ▶▶

## કાટમાળ ફેંકવા બદલ ૯૦,૦૦૦નો દંડ

સુધરાઈએ બોરીવલી પશ્ચિમમાં એક્સર મેટ્રો રેલવે સ્ટેશન નજીક બાંધકામનો ભંગાર ફેંકીને નિયમનું ઉલ્લંઘન કરનારાઓને ૯૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આર-સેન્ટ્રલ વોર્ડના અધિકારીએ તાજેતરમાં સ્થળનું ઈન્સ્પેકશન કર્યું હતું અને ગેરકાયદે રીતે જમીનની ભરણી કરવામાં આવી હોવાનું શોધી

(જુઓ પાનું ૪) ▶▶

# 'બેસ્ટ'ને પગાર આપવાના ફાંફાં

## પાલિકાએ હાથ ઉપર કરતા ગુરુવારથી કર્મચારીઓનું આંદોલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાની બીજી લાઈફ લાઈન ગણાતી બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની આર્થિક હાલત એકદમ કથળી ગઈ છે અને પોતાના કર્મચારીઓને પગાર આપવા માટે પણ તેની પાસે ભંડોળ ઉપલબ્ધ નથી. બેસ્ટની પિતૃસંસ્થા કહેવાથી મુંબઈ મહાનગરપાલિકાએ પણ આર્થિક મદદ કરવાથી હાથ ઉપર કરી દીધા છે, તેની સામે બેસ્ટ કર્મચારીઓના યુનિયને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪થી હાથ પર કાળી પટ્ટી બાંધીને વિરોધ કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે. બેસ્ટની

(જુઓ પાનું ૪) ▶▶

# ગિરગામમાં પિસ્તોલની ધાકે ૧૦ લાખની લૂંટઃ શકમંદ પકડાયો

## આંખમાં મરચાંની ભૂકી નાખી બે લૂંટારા ભાગી છૂટ્યાનો ફરિયાદીનો દાવોઃ પોલીસને વાર્તા ઘડી કાઢ્યાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ગિરગામ પરિસરમાં પિસ્તોલની ધાકે ૧૦ લાખ રૂપિયા ભરેલી બૅગ લૂંટ્યા પછી આંખમાં મરચાંની ભૂકી નાખી બે લૂંટારા ફરાર થઈ ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જોકે આ ઘટનામાં જાણભેદુની શક્યતા તપાસી રહેલી પોલીસને લૂંટની વાર્તા ઘડી કાઢવામાં આવી હોવાની શંકા છે. તપાસ બાદ પોલીસે એક શકમંદને તાબામાં લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર ઘટના શુક્રવારની સાંજે સાત વાગ્યાની આસપાસ ગુલાલવાડી સર્કલ નજીક પાંજરાપોળ પાસેની એક સોસાયટીમાં બની હતી. ભુલેશ્વરમાં રહેતો ઈન્દરકુમાર પ્રજાપતિ કુરિયર કંપનીમાં કામ કરે છે. શુક્રવારે માલિક હરીશ પ્રજાપતિએ ૧૦ લાખ રૂપિયા એક વ્યક્તિ સુધી પહોંચાડવા આપ્યા હતા.

કહેવાય છે કે પ્રજાપતિ તેના સાથી અનુરાગ સિંહ રાજપૂત સાથે રોકડ ભરેલી બૅગ લઈને સાંજે પાંજરાપોળ પાસેની સોસાયટીમાં પ્રવેશ્યો ત્યારે તેમની પાછળ બે લૂંટારા પણ ઘૂસ્યા હતા. પિસ્તોલની ધાક બતાવી લૂંટારાઓએ ફરિયાદી પાસેની રોકડ ભરેલી બૅગ ઝૂંટવી લીધી હતી. બાદમાં બન્નેની આંખમાં મરચાંની ભૂકી નાખી બન્ને લૂંટારા ફરાર થઈ ગયા હોવાનો દાવો ફરિયાદમાં કરાયો હતો. ઘટના બાદ ડરી ગયેલા ફરિયાદીએ માલિકને બનાવની જાણ કરી હતી. માલિકની સૂચના પછી વી. પી. રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. શંકાને આધારે પોલીસે સોમવારે એક શખસને તાબામાં લીધો હતો. પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે. ■

# નાતાલની રજાઓમાં રંગમાં વરસાદ ભંગ પાડી શકે છે

## ગુરુ અને શુક્રવારે યલો અલર્ટ જાહેર



**ધુમ્મસમાં લપાયું શહેરઃ** મુંબઈમાં સોમવારે સવારે ધુમ્મસ ફેલાયું હતું અને તેને કારણે વિઝિબિલિટી સાવ ઓછી થઈ ગઈ હતી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં અનેક જિલ્લામાં એક તરફ ઠંડી પડી રહી છે ત્યારે ભારતીય હવામાન ખાતાએ ૨૬ અને ૨૭ ડિસેમ્બરના રાજ્યના અમુક જિલ્લામાં કમોસમી વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. યલો એલર્ટ જાહેર કરીને વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડવાની શક્યતા પણ હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

મુંબઈમાં સોમવારે સવારના પ્રદૂષણભર્યું વાતાવરણ રહ્યા બાદ થોડા સમય માટે તડકો નીકળ્યો હતો. જોકે બાદમાં વાદળિયું વાતાવરણ થઈને વરસાદ પડશે એવો માહોલ ઊભો થઈ ગયો હતો અને વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. આ દરમિયાન રાજ્યના મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડા તથા વિદર્ભમાં વરસાદ પડવાની શક્તા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. હવામાન ખાતાએ ધુળે, નંદુરબાર, જળગાંવ, નાશિક ઘાટ, ઔરંગાબાદમાં ૨૬ ડિસેમ્બરના વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. તો ૨૭ ડિસેમ્બરના ધુળે, નંદુરબાર, જળગાંવ, નાશિક, અહિલ્યાનગર, પુણે, છત્રપતિ શિવાજી નગર, જાલના, પરભણી, બીડ અને અકોલા, બુલઢાણા તથા વાશિમમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન ખાતાના કહેવા મુજબ બંગાળના ઉપસાગરમાં લો-પ્રશેર સર્જાયું છે, તેને કારણે તાપમાનમાં વધારો થયો છે અને ઠંડીમાં ઘટાડો યો છે. આ સિસ્ટમને કારણે રાજ્યના અમુક જિલ્લામાં આગામી ચાર દિવસ વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.■

# ૧૧ મહિનામાં સાયબર ફ્રોડમાં લોકોએ ૧૨૦૦ કરોડ ગુમાવ્યા

મુંબઈઃ આ વર્ષે માત્ર ૧૧ મહિનામાં નાગરિકોએ ૧,૧૮૧ કરોડ રૂપિયા ગુમાવ્યા છે, જે ૨૦૨૩ ની સરખામણીમાં આવા કેસોમાં ચિંતાજનક ૩૫૦ ટકાનો વધારો દર્શાવે છે. ૨૦૨૪ના પ્રથમ છ મહિનામાં ચિંતાજનક રીતે રોકાણ સંબંધિત છેતરપિંડી, ટાસ્ક જોબ ફ્રોડ અને ડિજિટલ ધરપકડના બનાવોમાં પણ તીવ્ર વધારો થયો છે.

૧૦ ડિસેમ્બરે, ગૃહ રાજ્ય મંત્રી બંદી સંજય કુમારે લોકસભામાં માહિતી આપી હતી કે ૨૦૨૧ માં નાગરિકો માટે ઓનલાઇન સાયબર ગુનાઓની જાણ કરવા માટે ૧૯૩૦ નંબરની હેલ્પલાઇન શરૂ કરવામાં આવી હતી,જ્યાં અત્યાર સુધીમાં દેશભરમાંથી ૯.૯ લાખથી વધુ ફરિયાદો મળી હતી. મુંબઈ પોલીસના ડેટા અનુસાર,આમાંની ૭૭,૩૩૧ ફરિયાદો માત્ર મુંબઈમાંથી હતી જે કુલ ફરિયાદોના ૮ ટકા છે, જ્યારે મુંબઈ ભારતની વસ્તીના માત્ર એક ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. ૨૦૨૩ અને ૨૦૨૪ વચ્ચે ગુનાઓ, ગુમાવેલી રકમ વગેરેના આંકડાની સરખામણી આંખો ઉઘાડનારી છે. ૫ સાયબર પોલીસ સ્ટેશનોમાંથી એકત્રિત કરવામાં આવેલ ડેટા અનુસાર (જૂન ૨૦૨૪સુધી) શહેરમાં પાછલા વર્ષની સરખામણીમાં આવેલો આંકડાકીય ઉછાળો ચિંતાજનક છે. ડીસીપી દત્તા નલાવડે, સાયબર ક્રાઈમ, મુંબઈએ માહિતી આપી હતી કે, ૨૦૨૪માં, મુંબઈ પોલીસની ૧૯૩૦ હેલ્પલાઈન ટીમે પીડિતોના ૧૫૦ કરોડ રૂપિયાથી વધુના નાણાં બચાવ્યા હતા. વધુમાં, મુંબઈ પોલીસે ૬,૫૦૦ શંકાસ્પદ મોબાઈલ નંબરોને બ્લોક કર્યા હતા. તેમણે નાગરિકોને સતર્ક રહેવા જણાવ્યું હતું. ■

# નેવીની બસ ખોટકાતા મરીન ડ્રાઇવ પર થયો જબરજસ્ત ટ્રાફિક જામ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં વ્યસ્ત મરીન ડ્રાઈવ વિસ્તારમાં સોમવારે સવારે ભારતીય નૌકાદળની બસની એક બસ ખોટવાઈ જતા ટ્રાફિકની અવરજવર થોડા સમય માટે ધીમી પડી ગઈ હતી, એમ પોલીસે જણાવ્યું હતું. મરીન પ્લાઝા હોટલ પાસે સવારે લગભગ ૯.૩૦ વાગ્યે બસ અટકી પડી હતી. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. થોડી વાર પછી ટ્રાફિક પોલીસના જવાનોએ સવારે ૯.૪૫ વાગ્યે ટોઇંગ વેનની મદદથી બસને રસ્તા પરથી હટાવી દેતા સામાન્ય વાહનોની અવરજવર ફરી શરૂ થઈ હતી એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# લોન અપાવવાને બહાને ૧.૭૪ કરોડની છેતરપિંડી કરાઈઃ નવ જણ સામે ગુનો

થાણેઃ લોન અપાવવામાં મદદ કરવાને બહાને ૧.૭૪ કરોડ રૂપિયા કથિત રીતે પડાવવા બદલ થાણે પોલીસે ફાઈનાન્શિયલ કન્સલ્ટન્ટ ફર્મના માલિક અને બૅન્ક મૅનેજર સહિત નવ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આ પ્રકરણે નવી મુંબઈના કામોઠે ખાતે રહેતા ૪૦ વર્ષના બિલ્ડરે નૌપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીઓએ વ્યવસાય માટે ચાર કરોડ રૂપિયાની લોન અપાવવાની ખાતરી આપી હતી. આ માટે પ્રોસેસિંગ ફી પેટે ૨૪.૪૧ લાખ રૂપિયા પડાવ્યા હતા.

આ જ પદ્ધતિથી આરોપીએ અન્ય કેટલાક લોકોને પણ છેતરી રૂપિયા પડાવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. જોકે છેતરાયેલા લોકોની વિગત છતી કરવાનો નૌપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ ઇનકાર કર્યો હતો.

લોન મેળવવા ઇચ્છુક લોકો પાસેથી ૧.૭૪ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા હોવાનું અત્યાર સુધીની તપાસમાં જણાયું હતું, એમ અધિકારીએ કહ્યું હતું. આ પ્રકરણે ફરિયાદને આધારે નૌપાડા પોલીસે ફાઈનાન્શિયલ કન્સલ્ટન્ટ ફર્મના માલિક, બૅન્ક મૅનેજર અને અન્ય સાત જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪) અને ૩(૫) હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. આ પ્રકરણે વધુ તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# અહો આશ્ચર્યમઃ સીએસએમટીથી મડગાંવ જનારી વંદે ભારત ટ્રેન કલ્યાણ પહોંચી ગઈ, ટ્રેન ૯૦ મિનિટ મોડી પડી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં તાજેતરમાં એક ચોંકાવનારો કિસ્સો જાણવા મળ્યો છે. સીએસએમટીથી ઉપડેલી ગોવા (મડગાંવ) વંદે ભારત ટ્રેન અન્ય રૂટ પર નીકળી ગઈ. ત્યાર બાદ ટ્રેનને રિવર્સ લાવવામાં ટ્રેન મોડી પડવાની સાથે રેલવે પ્રશાસનની ઊંઘ હરામ થઈ ગઈ હતી. મધ્ય રેલવેના સીએસએમટી-મડગાંવ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પોતાના નિર્ધારિત રુટને ભૂલી ગઈ હતી. ટ્રેન મડગાંવ જવાની હતી, પરંતુ દીવા સ્ટેશને ટેક્નિકલ ખામીને કારણે અન્ય રસ્તે નીકળી ગઈ હતી, પરિણામે ટ્રેન લગભગ દોઢ કલાકનો વિલંબ થયો હતો. મુંબઈથી કોંકણ જનારી ટ્રેનો માટે દિવા-પનવેલ રેલવે કોરિડોરમાં પનવેલ સ્ટેશને જવાને બદલે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સવારે ૬.૧૦ વાગ્યાના સુમારે કલ્યાણની દિશામાં આગળ નીકળી ગઈ હતી. આ ઘટનાની જાણ થયા પછી રેલવે અધિકારીઓમાં દોડાદોડી થઈ ગઈ હતી. પ્રવાસીઓમાં ગભરાટ ફેલાવવાના અહેવાલ વચ્ચે મુંબઈ સબર્બનની લોકલ ટ્રેનસેવા પર પણ અસર થઈ હતી.

આ બનાવ અંગે મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે દિવા જંક્શન પર ડાઉન ફાસ્ટ લાઇન અને પાંચમી લાઇનની વચ્ચે પોઇન્ટ નંબર ૧૦૩ પર સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમમાં ટેક્નિકલ ખામીને કારણે આ ઘટના બની હતી. દિવા જંક્શનથી કોંકણ જનારી ટ્રેનો નિયમિત રીતે પનવેલ સ્ટેશને જાય છે. વંદે ભારત ટ્રેન તેના નિર્ધારિત રૂટને બદલે બીજો રૂટે ટ્રેન છેક કલ્યાણ પહોંચી હતી, ત્યારબાદ ટ્રેનને દિવા સ્ટેશન રિટર્ન લાવ્યા હતા, ત્યાર બાદ ટ્રેનને સવારના ૬.૪૫ વાગ્યા સુધી દિવામાં રોકવામાં આવી હતી. ટ્રેનને પાંચમી લાઈનથી ૭.૦૪ વાગ્યાના સુમારે કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર છ પર પહોંચી હતી અને ત્યારબાદ ટ્રેનને ૭.૧૩ વાગ્યે દિવા સ્ટેશન પર પાછી લાવવામાં આવી હતી. ટ્રેનને નિર્ધારિત સ્ટેશને ઉપાડવામાં બીજી ૯૦ મિનિટનો વિલંબ થયો હતો.

રેલવેમાં વધતા અકસ્માતો અને ટેક્નિકલ ખામીના કિસ્સાને કારણે ટ્રેનસેવા પર પણ અસર પડી રહી છે, જે ગંભીર બાબત છે. વાસ્તવમાં જાણીતા ગીત જાના થા જાપાન પહોંચ ગયે ચીન જેવો ઘાટ આજના વંદે ભારત ટ્રેનના કિસ્સાને લાગુ પડે છે, એમ પ્રવાસી સંગઠને જણાવ્યું હતું.

અહીં એ જણાવવાનું કે જૂન ૨૦૨૩માં સીએસએમટી-મડગાંવની વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ કરી હતી. સીએસએમટીથી રોજ ૫.૨૫ વાગ્યે ટ્રેન મડગાંવ માટે રવાના થાય છે, જ્યારે બીજા દિવસે બપોરે ટ્રેન ગોવાના મડગાંવ પહોંચે છે. મુંબઈ સબર્બનમાં ઓટોમેટિક સિગ્નલિંગ પ્રણાલીમાં આ પ્રકારની ઘટના ભાગ્યે જ જોવા મળતી હોય છે, એમ રેલવેના અધિકારીએ દાવો કર્યો હતો. ■

# અશ્વિનના પિતાએ છેલ્લી બે ટેસ્ટની ટિકિટ બુક કરાવી હતી, પણ પછી રદ કરાવી

## પુત્રએ અચાનક નિવૃત્તિ જાહેર કરી દેતાં પિતાએ યોજના બદલી નાખવી પડી



મેલબર્ન/ચેન્નઈ: રવિચન્દ્રન અશ્વિને ગયા અઠવાડિયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિ જાહેર કરી દીધી એનાથી તેના કરોડો ચાહકોની સાથે તેના પરિવારને પણ આંચકો લાગ્યો છે. અશ્વિને ટીમ ઇન્ડિયામાં પણ છેલ્લી ઘડી સુધી પોતાના નિર્ણયનો અણસાર નહોતો આપ્યો. કહેવાય છે કે અશ્વિનના પિતા રવિચન્દ્રને ગુરુવાર, ૨૬મી ડિસેમ્બરે મેલબર્નમાં શરૂ થનારી બોર્ડર-ગાવસકર ટ્રોફીની ચોથી અને પાંચમી ટેસ્ટ માટેની ટિકિટ ખરીદી હતી, પણ તેમના પુત્રએ રિટાયરમેન્ટ લઈ લીધું હોવાથી તેમણે એ ટિકિટ રદ કરાવી દીધી હતી.

પુત્રને મેલબર્નમાં રમવાનો મોકો મળશે એવી આશાએ તેને રમતો જોવા રવિચન્દ્રન મેલબર્ન પહોંચી જવાના હતા ત્યાં ગયા અઠવાડિયે પુત્ર અશ્વિન પોતે જ નિવૃત્તિ જાહેર કર્યા બાદ બીજા દિવસે ચેન્નઈ પાછો આવી ગયો હતો.

એક જાણીતા અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ અશ્વિન ગયા વર્ષે ભારતમાં બોર્ડર-ગાવસકર ટ્રોફી રમાઈ ત્યારે જ નિવૃત્તિ લઈ લેવાનો હતો, પરંતુ આ સ્પિન-લેજન્ડે વધુ એક મોકો લેવાનું નક્કી કર્યું અને આ વખતની ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝ સુધી રાહ જોઈ હતી. પર્થની પ્રથમ ટેસ્ટમાં તેને કે રવીન્દ્ર જાડેજાને નહીં, પણ સ્પિન-ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરને રમવાનો મોકો મળ્યો હતો, જ્યારે ઍડિલેઇડની બીજી ટેસ્ટમાં અશ્વિનને રમવા મળ્યું, પરંતુ તેને ૫૩ રનમાં ફક્ત એક વિકેટ મળી હતી.

બ્રિસ્બેનની ત્રીજી ટેસ્ટમાં જાડેજાને ચાન્સ મળ્યો અને અશ્વિનને લાગ્યું કે હવે આ સિરીઝમાં પોતાને વધુ રમવા મળે એમ નથી એટલે તેણે અચાનક (સિરીઝની અધવચ્ચે) નિવૃત્તિ લઈ લીધી.

અશ્વિનની નજીકના સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ અશ્વિન ઑસ્ટ્રેલિયા જતાં પહેલાં પોતે જ બેમત હતો. એક ક્ષણ તેણે એ પ્રવાસ પહેલાં જ નિવૃત્તિ જાહેર કરવાનું વિચાર્યું હતું, પણ પછી પોતાને વધુ એક મોકો આપવાનો નિર્ણય લીધો અને સાથીઓ જોડે પ્રવાસમાં જોડાઈ ગયો હતો.

અશ્વિને પર્થ માટેની ફ્લાઇટ પકડી એટલે તેના પરિવારજનોને થયું હતું કે તે આખી સિરીઝ રમશે. તેના પિતા રવિચન્દ્રને ફ્લાઇટની ટિકિટ તેમ જ મેલબર્નની ચોથી ટેસ્ટ તેમ જ નવા વર્ષે (૨૦૨૫ની શરૂઆતમાં) સિડનીમાં રમાનારી પાંચમી ટેસ્ટ જોવા માટે ટિકિટ બુક કરાવી લીધી હતી. જોકે ગયા મંગળવારે અશ્વિને ફોન કરીને પરિવારને જણાવ્યું કે બુધવાર, ૧૮મી ડિસેમ્બર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેનો છેલ્લો દિવસ કહેવાશે. આ સાંભળીને રવિચન્દ્રને બુધવારે છેલ્લી બન્ને ટેસ્ટની ટિકિટ કૅન્સલ કરાવી હતી.

અશ્વિન ચેન્નઈ પાછો આવ્યો ત્યાર બાદ તેના પિતા રવિચન્દ્રને મીડિયાને કહ્યું હતું કે તેમના પુત્રનો ટીમમાં માનભંગ થતો હશે એટલે જ તેણે ઓચિંતી નિવૃત્તિ લઈ લીધી હશે. ■

# અશ્વિનના સ્થાને મુંબઈનો તનુશ કોટિયન ટીમ ઈન્ડિયામાં

## યુવાન ઑફ-સ્પિનરે ગઈ કાલે વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈને હૈદરાબાદ સામે જિતાડ્યું



મેલબર્ન: ઑસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસકર ટ્રોફીની બાકીની બે ટેસ્ટ માટેની ટીમમાં નિવૃત્ત ઑફ-સ્પિન ઑલરાઉન્ડર રવિચન્દ્રન અશ્વિનના સ્થાને મુંબઈના ઑફ-સ્પિન ઑલરાઉન્ડર તનુશ કોટિયનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પીટીઆઇના અહેવાલ મુજબ આવનારી બે મૅચમાં કે બેમાંથી એક મૅચમાં ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા કે ઑફ-સ્પિનર વૉશિંગ્ટન સુંદર કોઈ કારણસર નહીં રમી શકે તો તેના સ્થાને ૨૬ વર્ષના કોટિયનને રમવાનો મોકો મળી શકે. કોટિયન તાજેતરમાં જ ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસમાં ઇન્ડિયા ‘એ’ ટીમ વતી રમ્યો હતો.

કોટિયન હાલમાં અમદાવાદમાં વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈ વતી રમી રહ્યો છે. તે મંગળવારે મુંબઈથી રવાના થઈને ૨૬મી ડિસેમ્બરની બૉક્સિંગ-ડે ટેસ્ટ પહેલાં મેલબર્ન પહોંચશે.

ગઈ કાલે હૈદરાબાદ સામેની મૅચમાં કોટિયને મુંબઈ વતી બે વિકેટ લીધી હતી અને અણનમ ૩૯ રન બનાવ્યા હતા અને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યો હતો. મુંબઈએ આ મૅચ ૧૪૮ બૉલ બાકી રાખીને ત્રણ વિકેટે જીતી લીધી હતી.

કોટિયનને મેલબર્નનો સારો અનુભવ થઈ ચૂક્યો છે. ઇન્ડિયા ‘એ’ વતી તેણે આઠમા ક્રમે બૅટિંગ કરીને ૪૪ રન બનાવ્યા હતા.

કોટિયને ૩૩ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૦૧ વિકેટ લીધી છે અને ૧,૫૨૫ રન બનાવ્યા છે. ■

# વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, બરોડાના વિજય



અમદાવાદ: વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં સોમવારે હૈદરાબાદ (૧૬૯/૧૦) સામે મુંબઈ (૨૫.૨ ઓવરમાં ૧૭૫/૭)નો ૧૪૮ બૉલ બાકી રાખીને ત્રણ વિકેટે વિજય થયો હતો. મુંબઈની જીતમાં બોલર્સ અથર્વ અંકોલેકર (૫૫/૪), આયુષ મ્હાત્રે (૧૭/૩) અને ટેસ્ટ ટીમમાં અશ્વિનના સ્થાને સિલેક્ટ થયેલા તનુશ કોટિયન (૩૮/૨) બાદ બૅટિંગમાં કૅપ્ટન શ્રેયસ ઐયર (૪૪ અણનમ), તનુશ કોટિયન (૩૯ અણનમ)ના મુખ્ય યોગદાન હતાં.

અન્ય મૅચોમાં ગુજરાત (૨૮૦/૧૦)ની ટીમે ઓપનર આર્ય દેસાઈ (૧૦૬) તથા ઉમંગ કુમાર (૮૭)ના તેમ જ બોલિંગમાં ખાસ કરીને પ્રિયજીતસિંહજી જાડેજા (૫૦/૪), નાગવાસવાલા (૬૩/૧) અને ચિંતન ગજા (૫૧/૨)ના પર્ફોર્મન્સની મદદથી ઉત્તરાખંડ (૪૯.૪ ઓવરમાં ૨૭૫/૧૦) સામે પાંચ રનથી વિજય મેળવ્યો હતો.

અરુણાચલ પ્રદેશ (૧૩૧/૧૦) સામે સૌરાષ્ટ્ર (૯.૩ ઓવરમાં ૧૩૨/૨)એ આઠ વિકેટે જીત મેળવી હતી.

બરોડા (૪૦૩/૪)ની ટીમે નિનાદ રાઠવા (૧૩૬), કૅપ્ટન કૃણાલ પંડ્યા (૮૦ અણનમ), પાર્થ કોહલી (૭૨) અને વિષ્ણુ સોલંકી (૪૬)ના મુખ્ય યોગદાનોની મદદથી કેરળ (૪૫.૫ ઓવરમાં ૩૪૧/૧૦) સામે ૬૨ રનથી વિજય મેળવ્યો હતો. કેરળના વિકેટકીપર મોહમ્મદ અઝહરુદ્દીન (૧૦૪)ની સદી એળે ગઈ હતી. ■

# શમીને ઑસ્ટ્રેલિયા નહીં મોકલવામાં આવે

નવી દિલ્હી: બીસીસીઆઇએ એક વર્ષ કરતાં વધુ સમયથી અનફિટ હોવાને કારણે ટીમ ઇન્ડિયાની બહાર રાખવામાં આવેલા પેસ બોલર મોહમ્મદ શમીની ફિટનેસ વિશે અત્યંત મહત્ત્વનો અહેવાલ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. શમીના ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસ વિશેનું ભાવિ આ અહેવાલ પરથી સ્પષ્ટ થઈ ગયું છે. થોડા દિવસ પહેલાં બેન્ગલૂરુમાં નૅશનલ ક્રિકેટ ઍકેડેમી ખાતે શમીની ફિટનેસ વિશે ચકાસણી થઈ હતી જેના રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે શમી હજી આંતરરાષ્ટ્રીય માટે પૂરેપૂરો ફિટ નથી. તબીબી ટીમને જાણવા મળ્યું છે કે શમી ઘૂંટણની ઈજામાંથી હજી પૂરેપૂરો મુક્ત નથી થયો. ક્રિકેટ બૉર્ડે એ પણ સ્પષ્ટ કર્યું છે કે શમી બોર્ડર-ગાવસકર ટ્રોફીની બે ટેસ્ટ માટે ઑસ્ટ્રેલિયા નહીં જાય.

શમીના ડાબા ઘૂંટણમાં હજી સોજો છે. ઑસ્ટ્રેલિયામાં તેણે વર્ક-લૉડનો સામનો કરવો પડશે. તેણે લાંબા સમય બાદ ફરી ડોમેસ્ટિક ક્રિકેટ રમવાનું શરૂ કર્યું અને એમાં લાંબા સ્પેલમાં બોલિંગ કરી એટલે તેની ઘૂંટણની ઈજા વકરી ગઈ છે. શમીએ રણજી ટ્રોફીમાં મધ્ય પ્રદેશ સામેની મૅચમાં બેંગાલ વતી રમીને ૪૩ ઓવર બોલિંગ કરી હતી.

શમી રણજી ટ્રોફીની અમુક મૅચોમાં રમ્યા પછી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રમ્યો હતો. ત્યાર પછી તે હવે વિજય હઝારે ટ્રોફીમાં હજી સુધી નથી જોવા મળ્યો. ■

# અશ્વિનની ૧૦૬માંથી એકેય ટેસ્ટ પાકિસ્તાન સામે નહીં, અનોખો વર્લ્ડ રેકૉર્ડ બની ગયો!

## કોહલી-પુજારા પણ સ્પિન-લેજન્ડની ‘ક્લબ’માં જોડાઈ શકે



નવી દિલ્હી: રવિચન્દ્રન અશ્વિન ટેસ્ટ ક્રિકેટના દાયકાઓ જૂના ઇતિહાસનો એવો પહેલો ખેલાડી છે જે ૧૦૦ ટેસ્ટ રમ્યો છે, પરંતુ એમાંથી તે એક પણ ટેસ્ટ પાકિસ્તાન સામે રમ્યા વગર નિવૃત્ત થઈ ગયો છે. ટેસ્ટજગતમાં કુલ મળીને ૭૮ ખેલાડી ૧૦૦ કે વધુ મૅચ રમ્યા છે. અત્યાર સુધીમાં (પાકિસ્તાનના પાંચ ખેલાડીને બાદ કરતા) વિશ્વના એવા ૭૦ ખેલાડી છે જેઓ પાકિસ્તાન સામે એક કે વધુ ટેસ્ટ રમી ચૂક્યા છે. વિરાટ કોહલી અને ચેતેશ્વર પુજારા પણ ૧૦૦ ટેસ્ટ રમી ચૂક્યા છે અને તેઓ બન્ને પણ પાકિસ્તાન સામે ન રમ્યા હોવાથી તેઓ નિવૃત્તિ લેવા સુધીમાં પાકિસ્તાન સામે ટેસ્ટ નહીં રમ્યા હોય તો અશ્વિનની ‘ક્લબ’માં જોડાઈ જશે.

વિશ્વમાં ૭૮ ટેસ્ટ ખેલાડીઓ ૧૦૦ કે વધુ ટેસ્ટ રમ્યા છે. એમાં પાકિસ્તાનના પાંચ પ્લેયર પણ સામેલ છે. તેમને બાદ કરીએ તો બાકીના ૭૩માંથી અશ્વિન એકમાત્ર એવો છે જેણે ૧૦૦ ટેસ્ટ રમવા છતાં પાકિસ્તાન સામે રમ્યા વિના નિવૃત્તિ લઈ લીધી છે. કોહલી-પુજારા પણ તેને અનુસરશે એવી શક્યતા છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ખૂબ વણસી ગયા છે અને ૨૦૨૭ની સાલ સુધીમાં તેઓ એકમેકને ત્યાં પોતાની ટીમને નથી મોકલવાના. એ જોતાં નજીકના ભવિષ્યમાં બન્ને દેશ વચ્ચે દ્વિપક્ષી ટેસ્ટ શ્રેણી રમાવાની કોઈ સંભાવના નથી. કોહલી અને પુજારા જો રિટાયરમેન્ટ સુધીમાં પાકિસ્તાન સામે ટેસ્ટ નહીં રમ્યા હોય તો તેમની ગણના પણ અશ્વિનની જેમ પાકિસ્તાન સામે રમ્યા વિનાના નિવૃત્ત ખેલાડી તરીકે થશે.

અત્યાર સુધીમાં કોહલી ૧૨૧ અને પુજારા ૧૦૩ ટેસ્ટ રમ્યો છે.

ટેસ્ટ-ક્રિકેટનો ઇતિહાસ ૧૪૭ વર્ષ જૂનો છે, પરંતુ પાકિસ્તાન ૧૯૫૨ની સાલથી (૭૨ વર્ષથી) ટેસ્ટ-ક્રિકેટ રમે છે. ભારત સહિત વિશ્વભરના અનેક દેશોના (૧૦૦ કે વધુ ટેસ્ટ રમી ચૂકેલા) કુલ ૭૦ ક્રિકેટર પાકિસ્તાન સામે એક કે વધુ ટેસ્ટ રમ્યા છે. એમાં કરીઅરમાં કુલ ૧૦૦ કે વધુ ટેસ્ટ રમી ચૂકેલા અન્ય ભારતીય ખેલાડીઓમાં સચિન (૨૦૦ ટેસ્ટ), રાહુલ દ્રવિડ (૧૬૪), વીવીએસ લક્ષ્મણ (૧૩૪), અનિલ કુંબલે (૧૩૨), કપિલ દેવ (૧૩૧), સુનીલ ગાવસકર (૧૨૫), દિલીપ વેન્ગસરકર (૧૧૬), સૌરવ ગાંગુલી (૧૧૩), ઇશાંત શર્મા (૧૦૫), સેહવાગ (૧૦૪), હરભજન (૧૦૩)નો સમાવેશ છે. જોકે અશ્વિન, કોહલી અને પુજારા પાકિસ્તાન સામે નથી રમ્યા. એમાં પણ કુંબલેની પાકિસ્તાન સામેની સિદ્ધિ અપ્રતિમ છે. ફેબ્રુઆરી, ૧૯૯૯માં તેણે દિલ્હીમાં પાકિસ્તાન સામેની ટેસ્ટના બીજા દાવમાં તમામ ૧૦ વિકેટ (૨૬.૩-૯-૭૪-૧૦) લીધી હતી.

ઉલ્લેખનીય છે કે ૨૦૦૭ પછી (૧૭ વર્ષથી) ભારત અને પાકિસ્તાન વચ્ચે ટેસ્ટ-મૅચ નથી રમાઈ. અશ્વિને ૨૦૧૧માં ટેસ્ટ-કારકિર્દી શરૂ કરી એ પહેલાં જ ભારત-પાકિસ્તાન વચ્ચેના ક્રિકેટ-સંબંધો બગડવાના શરૂ થઈ ગયા હતા જે હજી નથી સુધર્યા અને પાકિસ્તાન લશ્કર તેમ જ પાકિસ્તાન સરકારની અવળચંડાઈને કારણે આવનારાં ઘણાં વર્ષોમાં સુધરે એવી કોઈ સંભાવના પણ નથી. ■

# મેલબર્નમાં ભારત-ઑસ્ટ્રેલિયાની મીડિયા વૉર હવે હદ વટાવી રહી છે...

મેલબર્ન: પાંચ મૅચની બોર્ડર-ગાવસકર ટ્રોફી ટેસ્ટ સિરીઝ દરમ્યાન ભારત અને ઑસ્ટ્રેલિયાની ટીમ ત્રણ ટેસ્ટ પછી પણ ૧-૧ની બરાબરીમાં છે અને આવનારા દિવસોમાં આ શ્રેણીમાં ક્રિકેટ-યુદ્ધ ચરમસીમાએ પહોંચે એ પહેલા બંને દેશના પત્રકારો વચ્ચેની મીડિયા-વૉર હદ પાર કરી રહી છે.

મેલબર્નમાં ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની ચોથી ટેસ્ટ ગુરુવાર, ૨૬મી ડિસેમ્બરે (બોક્સિંગ-ડેએ) શરૂ થશે.

ગયા અઠવાડિયે મેલબર્ન ઍરપોર્ટ ખાતે ઑસ્ટ્રેલિયાની એક જાણીતી ચેનલની મીડિયા ટીમે કોહલીની પરવાનગી લીધા વગર વિરાટ કોહલી અને તેના બંને બાળકો (વામિકા અને અકાય) સહિત પૂરા પરિવારનો વીડિયો ઉતારવાનું શરૂ કર્યું ત્યારથી ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની મીડિયા-વૉર શરૂ થઈ હતી.

શનિવારે રવીન્દ્ર જાડેજાએ પ્રેસ કૉન્ફરન્સમાં માત્ર હિન્દી ભાષામાં સંબોધન કર્યું અને પત્રકારોના સવાલના જવાબ હિન્દીમાં જ આપ્યા એ સાથે મીડિયા-વૉર ઉગ્ર બની હતી. હકીકતમાં એ પ્રેસ કૉન્ફરન્સ માત્ર ભારતીય મીડિયામેન માટે જ હતી અને એમાં ઑસ્ટ્રેલિયન મીડિયાના પત્રકારો આવી ગયા હતા અને અંગ્રેજીમાં જાડેજાએ જવાબ ન આપ્યા એટલે ગુસ્સે થયા હતા. જાડેજાએ અચાનક જ કૉન્ફરન્સ સમેટી લીધી એટલે મામલો વણસી ગયો હતો. ટીમની બસ આવી ગઈ હોવાથી પત્રકાર પરિષદ વહેલી સમેટી લેવામાં આવી રહી છે એવું જાડેજાએ કહ્યું હોવાનો આક્ષેપ ઑસ્ટ્રેલિયન મીડિયાએ કર્યો હતો. જોકે ભારતે એ આક્ષેપ સાફ શબ્દોમાં નકારી કાઢ્યો હતો.

રવિવારે પેસ બોલર આકાશ દીપે પણ પ્રેસ કૉન્ફરન્સમાં ફક્ત હિન્દીમાં જ જવાબ આપ્યા હતા અને ઑસ્ટ્રેલિયાના પત્રકારો સાથેનો તેનો વાર્તાલાપ અસરદાર નહોતો રહ્યો.

વાસ્તવમાં મેલબર્નમાં ભારતીય મીડિયા માટે જ પત્રકાર પરિષદ રખાતી હોવા છતાં એ સંબંધમાં ઑસ્ટ્રેલિયન મીડિયા ખોટો હોબાળો મચાવે છે.

ગરમાગરમીના આ વાતાવરણમાં રવિવારે ભારતના મીડિયા મૅનેજરે ઑસ્ટ્રેલિયન મીડિયાના અવ્યવહારુ વર્તનને કારણે ભારતીય પત્રકારો અને ઑસ્ટ્રેલિયાના પત્રકારો વચ્ચેની ફ્રેન્ડલી ક્રિકેટ મૅચમાંથી ભારતીય પત્રકારોની ટીમનું નામ પાછું ખેંચી લીધું હતું જેને પગલે એ મૅચ છેવટે રદ કરવામાં આવી હતી. ભારતીય પત્રકારોએ પણ આ મૅચ રમવામાં અનિચ્છા બતાવી હતી. ■

# વિરાટ કોહલીએ બ્લૉક કર્યો એટલે પરેશાન છે સિંગર રાહુલ વૈદ્ય

## ‘ઇન્ડિયન આઇડલ’ની પ્રથમ સીઝનના પ્રતિસ્પર્ધીને હજી સુધી કારણ નથી જાણવા મળ્યું



મુંબઈ: ભારતનો સુપરસ્ટાર બૅટર વિરાટ કોહલી કોઈને કોઈ રીતે ચર્ચામાં રહેતો જ હોય છે. કોઈ મહત્ત્વની ઇનિંગ્સ રમ્યો હોય કે ઝીરો અથવા નીચા સ્કોરમાં આઉટ થઈ ગયો હોય કે કોઈ હરીફ સાથે પંગો લીધો હોય. એવો મેદાન પરનો કોઈ બનાવ હોય કે પછી લંડનની માર્કેટમાં મુક્ત મનથી ફરી રહ્યો હોય એવી ઑફ-ધ-ફીલ્ડ ઘટના બની હોય. કોહલી સતતપણે મીડિયામાં ચમકતો રહે છે. તાજેતરમાં તેનું નામ એક જાણીતા સિંગરે લીધું એટલે કોહલી પાછો ન્યૂઝમાં આવી ગયો.

વાત એવી છે કે કોહલીએ આ સિંગરને ઇન્સ્ટાગ્રામ પર બ્લૉક કરી દીધો છે અને એ પાછળનું કારણ પણ એ સિંગરને જાણમાં નથી.

કોહલી વિશે આવું કહેનાર સિંગર બીજો કોઈ નહીં, પણ એ છે ‘બિગ બૉસ’ ફેમ રાહુલ વૈદ્ય.

રાહુલ વૈદ્યએ કહ્યું છે, ‘વિરાટ કોહલીએ મને ઇન્સ્ટાગ્રામ પર શા માટે બ્લૉક કર્યો છે એની મને જાણ જ નથી. હું હંમેશાં તેની પ્રશંસા કરતો રહ્યો છું. આપણા દેશનો એ સર્વશ્રેષ્ઠ બૅટર છે. કંઈક કારણ તો હશે જ જેની મને આજ સુધી ખબર નથી.’

રાહુલ વૈદ્યનો વીડિયો વાયરલ થઈ ગયો છે અને એ જોયા બાદ રાહુલને જાત જાતની પ્રતિક્રિયા મળે છે.

‘ઇન્ડિયન આઇડલ’ની પ્રથમ સીઝનમાં રાહુલ વૈદ્ય કન્ટેસ્ટન્ટ હતો અને ત્યારે ઘણા લોકોએ તેના અવાજની તુલના સોનુ નિગમ સાથે કરી હતી. રાહુલ એ શૉમાં ત્રીજા નંબરે આવ્યો હતો અને અભિજીત સાવંતે ટ્રોફી જીતી લીધી હતી. ઘણા વર્ષો સુધી જાહેર જીવનમાંથી ગાયબ રાહુલ વૈદ્યએ ‘બિગ બૉસ’ની ૧૪મી સીઝનમાં ભાગ લીધો હતો. રુબીના દિલૈક એ શૉમાં વિજેતા થઈ હતી અને રાહુલ રનર-અપ હતો. ત્યાર પછી તે ઘણા રિયલિટી શૉમાં જોવા મળ્યો છે. ટીવી ઍક્ટ્રેસ દિશા પરમાર સાથેના તેના લગ્ન પણ ખૂબ ચર્ચામાં રહ્યા.

વીડિયોના એક સેક્શનમાં એક સંગીતપ્રેમી-ક્રિકેટપ્રેમીએ લખ્યું છે, ‘કંઈ પણ બોલી રહ્યો છે.’ બીજા એક શખસએ લખ્યું, ‘તું છે કોણ?’

એક ઇન્સ્ટાગ્રામ યુઝરે લખ્યું, ‘કિંગ કોહલી પાસે હાલતુ-ફાલતુ લોકોને બ્લૉક કરવાનો સમય નથી.’ એક યુવાને રાહુલની ક્લાસ લેતાં લખ્યું, ‘ફેમસ થવા કોઈ પણ વ્યક્તિ કોઈનું પણ નામ લઈ લે છે.’ બીજા એક જણે કમેન્ટમાં કહ્યું, ‘ચાલો, વિરાટ કોહલીએ વધુ એક સારું કામ કરી નાખ્યું.’ ■

# કાંબળીના મગજમાં લોહીના ગઠ્ઠા જામી ગયા: ભિવંડીની હૉસ્પિટલમાં જીવનભર મફત સારવાર



મુંબઈ: ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલીની તબિયત ફરી લથડી છે. તબિયત બગડ્યા પછી તેને શનિવારે મોડી રાત્રે થાણે જિલ્લાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

હાલના તબક્કે ડોક્ટરની ટીમ દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે, જ્યારે તમામ જરૂરી ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ અગાઉ સચિનની મુલાકાતને લઈ કાંબલી ચર્ચામાં આવ્યો હતો. તબિયતમાં સુધારા પછી ડિસ્ચાર્જ મળી શકે છે, પરંતુ તેના અંગે સત્તાવાર માહિતી મળી નથી.

વિનોદ કાંબલીને હાર્ટની સાથે સાથે અન્ય પ્રકારની બીમારીમાંથી પસાર થઈ રહ્યો છે. આ અગાઉ પણ તેની તબિયત ખરાબ થઈ હતી. જોકે, કાંબલીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા પૂર્વે સચિન તેંડુલકર સાથેનો એક વીડિયો વાઈરલ થયો હતો, જેમાં સચિનને બેસવા માટે તેણે જણાવ્યું હતું.

થાણે જિલ્લામાં ભિવંડીની આકૃતિ હૉસ્પિટલમાં દાખલ થયેલા કાંબળીની સારવાર કરી રહેલા ડૉ. વિવેક ત્રિવેદીએ કહ્યું છે કે ‘કાંબળીના મગજમાં લોહીના ગઠ્ઠા જામી ગયા છે અને તેની સતત તબીબી ચકાસણી થઈ રહી છે.’ આ હૉસ્પિટલના ઇન્ચાર્જ એસ. સિંહે કાંબળીને આ હૉસ્પિટલમાં જીવનભર મફત સારવાર આપવાનો નિર્ણય લીધો છે.

વિનોદ કાંબલીએ કારકિર્દીમાં ૧૦૪ વન-ડે રમ્યો હતો, જ્યારે આ જ ફોર્મેટમાં બે સદી અને ૧૪ હાફ સેન્ચુરી ફટકારી હતી. કાંબલીએ ૨,૪૭૭ રન બનાવ્યા છે, જ્યારે વન-ડેનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૧૦૬ રન છે. ૧૭ ટેસ્ટ મેચ રમનારા વિનોદ કાંબલીએ ૧,૦૮૪ રન કર્યા છે, જ્યારે તેની ફર્સ્ટ ક્લાસ અને લિસ્ટ-એ કેરિયર પણ શાનદાર રહી હતી. ફર્સ્ટ ક્લાસ મેચમાં ૯,૯૬૫ રન બનાવ્યા છે. ■

# હરમનપ્રીત કૌરનો અફલાતૂન વન-હૅન્ડેડ કૅચ!

વડોદરા: ભારતની મહિલા ક્રિકેટ ટીમે વેસ્ટ ઇન્ડિઝ સામેની નવી મુંબઈ ખાતેની તાજેતરની ટી-૨૦ સિરીઝ ૨-૧થી જીત્યા બાદ વડોદરામાં શ્રેણીની પ્રથમ વન-ડેમાં ૨૧૧ રનના તોતિંગ માર્જિનથી વિજય મેળવીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી જેમાં ખાસ કરીને કૅપ્ટન હરમનપ્રીત કૌરે આ વન-ડેમાં જે કૅચ ઝીલ્યો એની ચારેકોર પ્રશંસા થઈ રહી છે.

રવિવારે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં વેસ્ટ ઇન્ડિઝની ૧૧મી ઓવર પેસ બોલર રેણુકા સિંહ ઠાકુરે કરી હતી. ઓવરના છેલ્લા બૉલમાં કૅરિબિયન બૅટર આલિયા એલીનનો હરમનપ્રીતે અફલાતૂન કૅચ પકડ્યો હતો. રેણુકાના બૉલને એલીન બિગ-શૉટમાં મિડ-ઑન પરથી બાઉન્ડરી લાઇન તરફ મોકલવાની પેરવીમાં હતી, પણ મિડ-ઑન પર ઊભેલી હરમનપ્રીતે ઊંચી છલાંગ લગાવીને એક હાથે શાનદાર કૅચ પકડી લીધો હતો. તેણે ઊંચો જમ્પ મારીને એક હાથે બૉલને પોતાના કબજામાં કરી લીધો હતો. બૉલ ખૂબ ઝડપથી આવ્યો હતો, પણ હરમનપ્રીતે કોઈ ભૂલ નહોતી કરી. તેણે સંભવિત બાઉન્ડરીને કૅચમાં ફેરવી નાખી હતી.

વેસ્ટ ઇન્ડિઝે ૨૬ રનના ટીમ-સ્કોર પર ત્યારે પાંચમી વિકેટ ગુમાવી હતી.

હરમનપ્રીતનો આ કૅચ જોઈને સૌ કોઈ તેના પર આફરીન થયા હતા. હરમનપ્રીત આ પહેલાં પણ કેટલાક શાનદાર કૅચ પકડી ચૂકી છે, પરંતુ આમાં તેણે ઍથ્લીટ જેવી ફિટનેસ બતાવી હતી. પુરુષ ક્રિકેટરોને પણ શરમાવે એવો શાનદાર કૅચ હરમનપ્રીતે પકડ્યો હતો.

હરમનપ્રીત વેસ્ટ ઇન્ડિઝ સામેની ટી-૨૦ સિરીઝની છેલ્લી બે મૅચમાં નહોતી રમી અને આરામ કર્યા બાદ પૂરતી ફિટનેસ સાથે પાછી રમવા આવી હતી.

આ મૅચમાં ભારતે બૅટિંગ મળ્યા પછી સ્મૃતિ મંધાનાના ૯૧ રનની મદદથી ૫૦ ઓવરમાં નવ વિકેટે ૩૧૪ રન બનાવ્યા હતા. કૅરિબિયન સ્પિનર ઝૈદા જેમ્સે ૪૫ રનમાં પાંચ વિકેટ લીધી હતી. વેસ્ટ ઇન્ડિઝની ટીમ ૩૧૫ રનના લક્ષ્યાંક સામે માત્ર ૧૦૩ રનમાં આઉટ થઈ ગઈ હતી અને ભારતે વન-ડેમાં પોતાના સૌથી મોટા ૨૧૧ રનના માર્જિન સાથે જીત હાંસલ કરી હતી.

પેસ બોલર રેણુકા સિંહે ૨૯ રનમાં પાંચ વિકેટ તથા સ્પિનર પ્રિયા મિશ્રાએ બાવીસ રનમાં બે વિકેટ લીધી હતી.

એક કૅલેન્ડર યરમાં વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાનો વિશ્વ વિક્રમ હવે સ્મૃતિ મંધાનાના નામે છે. તેણે ૨૦૨૪ની સાલમાં ૧,૬૦૨ રન કર્યા છે. ■



## સિંધુનાં ઉદયપુરમાં લગ્ન થયાં, આજે હૈદરાબાદમાં રિસેપ્શન

બૅડમિન્ટન-સ્ટાર પી. વી. સિંધુ ગઈ કાલે હૈદરાબાદની પોસિડેક્સ કંપનીના એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર વેન્કટ દત્તા સાથે ઉદયપુરમાં લગ્નગ્રંથિથી જોડાઈ હતી. લક્ઝુરિયસ રિસોર્ટમાં બન્નેના પરિવારજનો અને સૌથી નજીકના સંબંધીઓ તથા મિત્રોની હાજરીમાં લગ્નની વિધિ પાર પાડવામાં આવી હતી. આજે હૈદરાબાદમાં તેમનું રિસેપ્શન રાખવામાં આવ્યું છે જેમાં બન્નેના ક્ષેત્રોના ખાસ લોકોને તેમ જ અન્ય મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે.

# વેલ્યુ બાઈંગઃ પાંચ દિવસની પછડાટ પછી તીવ્ર રિકવરી; સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટ આગળ વધ્યો, નિફ્ટી ૨૩,૭૫૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારોમાં તેજી વચ્ચે સ્તાનિક સ્તરે નીચા મથાળે વેલ્યુ બાઇંગનો ટેકો મળતા, પાંચ દિવસની જોરદાર પછડાટ પછી સોમવારે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં તીવ્ર સુધારો જોવા મળ્યો હતો. આ ઉપરાંત, આઇટીસી, એચડીએફસી બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા બ્લુ-ચિપ શેરોમાં જોરદાર લેવાલીને કારણે પણ બજારને રિકવરીમાં મદદ મળી હતી. પાછલા અઠવાડિયે બે વર્ષમાં સૌથી વધુ સાપ્તાહિક ધોવાણ નોંધાવ્યા પછી, ભારતીય બેન્ચમાર્ક ઇન્ડેક્સે ૨૩ ડિસેમ્બરે રિયલ્ટી, બેન્કિંગ અને મેટલ ક્ષેત્રોની આગેવાની હેઠળ સ્માર્ટ બાઉન્સ બેક કર્યું હતું.

બજાર ઊંચા મથાળે ખૂલ્યું હતું. જોકે, બજારમાં મધ્યસત્ર દરમિયાન પ્રોફિટ બુકિંગ પણ જોવા મળ્યું હતું, પરંતુ એકંદરે સાર્વત્રિક લેવાલીના માહોલ વચ્ચે સુધારો ટકી રહ્યો હતો. બીએસઈનો ૩૦ શેરો ધરાવતો બેન્ચમાર્ક સેન્સેક્સ ૪૯૮.૫૮ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકાના ઉછાળા સાથે ૭૮,૫૪૦.૧૭ પર સેટલ થયો હતો.

દિવસ દરમિયાન તે ૮૭૬.૫૩ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકા વધીને ૭૮,૯૧૮.૧૨ પર પહોંચ્યો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ૧૬૫.૯૫ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા વધીને ૨૩,૭૫૩.૪૫ પર પહોંચ્યો હતો.

નિફ્ટીના શેરોમાં જેએસડબલ્યુ સ્ટીલ, આઈટીસી, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડસઈન્ડ બેંક અને ટ્રેન્ટનો સૌથી વધુ વધનારા શેરોમાં સમાવેશ થયો છે, જ્યારે સૌથી વધુ ઘટનારા શેરોમાં હીરો મોટોકોર્પ, મારુતિ સુઝુકી, નેસ્લે ઈન્ડિયા, એચસીએલ ટેક્નોલોજી અને બજાજ ફિનસર્વનો સમાવેશ થાય છે.

પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સના અગ્રણી ઉત્પાદકોમાંના એક, સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડને કેરળ સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડ દ્વારા પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સના સપ્લાય માટે વિક્રેતા તરીકે સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી છે. કેરળ પાવર સેક્ટરના મુખ્ય બજારોમાંનું એક છે.

અગ્રણી ઓઇલ કંપની મયંક કેટલ ફૂડ લિમિટેડે ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદન પોર્ટફોલિયોના વિસ્તરણ માટે વિવિધ પ્રદેશોમાં ૭૮ પસંદ કરેલ વ્યક્તિઓ અને સંસ્થાઓને સફળતાપૂર્વક ડીલરશીપ અને સબ-ડીલરશીપની તકો ફાળવી છે. કંપની પશુઆહાર સેગમેન્ટમાં નોંધપાત્ર બજારહિસ્સો ધરાવે છે. ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટ અને ઇક્વિપમેન્ટ ઉદ્યોગમાં અગ્રણી કંપનીમાંની એક, પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે ઇલેક્ટ્રિકલ ઉત્પાદન ક્ષેત્રમાં તેની સ્થિતિને મજબૂત કરવા, પીટન ઇલેક્ટ્રિકલ્સ કંપની લિમિટેડમાં પોતાનું શેરહોલ્ડિંગ ૧૫ ટકાથી વધારીને ૬૦ ટકા સુધી લઇ જવા ધારે છે.

મેનકાઇન્ડ ફાર્મા, ૩૬૦ વન ડબલ્યુએએમ, કોરોમંડલ ઇન્ટરનેશનલ, જ્યુપિટર લાઇફ લાઇન હોસ્પિટલ્સ, ઝેન ટેક્નોલોજીસ, પર્લ ગ્લોબલ ઇન્ડસ્ટ્રીઝ સહિત ૨૦૦થી વધુ શેર તેમના બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શ્યા હતા.



સેક્ટરના ધોરણે બેન્ક, એફએમસીજી, મેટલ, ઓઇલ એન્ડ ગેસ, એનર્જી, રિયલ્ટી ૦.૫ ટકાથી એક ટકા સુધી આગળ વધ્યા હતા, જ્યારે મીડિયા ઇન્ડેક્સ ૦.૪ ટકા ઘટ્યો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ નજીવો વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૬ ટકા નીચે સરક્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ ઊંચા સ્તરેથી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું પરંતુ મિડકેપ્સ શેરો ટકી રહેવામાં સફળ રહ્યાં હતાં.

જ્યારે સ્મોલ કેપ્સ શેરોની પીછેહઠ સાથે તેનો ઇન્ડેક્સ રેડ ઝોનમાં સરકી ગયો હતો. બીએસઇના બેન્ચટમાર્કના ત્રીસ બ્લુચિપ શેરોમાંથી, આઇટીસી, ટેક મહિન્દ્રા, એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ડસઇન્ડ બેંક, ટાઇટન, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને આઇસીઆઇસીઆઇ બેંક સૌથી વધુ વધનારા ટોપ ગેઇનર્સ રહ્યા હતા. જ્યારે નવપ્રવેશક ઝોમેટો, મારુતિ, નેસ્લે, એચસીએલ ટેકનો, બજાજ ફિનસર્વ અને ટાટા મોટર્સ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા.

એશિયન બજારોમાં, સિઓલ, ટોકિયો અને હોંગકોંગ પોઝિટિવ ઝોનમાં સ્થિર થયા હતા, જ્યારે શાંઘાઈ એક્સચેન્જનો બેન્ચમાર્ક નેગેટિવ ઝોનમાં સરક્યો હતો. યુરોપિયન બજારો મોટે ભાગે નીચામાં ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટ શુક્રવારે ઊંચા અંત.

પાછલા સપ્તાહના છેલ્લા પાંચ સત્રોમાં, બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૪,૦૯૧.૫૩ પોઈન્ટ અથવા ૪.૯૮ ટકા અને નિફ્ટી ૧,૧૮૦.૮ પોઈન્ટ્સ અથવા ૪.૭૬ ટકા તૂટ્યો હતો. શેરબજારે ચાર સપ્તાહના તમામ સુધારાના ધોવાણ સાથે પાછલા સપ્તાહે બે વર્ષથી વધુ સમયનો સૌથી મોટો સપ્તાહિક ઘટાડો નોંધાવ્યો છે. રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૮.૪૩ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું અને સેન્સેક્સના ત્રીસે ત્રીસ શેર રેડ ઝોનમાં ધકેલાયા હતા. યુએસ ફેડરલ રિઝર્વના ભાવિ રેટ કટની ગતિ અંગે સાવચેતીભર્યા વલણ પછી ગ્લોબલ સેલ ઓફ વચ્ચે સ્થાનિક સ્તરે પણ એફઆઈઆઈની વેચવાલીનું દબાણ તીવ્ર બની જતાં શેરબજારમાં તોફાની ધોવાણનો માહોલ સર્જાયો અને તમામ શેરઆંક રેડ ઝોનમાં ધકેલાઇ ગયા હતા.

આ સપ્તાહે ત્રણ કંપનીના આઇપીઓ આવી રહ્યાં છે. પાછલા સપ્તાહ દરમિયાન નવ કંપની આઇપીઓ મારફત રૂ. ૩,૫૦૦ કરોડ એકત્ર કરવા બજારમાં પ્રવેશી હતી, જેમાં કોન્કોર્ડ એન્વાયરો સિસ્ટમ લિમિટેડ, ટ્રાન્સરેલ લાઈટિંગ લિમિટેડ, ડેમ કેપિટલ એડવાઈસર લિમિટેડ, સનાથન ટેકસટાઇલ લિમિટેડ, સેનોરેસ ફાર્માસ્યુટિકલ્સ, કેરારો ઇન્ડિયા લિમિટેડ તથા વેન્ટિવ હોસ્પિટાલિટી લિમિટેડનો સમાવેશ હતો. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (ત્રઈઈત)એ શુક્રવારે રૂ. ૩,૫૯૭.૮૨ કરોડની ઇક્વિટીઓનું વેચાણ કર્યું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૪ ટકા વધીને ૭૩.૨૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. શુક્રવારે સેન્સેક્સ ૧,૧૭૬.૪૬ પોઈન્ટ અથવા ૧.૪૯ ટકા ઘટીને ૭૮,૦૪૧.૫૯ પર સેટલ થયો હતો. નિફ્ટી ૩૬૪.૨૦ પોઈન્ટ અથવા ૧.૫૨ ટકા ઘટીને ૨૩,૫૮૭.૫૦ પર આવી ગયો હતો.

## ડૉલર સામે રૂપિયો આઠ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે તીવ્ર સુધારો જોવા મળ્યો હોવાથી છતાં આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલરમાં આયાતકારોની માગ, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહેતાં ડૉલર સામે રૂપિયો સુધારો દાખવવામાં નિષ્ફળ રહ્યો હતો અને સત્રના અંતે વધુ આઠ પૈસા ગબડીને ૮૫.૧૨ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ફોરેક્સ ટ્રેડરોનું મંતવ્ય છે કે ફેડરલ રિઝર્વે વર્ષ ૨૦૨૫માં ધીમી ગતિએ વ્યાજદરમાં ઘટાડાના સંકેત આપ્યા હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જળવાઈ રહેતાં રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતાઓ વધુ છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૦૪ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૫.૦૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૧૩ અને ઉપરમાં ૮૫.૦૨ની રેન્જમાં અથડાઈને અંતે આઠ પૈસાના ઘટાડા સાથે ૮૫.૧૨ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો નવ પૈસાના સુધારા સાથે ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફર્યો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં ચીનના ચલણ યુઆન સામે ડૉલર વધુ મજબૂત થવાની સાથે સ્થાનિક સ્તરે ડૉલરમાં વધુ માગ અને ક્રૂડતેલના ભાવમાં વધારો થવાથી રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણને કારણે અમુક અંશે ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્સ શૅરખાનનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આ સિવાય સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો બાહ્ય પ્રવાહ પણ રૂપિયા પર દબાણ લાવી રહ્યો છે. હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૪.૯૦થી ૮૫.૧૫ આસપાસની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૩૮ ટકા વધીને ૧૦૭.૭૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૦૭ ટકા વધી બેરલદીઠ ૭૨.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં ગત શુક્રવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૫૯૭.૮૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ જ રહ્યો હતો. જોકે, આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૯૮.૫૮ પૉઈન્ટનો અને ૧૬૫.૯૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૫૬૭નું અને ચાંદીમાં ₹ ૨૩૫૫નું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં ધીમી ગતિએ કાપ મૂકે તેવાં સંકેતો મળતાં ગત સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ એક તબક્કે ઘટીને એક મહિનાની નીચી સપાટીએ પહોંચ્યા બાદ સપ્તાહના અંતે અમેરિકાના ફુગાવાના ડેટા પ્રોત્સાહક આવતા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે ક્રિસમસના માહોલમાં પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને ફોરવર્ડનાં વેચાણો કપાતા બન્ને કિંમતી ધાતુઓમાં ભાવવધારો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આઠ પૈસા નબળો ક્વૉટ થઈ રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થતાં સ્થાનિક ઝવેરી બજારમાં હાજર ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૬૫થી ૫૬નું અને ચાંદીમાં સ્ટોકિસ્ટો ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે કિલોદીઠ રૂ. ૨૩૫૫નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૩૫૫ના બાઉન્સબૅક



સાથે રૂ. ૮૭,૪૮૮ના મથાળે રહ્યા હતા. જ્યારે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનામાં જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૬૫ વધીને રૂ. ૭૫,૬૪૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૬૭ વધીને રૂ. ૭૫,૯૪૪ના મથાળે રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વે ગત ૧૮ ડિસેમ્બરની બેઠકના અંતે વ્યાજદરમાં અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ વર્ષ ૨૦૨૫માં ધીમી ગતિએ વ્યાજદરમાં કાપ મૂકવાના સંકેત આપતા ગત સપ્તાહે એક તબક્કે સોનાના વૈશ્વિક ભાવ ગત ૧૮ નવેમ્બર પછીની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, ગત સપ્તાહના અંતે અમેરિકાના ફુગાવાના ડેટા પ્રોત્સાહક આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પણ વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળતાં ન્યૂ યોર્ક ખાતે સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે પાંખાં કામકાજો વચ્ચે બન્ને કિંમતી ધાતુઓમાં વેચાણો કપાતા ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૬૨૮.૬૩ ડૉલર અને વાયદામાં ભાવ ૦૧ ટકા ઘટીને ૨૬૪૩.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૨૯.૭૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ૧૭ ડિસેમ્બરના રોજ વેચાણના ઊભા ઓળિયાની સંખ્યા ૧૬,૨૫૧ કોન્ટ્રાક્ટ ઘટીને ૨,૦૩,૯૩૭ની સપાટીએ રહી હતી.

વર્તમાન કૅલૅન્ડર વર્ષનાં આખરી દિવસો પ્રવર્તી રહ્યા હોવાથી હવે બજાર હોલિડે મોડમાં છે અને ગત સપ્તાહના અંતે ફુગાવામાં ધીમી ગતિએ ઘટાડો થઈ રહ્યો હોવાના નિર્દેશે ડૉલર ઈન્ડેક્સ નબળો પડવાથી, વેચાણો કપાવાથી તેમ જ ટેક્નિકલ સપોર્ટ મળતા સોનાના ભાવમાં સુધારો જોવા મળી રહ્યો હોવાનું કેડિયા કૉમૉડિટીઝનાં ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું. વધુમાં ગત સપ્તાહના અંતે સાન ફ્રાન્સિસ્કો ફેડના પ્રમુખ મેરી ડેલેએ અને ફેડરલના અન્ય બે નીતિ ઘડવૈયાઓએ જણાવ્યું હતું કે આગામી વર્ષ ૨૦૨૫માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકશે, પરંતુ કાપ મૂકવામાં સમયગાળો લેશે. સામાન્યપણે ઊંચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારો રોકાણથી દૂર રહેતાં હોય છે.

વધુમાં સ્કોર્પિયન મિનરલ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઑફિસર માઈકલ લેન્ગફોર્ડે જણાવ્યું હતું કે આગામી વર્ષ ૨૦૨૫માં અમેરિકાના નવા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ વેરા અને વેપારની નીતિ કેવી અપનાવે છે અને તેની અર્થતંત્ર પર કેવી અસર પડે છે તેના પર પણ સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવની વધઘટ અવલંબિત રહેશે.

## નિકલ અને ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ અને રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ તેની આગેવાની હેઠળ કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અમુક વેરાઈટીઓ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો અને એક માત્ર લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગ તથા સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટી આવ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૩૪૨ અને રૂ. ૧૦ વધીને રૂ. ૨૫૪૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટો અને વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૬૧, કોપર આર્મિચર અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૬૯ અને રૂ. ૮૧૨ તથા કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૯, રૂ. ૭૭૩, રૂ. ૧૯૩ અને રૂ. ૨૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગ અને છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેક કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૧૮, રૂ. ૫૦૫ અને રૂ. ૨૪૭ના મથાળે ટકેલા રહ્યા હતા.

## વર્તમાન નાણાકીય વર્ષમાં લેધરની નિકાસ ૧૨ ટકા વધવાની શક્યતાઃ સીએલઈ

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષમાં વૈશ્વિક માગને ટેકે દેશમાં લેધર અને ફૂટવેરની નિકાસ ૧૨ ટકા વધીને ૫.૩ અબજ ડૉલર આસપાસ રહે તેવી શક્યતા કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટના ચેરમેન રાજેન્દ્ર કુમાર જાલને જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકા સહિતની ઘણી વૈશ્વિક કંપનીઓએ ભારતમાં એકમ સ્થાપવા માટે ઉત્સુકતા દાખવી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આપણી નિકાસ ૪.૬૯ અબજ ડૉલરની સપાટીએ હતી અને હવે વર્તમાન નાણાકીય વર્ષમાં નિકાસ વધીને ૫.૩ અબજ ડૉલરની સપાટીએ પહોંચવાનો અમે લક્ષ્યાંક રાખી રહ્યા છીએ.

તેમ જ આગામી મહિનાઓ માટેની ઓર્ડરબૂકની સ્થિતિ પણ સારી છે ખાસ કરીને અમેરિકા અને યુકે તરફથી માગ પ્રબળ છે. આ ઉપરાંત ભારતીય નિકાસકારો આફ્રિકા જેવી નવી બજારમાં નિકાસની તકો પણ ખોળી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે માહિતી આપી હતી કે આ શ્રમલક્ષી ક્ષેત્ર છે અને દેશમાં અંદાજે ૪૨ લાખ લોકોને રોજગાર પૂરો પાડે છે. તેમ જ આ ક્ષેત્રનું ટર્નઓવર અંદાજે ૧૯ અબજ ડૉલરનું છે, જેમાં પાંચ અબજ ડૉલરની નિકાસનો સમાવેશ થાય છે. જોકે, આ ક્ષેત્ર વર્ષ ૨૦૩૦ સુધીમાં ૨૫ અબજ ડૉલરનું ટર્નઓવર હાંસલ કરવાની અને ૧૩.૭ અબજ ડૉલરની નિકાસ કરવાની ક્ષમતા ધરાવે છે. વધુમાં તેમણે સરકારને લેધર ક્ષેત્ર માટેની પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ સ્કીમનું વિસ્તરણ કરવાનો અનુરોધ કર્યો છે, જેથી ૪૭ અબજ ડૉલરના ટર્નઓવરનો લક્ષ્યાંક હાંસલ કરી શકાય અને વધુ સાતથી આઠ લાખ લોકોને રોજગાર આપી શકાય. આ સિવાય આગામી અંદાજપત્રમાં તમે કેવી અપેક્ષા રાખી રહ્યા છો એવા પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે જણાવ્યું કે કાઉન્સિલે નાણાં પ્રધાનને વેટ બ્લ્યુ અને ક્રસ્ટ પર હાલ જે ૨૦ ટકા નિકાસ જકાત છે તે દૂર કરવા અંગે વિચારણા કરવા જણાવ્યું છે. તેમ જ ફિનિશ્ડ લેધરની આયાત જકાત પણ દૂર કરવા અનુરોધ કર્યો હોવાનું જાલને ઉમેર્યું હતું.

## વિશ્વ બજારથી વિપરીત આયાતી તેલમાં નરમાઈ

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના માર્ચ તથા એપ્રિલ વાયદામાં અનુક્રમે ૧૧૨ અને ૧૧૩ રિંગિટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં હોવાથી આયાતી આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૨૦ અને રૂ. ૧૦નો અને દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ તથા સરસવના ભાવમાં અનુક્રમે રૂ. ૨૦ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં ઈમામીના રૂ. ૧૩૨૦, રૂચીના રૂ. ૧૩૩૮, ગોલ્ડન એગ્રીના રૂ. ૧૩૩૫ અને કારગિલના રૂ. ૧૩૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસિસ દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા નવેમ્બર મહિનાના સમાનગાળાના ૯,૮૧,૬૮૭ ટન સામે ૮.૩૨ ટકાના ઘટાડા સાથે ૯,૦૦,૦૦૪ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે. આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ અને સરસવના રૂ. ૧૩૬૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં થયાના અહેવાલ હતા. આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧.૨૦ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૩૭૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ભારતમાં જૈવિક ઉત્પાદન રિલિવ રજૂ કરવા આઈઆઈએલનું બાયો પ્રાઈમ સાથે જોડાણ

નવી દિલ્હીઃ ઈન્સેક્ટિસાઈડ્સ ઈન્ડિયા લિ.(આઈઆઈએલ)એ આજે જણાવ્યું હતું કે તેણે પૂનાસ્થિત બાયોપ્રાઈમ એગ્રો સોલ્યુશન્સ સાથે ભારતમાં જેવિક ઉત્પાદન રિલિવ રજૂ કરવા માટે જોડાણ કર્યું છે. રિલિવ એ એક પેટન્ટ થયેલ બાયોલોજિકલ ફોર્મ્યુલેશન છે. જે એક વનસ્પતિનો શુદ્ધ કોન્સન્ટ્રેટ સિવ્ડ અર્ક છે અને તે પાકનું સ્વાસ્થ્ય જાળવવા તેમ જ ઊપજ વધારવામાં મદદ રૂપ થાય છે, એમ કંપનીએ એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે. વધુમાં આઈઆઈએલના મેનેજિંગ ડિરેક્ટર રાજેશ અગરવાલે જણાવ્યું હતું કે આ ઉત્પાદન પાકની ઊપજ વધુ મજબૂત બનાવશે જે આજના સમયની તાતી આવશ્યકતા છે. સાથે સાથે તેના વપરાશથી પર્યાવરણીય જાળવણી પણ થશે. વધુમાં બાયોપ્રાઈમના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર રેણુકા દિવાને જણાવ્યું હતું કે અમારી વ્યૂહાત્મક ભાગીદારીથી સંશોધનોમાં વધારો થશે અને ખેડૂતોને ઓછાં જોખમો સાથે ઊંચી વૅલ્યૂ ધરાવતાં ઉત્પાદનો પૂરાં પાડવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

## મર્યાદિત માગે સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે ખાસ કરીને સ્ટોકિસ્ટોની મર્યાદિત માગ તેમ જ રિટેલ સ્તરે પણ ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી સાધારણ ક્વિન્ટલે રૂ. બેનો ગુણવત્તાલક્ષી સુધારો જોવા મળ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની માગ પણ એકંદરે ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૨૨થી ૩૬૩૨ના મથાળે રહ્યા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા થોડી સારી રહેતાં તેના ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ સુધારા સાથે રૂ. ૩૬૧૨થી ૩૮૦૨ આસપાસ ગુણવત્તાનુસાર રહ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૬૦થી ૩૫૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૩૦થી ૩૬૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



**રાજકોટ માર્કેટ યાર્ડમાં ડુંગળીની મબલક આવક**

રાજકોટ માર્કેટિંગ યાર્ડ ખાતે સોમવારે વહેલી સવારથી જ ખેડૂતો તેમની જણસીઓ લઈને ઊમટી પડ્યા હતા. જેમાં ડુંગળી અને મગફળીની ભરપૂર આવક થતાં માર્કેટિંગ યાર્ડ બહાર ૯૦૦ કરતાં વધુ વાહનનો ખડકલો જોવા મળ્યો હતો. જેમાં ડુંગળીની ૧,૦૦,૦૦૦ કટાની જ્યારે મગફળીની વધુ ૭૫,૦૦૦ ગુણીની આવક નોંધાઈ હતી. યાર્ડ બહાર ૮ કિલોમીટર લાંબી વાહનોની લાઈનો લાગી હતી. યાર્ડના ચેરમૅન સહિતના અગ્રણીની હાજરીમાં વાહનોને યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ગુજરાતની તમામ શાળાઓમાં નો ડિટેન્શન પૉલિસીનું ચુસ્ત પાલન કરાશેઃ શિક્ષણપ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે ‘નો ડિટેન્શન પૉલિસી’ નાબૂદ કરીને લાંબા સમયથી ચાલતી સિસ્ટમમાં ફેરફાર કર્યો છે. હવે ધોરણ ૫ અને ૮ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરવામાં આવશે. અસફળ વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરી પરીક્ષા આપવાનો મોકો મળશે, પરંતુ જો તેઓ ફરી નિષ્ફળ જશે તો તેમને પ્રમોશન આપવામાં આવશે નહીં. શાળા ધોરણ ૮ સુધી કોઈપણ વિદ્યાર્થીને બહાર કાઢશે નહીં. હવે આ પૉલિસીનો પણ ગુજરાતમાં ચુસ્ત પણે અમલ કરવામાં આવશે તેવું રાજ્યકક્ષાના શિક્ષણ પ્રધાન પ્રફૂલ્લ પાનશેરિયાએ જણાવ્યું હતું.

રાજ્ય શિક્ષણપ્રધાન પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા ‘નો ડિટેન્શન પૉલિસી’નાબૂદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, પરંતુ ગુજરાતની તમામ શાળાઓમાં ચુસ્તપણે પાલન થઈ રહ્યું છે. ધોરણ ૫ અને ધોરણ ૮ માં કોઇ વિદ્યાર્થી બે વિષયમાં ૩૫ ટકા કરતા ઓછું પરિણામ મેળવે તો તેને વર્ગ બઢતી રોકવાની જોગવાઇ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.

કોરોના મહામારીના કારણે શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦, વર્ષ-૨૦૨૦-૨૧ અને વર્ષ - ૨૦૨૧-૨૨ માં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. પરંતુ ચાલુ શૈક્ષણિક વર્ષ - ૨૦૨૨-૨૩માં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫ અને ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં અસફળ થશે તો તેમને નાપાસ જાહેર કરવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ધો. ૦૫ અને ધો.૦૮ની વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનાર વિદ્યાર્થીઓ નાપાસ થશે; સાથોસાથ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે, પરંતુ જો વિદ્યાર્થીઓ ફરીથી નાપાસ થશે તો તેમને આગળના વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં. આ નિયમ ગુજરાતની તમામ શાળાઓમાં આ વર્ષથી ચાલુ થઈ ગયો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ અન્વયે આ નિર્ણયના અમલીકરણથી વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતામાં સુધારો તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરવાની તક મળશે. ■

# રાજકોટ માર્કેટ યાર્ડમાં ડુંગળી-મગફળીની અધધધ આવક, વાહનોની ૮ કિમી લાંબી લાઈન લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ માર્કેટ યાર્ડમાં ફરી ડુંગળી અને મગફળીની ઢગલાબંધ આવક શરૂ થઈ છે. યાર્ડ બહાર સોમવારે આઠ કિ.મી લાંબી ૧૪૦૦થી વધુ વાહનોની લાઈનો લાગી હતી. યાર્ડમાં ડુંગળીની અંદાજે ૧થી દોઢ લાખ કટ્ટાની આવક થઈ હતી. સબયાર્ડમાં સોમવારે ડુંગળી ભરેલા અંદાજે ૮૦૦થી વધુ વાહનો લઈને ખેડૂતો આવ્યા હતાય જો કે, ખેડૂતોને જોઈએ તેટલા ડુંગળીના ભાવ ન મળતા નિરાશા જોવા મળી હતી. ખેડૂતોને ૯૦થી ૩૩૦ રૂપિયા એક મણ ડુંગળીનો ભાવ મળ્યો હતો.

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં મગફળી અને ડુંગળી ભરેલા વાહનોની લાઈનો સવારથી ચાલુ થઈ ગઈ હતી. મગફળી ભરેલા અંદાજે ૬૦૦થી વધુ વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ અપાયો હતો.

જેમાં મગફળીની અંદાજે ૬૫ હજારથી ૭૫ હજાર ગૂણીની આવક થઈ હતી. યાર્ડમાં ખેડૂતોને એક મણ જાડી મગફળીનો ભાવ ૮૮૦થી ૧૧૭૦ અને ઝીણી મગફળીનો ભાવ ૯૦૦થી ૧૧૯૦ રૂપિયા મળ્યો હતો.

યાર્ડમાં કપાસનો ભાવ ખેડૂતોને સારો એવો મળી રહ્યો છે. યાર્ડમાં ૫૬૦૦ ક્વિન્ટલ કપાસની આવક થઈ છે. ખેડૂતોને એક મણ કપાસના ૧૩૦૦થી ૧૪૬૮ રૂપિયા ભાવ મળ્યો હતો. તે ઉપરાંત સોયાબીનની ૧૫૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. જેમાં ખેડૂતોને એક મણ સોયાબીનનો ૭૮૧થી ૮૩૦ રૂપિયા ભાવ મળ્યો હતો. ■



**રાજકોટમાં છરીથી હુમલો કરનાર શખસોનો પોલીસે વરઘોડો કાઢ્યો**

ગુજરાતમાં પોલીસ ગુનાખોરી આચરનારા શખસોની સાન ઠેકાણે લાવવા માટે તેમને દોરડાથી બાંધીને જાહેરમાં સરઘસ કાઢી રહી છે. ત્યારે રાજકોટમાં છરીથી હુમલો કરનારા શખસોને પકડીને પોલીસે જાહેરમાં વરઘોડો કાઢ્યો હતો. આરોપીઓએ બે હાથ જોડીને લોકોની માફી માગી હતી. આરોપીઓને જોવા માટે રસ્તા પર લોકોનાં ટોળાં ભેગાં થયાં હતાં. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# જામનગરમાં પીજીવીસીએલ દ્વારા વીજચોરીની વસૂલાત માટે કોર્ટમાં એક કરોડનો દાવો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં પીજીવીસીએલ દ્વારા વીજચોરીની વસૂલાત માટે કોર્ટમાં ૧ કરોડથી વધુ રકમના દાવા કરવામાં આવ્યા હોવાની વિગતો સાંપડી હતી. બે આસામીએ નોટિસ મળ્યા બાદ પણ વીજચોરીનું બીલ નહીં ચૂકવતા વીજ કંપની દ્વારા કાર્યવાહી શરૂ કરાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગરમાં ૨૮ નવેમ્બર ૨૦૨૩ના રોજ વીજ ચેકિંગ દરમ્યાન અલરજા આઈસ ફેક્ટરીની જગ્યામાં હમીદ હુશેનભાઈ વીજ થાંભલા પરથી સીધો પાવર લઈ વીજચોરી કરતા ઝડપાયા હતાં. આથી વીજચોરીનું બીલ હમીદભાઈને મોકલી તેની સામે પોલીસ મથકમાં ફરિયાદ કર્યા બાદ લીગલ નોટિસ ફટકારાઈ હતી. છતાં તેમણે કોઇ રકમ ભરપાઈ ન કરતા પીજીવીસીએલ દ્વારા જામનગરની કોર્ટમાં હમીદભાઈ સામે રૂ.૬૮,૩૨,૩૬૭ની વસૂલાત માટે દાવો કરવામાં આવ્યો હતો.

તે ઉપરાંત ૧૩ એપ્રિલ ૨૦૨૩ના રોજ બેડી મરીન પોલીસ મથકના માર્ગ પર વીનમીલ સામે આવેલા સરકારી ખરાબામાં સુલેમાન ઉમરભાઈ સ્પેશ્યલ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ ચલાવતા હોવાથી તેમણે પીજીવીસીએલનું કોઈ જોડાણ લીધું નહોતું અને સીધો જ પાવર ખેંચીને વીજચોરી કરતા ઝડપાયા હતાં. જેથી સુલેમાન સામે વીજચોરીની ફરિયાદ નોંધાવી વીજકંપનીએ રૂ.૩૮,૭૨,૨૫૨ નું વીજચોરીનું બીલ અને ત્યારબાદ લીગલ નોટીસ ફટકારી હતી. છતાં સુલેમાને વીજચોરીનું બીલ ન ચૂકવતા વીજકંપનીએ સુલેમાન સામે રૂ.૪૭,૧૪,૮૯૯ની વસૂલાતનો દાવો કોર્ટમાં કર્યો હતો. ■

# રાજકોટ કલેક્ટરને ખેડૂતોની રજૂઆતઃ ગૌચરની જમીન પરનું દબાણ દૂર કરો નહીં તો આત્મવિલોપન કરીશું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના જિલ્લા કલેક્ટરને ખીજડિયા ગામના ખેડૂતોએ રજૂઆત કરી હતી કે, ગામમાં અસામાજિક તત્ત્વો દ્વારા ગૌચરની જમીન પર દબાણ કરવામાં આવ્યું છે. જેના કારણે ખીજડિયા અને ગૌરીદડ વચ્ચેનો રસ્તો બંધ થઈ ગયો છે. જો આ ગૌચર પર થયેલુ દબાણ દૂર નહીં કરાય તો ખેડૂતો આત્મવિલોપન કરશે. ગામના ખેડૂતો દ્વારા તાલુકા અને જિલ્લા વિકાસ અધિકારીને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ અધિકારીઓએ ખેડૂતો પાસે પૂરતા કાગળો નહીં હોવાથી દબાણ હટાવવાની પ્રક્રિયા અટકી પડી છે. પરંતુ હવે ગામના સરપંચને સાથે રાખીને ગામના ખેડૂતોએ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી.

ખીજડિયા ગામના ખેડૂતોએ જણાવ્યું હતું કે, અમારા ગામમાં ગૌચરની જમીન પર અસામાજિક તત્વોએ દબાણ કર્યું છે. આ બાબતે તાલુકા અને જિલ્લા વિકાસ અધિકારીને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. હવે જિલ્લા કલેક્ટરને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગૌચર માટે ગ્રામ પંચાયતને નોટિસ આપવાની હોય તે પણ આપેલી છે.

ખેડૂતોએ કહ્યું હતું કે, અમે જ્યારે રજૂઆત કરીએ ત્યારે એવો જવાબ મળ્યો કે, તમારી પાસે અપૂરતા કાગળો છે. તેના હિસાબે દબાણ હટાવવાની કામગીરી અટકાવવામાં આવી છે. અમારી કલેક્ટરને વિનંતી છે કે ખેડૂતો ખૂબ જ મુશ્કેલીમાં છે.ગૌચરની જમીન પરનું દબાણ દૂર કરવામાં આવે અને અમને ન્યાય મળે.ગૌચરની જમીન પરનો બંધ રસ્તો ખુલ્લો કરાવવામાં આવે તે જરૂરી છે. જો આ બાબતમાં નિર્ણય નહીં આવે તો પછી અમે તમામ ખેડૂતો આત્મવિલોપન કરશું. ■

# અમરેલી જિલ્લાના ખાંભા અને વડિયા પંથકમાં સિંહોની ઘૂસણખોરી વધીઃ પશુઓના શિકારથી ખેડૂતોમાં ભય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના રહેણાંક વિસ્તારોમાં સિંહોના આંટાફેરા વધતાં લોકોમાં ફફડાટ ફેલાયો હતો. જિલ્લાના વડિયા પંથકના ખાખરિયા ગામમાં ઘૂસીને પશુઓનું મારણ કરતાં સિંહોથી ખેડૂતોમાં પણ ભય જોવા મળી રહ્યો છે. તે ઉપરાંત ખાંભાના આંબાવાડી વિસ્તારમાં રાતના સમયે ૪ જેટલા સિંહો રહેણાંક મકાનમાં ઘૂસી જતાં મકાન બહાર રહેલા પશુઓનો શિકાર કરવામાં સફળ થયા નહોતા. સિંહથી બચવા માટે પશુઓ ગામમાં દોડી ગયા હોવાનો વીડિયો પણ વાયરલ થયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમરેલી જિલ્લાના વડિયા પંથકના ખાખરિયા ગામમાં સિંહ ગામ અને ખેતરોમાં ઘૂસીને પશુઓનું મારણ કરતા હોવાના બનાવો વધી રહ્યાં છે. જેના કારણે ખેડૂતો રાત્રે ખેડૂતો ખેતરમાં પાણી વાળવા પણ નથી જઈ શકતા. પશુપાલકો પોતાના પશુની રક્ષા કરવાની ચિંતામા રાત્રે ઊંઘી પણ નથી શકતા.ખેડૂતો અને પશુપાલકોએ સરકાર સમક્ષ માગ કરી હતી કે સિંહોને ગામમાં ઘૂસતા રોકવામાં આવે કે પછી તેમને જંગલમાં ખદેડી દેવામાં આવે.

ખાખરિયા ગામમાં રવિવારે બાબુ ગોરસિયાના ખેતરમાં ત્રણ સિંહ ત્રાટક્યા હતાં અને પાંચ પશુમાંથી ૩ પશુનું મારણ કર્યું હતું. આ ઘટના અંગે ખેડૂતોએ વન વિભાગને જાણ કરી હતી.

વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચીને પશુઓના મૃતદેહોનું પંચનામું કર્યુ હતું. બીજી તરફ ખાંભા શહેરમાં આંબાવાડી વિસ્તારમાં રાતના સમયે સિંહો રહેણાક મકાનમાં ઘૂસી ગયા હતા. મકાનની બહાર રહેલા પશુઓ સિંહથી બચવા માટે ગામ તરફ દોડી ગયા હતાં.

સિંહોના વધતા આંટાફેરાથી ગામલોકો અને ખેડૂતોમાં ભય ફેલાયો હતો. સ્થાનિકોએ સિંહોને ગામથી દૂર કરવા અથવા તો જંગલમાં છોડી દેવા માગ કરી હતી.

જૂનાગઢના વિસાવદર તાલુકાના બરડિયા ગામે રાત્રિના સમયે ૧૩ વર્ષની દીકરી પર સિંહણે હુમલો કરતા તેનું મોત થયું હતું. થોડા દિવસો પહેલા નરેડી ગામે એક સિંહણે માલધારી અને વન વિભાગના કર્મી પર હુમલો કરતા બંને ઈજાગ્રસ્ત થયા હતા. ■

# રાજકોટમાં આરટીઓની સઘન ચેકિંગ ડ્રાઈવમાં ૨૮૩ વાહન ઝડપી ૧૧.૫૬ લાખ દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં આરટીઓ દ્વારા ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેમાં નંબર પ્લેટ વિનાના અને નંબર પ્લેટમાં છેડછાડવાળા વાહનો ડિટેઇન કરવામાં આવ્યા હતા. છેલ્લા એક સપ્તાહ દરમ્યાન રાજકોટ જિલ્લા આરટીઓ તંત્ર દ્વારા શહેર જિલ્લાનાં જુદા જુદા માર્ગો પર સઘન ચેકિંગ ડ્રાઇવ હાથ ધરી રવિવારે રાત સુધીમાં ૨૮૩ કેસ દાખલ કરાયા હતા અને ૧૧.૫૬ લાખના દંડની વસૂલાત કરી હતી.

આ અંગે ટ્રાફિક ડીસીપી પૂજા યાદવે જણાવ્યું હતું કે, હવે નંબર પ્લેટ કે લાયસન્સ વિનાનાં વાહનો લઈ નીકળતા લોકો દંડ દઈને છૂટી શકશે નહીં. તેમ જ ૧૮ વર્ષથી નીચેના બાળકો વાહન ચલાવતા ઝડપાય તો વાહન ડિટેઇન કરવામાં આવશે. લોકોને સાવચેતી રાખવા માટે અપીલ પણ પોલીસ દ્વારા કરાઈ હતી. લોકો ઇ-મેમોથી બચવા માટે એક નંબર પ્લેટ કાઢી નાખે છે અથવા નંબર પ્લેટના કોઈ એક આંકડામાં છેડછાડ કરે છે. આવી છેડછાડ બાદ જો અકસ્માત સર્જાય તો આરોપીને ઝડપી લેવો પણ મુશ્કેલ બનતો હોય છે, જેથી ટ્રાફિક ડ્રાઇવમાં આવા લોકો પર ખાસ નજર રાખવામાં આવી હતી.

આ અંગે આરટીઓ અધિકારી કે.એમ.ખપેડનાં જણાવ્યા અનુસાર રાજકોટ આર. ટી.ઓ. કચેરી દ્વારા છેલ્લા એક સપ્તાહ દરમયાન ઘંટેશ્વર વિસ્તાર, કાલાવાડ રોડ તેમજ માલિયાસણ રોડ ઉપર તેમ જ અન્ય વિસ્તારમાં ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં ૨૮૩ વાહનમાં દંડનીય કાર્યવાહી કરવામાં આવેલ હતી.આ દરમિયાન ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ૯૧ મોટરસાઇકલ, ૨ ટ્રેક્ટર, ૨૨ રીક્ષા મળી ૧૧૫ વાહન ડિટેન કરાયા હતા જ્યારે ઝોન-૧ વિસ્તારનાં પોલીસ અધિકારીઓએ ૫૬ મોટરસાઇકલ, ૨ કાર તથા એક રિક્ષા મળી કુલ ૫૯ વાહનો ડિટેઈન કર્યા હતા. તેમ જ ઝોન-૨ વિસ્તારના અધિકારીઓ દ્વારા ૫૯ મોટરસાઇકલ ડિટેઇન કરવામાં આવ્યા હતા. ■

# મુંદરાના ૩.૭૫ કરોડના સોપારી તોડકાંડમાં ૧૪ માસથી વૉન્ટેડ બે પોલીસકર્મીઓનાં આગોતરાં જામીન ફગાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દુબઈથી ઈન્ડસ્ટ્રીયલ સોલ્ટના નામે સોપારીની દાણચોરી કરીને યુક્તિપૂર્વક કચ્છના મુંદરા અદાણી બંદર વાટે ભારતમાં ઘુસાડવામાં આવેલા કરોડોની કિંમતના સોપારીના જથ્થાને જપ્ત કરી, મુંદરાસ્થિત આયાતકારના ગોડાઉન મૅનેજરનું અપહરણ કરીને પોણા ચાર કરોડની ખંડણી માગવાના રાજયભરમાં ચર્ચાસ્પદ બનેલા મુંદરા સોપારી તોડકાંડમાં છેલ્લા ૧૪ માસથી ફરાર બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકના સસ્પેન્ડેડ એએસઆઈ રણવીરસિંહ જગદીશસિંહ ઝાલા અને સસ્પેન્ડેડ હેડ કોન્સ્ટેબલ ભરત આશારિયા ગઢવીએ ધરપકડથી બચવા કરેલી આગોતરાં જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી.

ગત ૧૩ એપ્રિલ ૨૦૨૩ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરજ બજાવતા ચાર પોલીસ કર્મચારીઓ અને બે વચેટિયાએ મુંદરામાં સોપારી તોડકાંડનો આ ગુનો આચર્યો હતો. પ્રાથમિક તપાસ બાદ રેન્જ આઈજી જે.આર.મોથલિયાએ ચારે પોલીસકર્મીઓને ફરજમોકૂફ કરી દીધા હતા. ગત ૧૦-૧૦-૨૦૨૩ના રોજ છ આરોપીઓ વિરુદ્ધ મુંદરા પોલીસ મથકે વિધિવત્ ફોજદારી ફરિયાદ દાખલ કરાઈ હતી.

જોકે, આરોપી પોલીસ કર્મચારીઓ પ્રાથમિક તપાસ શરૂ થતાં જ ફરાર થઈ ગયા હતા. સમયાંતરે વચેટિયા પંકિલ મોહતા, શૈલેન્દ્રસિંહ ઊર્ફે ભાણુભા માધુભા સોઢા, ભચાઉ કોર્ટ સમક્ષ આત્મસમર્પણ કરનારો સસ્પેન્ડેડ એએસઆઇ કિરીટસિંહ બી.ઝાલા અને તેનો ભાણેજ ક્રિપાલ, રાજેન્દ્રસિંહ બી.ઝાલાની ધરપકડ થઈ હતી. રણવીર અને ભરત આજ દિન સુધી નાસતાં ફરતાં હોઈ, તેમને એક વર્ષથી વૉન્ટેડ જાહેર કરેલાં છે તેમ આ ગુનાની તપાસ કરી રહેલા થરાદના ડીવાયએસપી એસ.એમ. વારોતરિયાએ ઉમેર્યું હતું. ■

# ભાવનગરના હાથબ ગામે ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બે નેપાળી યુવાનોનાં મોત



(તસવીર વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગરઃ ભાવનગર નજીક હાથબ ગામે ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માતની ઘટનામાં બે નેપાળી યુવાનોનાં કમકમાટી ભર્યાં મોત નીપજ્યાં હતાં. અકસ્માતની ઘટના બાદ ડમ્પરનો ચાલક ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે ઘોઘા પોલીસે ડમ્પરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ભાવનગર અકસ્માતની આ ઘટના અંગે પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર મૂળ નેપાળના વતની અને કોળિયાક ગામમાં આવેલ મૂળજીભાઈ જેઠવાની કોળિયાક ગામમાં આવેલ સદ્ગુરુ રેસ્ટોરન્ટમાં નોકરી કરતા અને રેસ્ટોરન્ટમાં જ રહેતા સન્ત બહાદુર લોકવીર કામી અને મહેન્દ્ર ધનબહાદુર દમાઈ રવિવારે રાત્રિના ૧૦:૩૦ વાગ્યા આસપાસ તેમના શેઠનું મોટરસાઈકલ લઈને હાથબ ગામમાં પાન મસાલો ખાવા માટે ગયા હતા. તે દરમિયાન લાખણકા રોડ પરથી પૂરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરચાલકે ડમ્પર બાઈક સાથે અથડાવતાં બંને યુવાનોને હાથે, પગે તેમ જ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં બંનેના સ્થળ ઉપર જ કમકમાટી ભર્યાં મોત નીપજ્યાં હતાં.

આ અકસ્માત એટલો ગંભીર હતો કે સન્ત બહાદુરનું શરીર કમરના ભાગેથી અલગ થઈ ગયું હતું અને તેનું માથું પણ છુંદાઈ ગયું હતું. જ્યારે મહેન્દ્ર ધનબહાદુર દમાઈનો એક પગ ફાટી ગયો હતો અને બીજા પગનો પંજો પણ કપાઈ ગયો હતો. અકસ્માતની ઘટના બાદ ડમ્પરનો ચાલક પોતાનું ડમ્પર મૂકી નાસી ગયો હતો. અકસ્માતની આ ઘટના અંગે મૃતક યુવાનોના મામા સચિન બીર બહાદુર બીકાએ ડમ્પરના ચાલક વિરુદ્ધ ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

હાથબ ગામ નજીક અકસ્માતની ઘટનામાં મૃત્યુ પામનાર બંને યુવાનો નેપાળના વતની હોવાનું તેમ જ મૃતક સન્ત બહાદુર લોકવીર કામી છેલ્લા ૨૦ દિવસથી આ હોટલમાં કામ માટે આવ્યા હતા. સંત બહાદુરને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હોવાનું તેમ જ મહેન્દ્ર ધનબહાદુર છેલ્લા બે મહિનાથી આ હોટલમાં કામ કરવા આવ્યો હોવાનું અને સંતાનમાં તેને ચાર વર્ષની પુત્રી હોવાનું મૃતક યુવાનોના મામા સચિન બીર બહાદુર બીકાએ જણાવ્યું હતું. ■

# માધાપરમાં કલરકામ કરતાં વીજશોકથી શ્રમજીવી યુવક અને ભુજમાં હાર્ટ એટેકથી ૩૩ વર્ષના યુવાનનું મોત

ભુજઃ કચ્છમાં બનેલા અપમૃત્યુના વિવિધ બનાવોમાં ત્રણ લોકોના મોત થતાં પંથકમાં ગમગીની પ્રસરી ગઈ હતી. માધાપર ગામમાં કલરકામ દરમ્યાન ૪૧ વર્ષીય શ્રમજીવી યુવાન કાસમ અલીમામદ જુણેજાને લાગેલો વીજશોક તેના માટે જીવલેણ સાબિત થયો હતો. જ્યારે ભુજમાં ગાંધીનગરના ૩૦ વર્ષીય ડ્રાઈવર શૈલેશકુમાર પ્રવીણ મકવાણા અને વાયોરમાં બિહારના ૩૩ વર્ષના યુવક તરુણકુમાર વિજયક્રિષ્ના બેરાના સંભવિત હૃદયરોગના હુમલામાં અકાળે મૃત્યુ થયાં હતાં.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, માધાપરના જૂનાવાસ મેરિયા કોલોનીમાં રહેતા કાસમ જુણેજા ગત રવિવારની બપોરે ગામના આંબલી ચોક વિસ્તારમાં આવેલા એક રહેણાક મકાનમાં કલરકામ કરી રહ્યો હતો ત્યારે વીજળીનો જોરદાર કરંટ લાગતાં હતભાગીનું સારવાર અગાઉ મોત થતાં માધાપર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ, ગાંધીનગરના પેથાપુરથી ડ્રાઈવર તરીકે વરધીમાં ભુજ આવેલા શૈલેશકુમાર મકવાણાને અચાનક છાતીમાં દુઃખાવો ઊપડ્યા બાદ છેલ્લા શ્વાસ લેતાં અત્રેના એ-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દર્જ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

અન્ય ઘટના પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના વાયોરમાં સામે આવી હતી જેમાં આ ગામમાં સ્થિત કમાન્ડો સિક્યોરિટી સર્કલ કંપનીમાં સાઈટ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવનારો મૂળ બિહારનો તરુણકુમાર બેરા પોતાના રૂમમાં સવારના સમયે નિંદ્રાધીન થયા બાદ અચાનક હૃદયરોગનો હુમલો આવતાં તેનું મોત નીપજ્યું હતું. વાયોર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી. ■